વર્ષ ૨૩ અંક ૧, સળંગ અંક ૮૨ જાન્યુઆરી–માર્ચ, ૨૦૧૮

# વિચાર



## છેવાડાનાં લોકો સુધી સરકારી યોજનાઓની પહોંચઃ
## ‘લોકોનો સશક્ત અવાજ’

યૂરોપીય સંઘ

उन्नति
UNNATI

**સંપાદકીય** 3

- જાહેર યોજનાઓની પહોંચમાં સુધાર માટેની વ્યૂહરચનાઓ
  મુખ્ય સંબોધન: 'માંગમાં સર્જન કરવા માટે લોકોના સમૂહને મજબૂત કરવા' 6
- જાહેર સેવાઓ સાતત્યપૂર્ણ રીતે પ્રાપ્ત કરવા માટે સમૂહોને મજબૂત કરવા 10
- 'સેવા' શક્તિ કેન્દ્ર (એસએસકે)નો અનુભવ 14
- ઝારખંડમાં પારદર્શી અને ઉત્તરદાયી વહીવટી વ્યવસ્થા માટેની પહેલ 17
- દેશના પાંચ પછાત જિલ્લાઓમાં માંગના સર્જન માટે ડીપીઓને મજબૂત કરવા 20
- માંગ ઊભી કરવા માટે સમુદાયનું નિર્માણ કરવું 22
- ચર્ચા અને અધ્યક્ષની નોંધ 23
- મહિલા કિસાન સંમેલન 28
- 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' સંદર્ભે ઊજવણી 30

# સંપાદકીય

## જાહેર કાર્યક્રમોની પહોંચમાં સુધારો લાવવા માટે યુવાનોના ડિજિટલ જ્ઞાનમાં વૃદ્ધિ

ભારત જેવા દેશમાં જ્યાં મોટાભાગની વસ્તી ગરીબ છે, ત્યાં સમુદાયો તેમનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે જાહેર યોજનાઓની અસરકારક પ્રાપ્યતા ઉપર ભારે આધાર રાખે છે. છેલ્લા સાત દાયકાઓમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ગરીબી નાબૂદી માટે અને સામાજિક વિકાસ માટે ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય, સામાજિક સુરક્ષા અને આજીવિકાને લગતા માનવ વિકાસના મૂળભૂત સૂચકાંકોને સિદ્ધ કરવા માટે અસંખ્ય જાહેર યોજનાઓ વિકસાવી છે. મોટાભાગની વસ્તીએ ગરીબીના વિષચક્રમાંથી તેમને બહાર નિકાળવામાં મહત્વની ભૂમિકા ભજવે તેવા લાભો અને અધિકારો પ્રાપ્ત કરવા આડે અવરોધોનો સામનો કરવો પડે છે. લાભોની અપ્રાપ્યતા પાછળ રૂપરેખામાં જ રહી ગયેલી ખામી, અમલીકરણ આડેના અંતરાયો, અંદાજપત્રીય ફાળવણી વગેરે સહિતનાં ઘણાં કારણો જવાબદાર હોઈ શકે છે. આ વૈશ્વિક પરિસ્થિતિ છે. 'આઈએલઓ'ના 'વિશ્વ સામાજિક સુરક્ષા અહેવાલ' (વર્લ્ડ સોશ્યલ પ્રોટેક્શન રિપોર્ટ) 2014/15માં જણાવ્યા અનુસાર, ફક્ત 27 ટકા લોકો જ તેમને મળવાપાત્ર જાહેર યોજનાઓ વિશે જાણકારી ધરાવતાં હોય છે. ભારત જેવા દેશમાં આ ટકાવારી અનૌપચારિક સ્ત્રોતોથી અનુમાનિત 10 ટકા જેટલી નીચી હોઈ શકે છે.

અનુભવ સૂચવે છે કે સરેરાશ પાંચ વ્યક્તિઓની સભ્ય સંખ્યા ધરાવતા ગરીબ પરિવારને ગ્રામીણ વિસ્તારમાં ગુજરાન ચલાવવા માટે વર્ષે આશરે રૂપિયા 70,000ની જરૂર પડે છે. જો તે પરિવાર મળવાપાત્ર સરકારી યોજનાઓના લાભો પ્રાપ્ત કરવા માટે સક્ષમ હોય, તો આ રકમ પ્રતિ વર્ષ ઓછામાં ઓછી રૂપિયા બેથી ત્રણ લાખ હોઈ શકે છે. ત્યારે, પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આવી શક્યતાઓ આડે કયા અવરોધો આવે છે? ઘણી વખત, લાભો પ્રાપ્ત કરવાની અને ચોક્કસ યોજના માટેની યોગ્યતા પૂરવાર કરવાની જવાબદારી લાભાર્થીના શિરે રહેતી હોય છે. મર્યાદિત સાક્ષરતા અને ગતિશીલતા ધરાવતા વંચિત વર્ગો ઘર-આંગણે યોજનાનો લાભ મળે, તો જ લેવા માટે તૈયાર થાય છે, તે સિવાય, મોટા ભાગની યોજનાઓનો લાભ મેળવવા આડે તેઓ નિયંત્રણો લાદવામાં આવ્યાં હોવાનું અનુભવે છે. આ ઉપરાંત, લાભાર્થીની સમસ્યા પર ધ્યાન ન અપાતું હોવાની વારંવારની ફરિયાદોના કિસ્સામાં, લાભાર્થી લાભો મેળવવામાં નિઃસહાયતા, અપમાન અને હતોત્સાહની લાગણી અનુભવે છે.

ઈલેક્ટ્રોનિક ગવર્નન્સ (ઈ-ગવર્નન્સ)ની વિભાવના બે દાયકા અગાઉ દેશનાં પસંદગીયુક્ત રાજ્યોમાં રજૂ કરવામાં આવી હતી, જેનો હેતુ જાહેર સેવાઓ પ્રાપ્ત કરવા આડેની અડચણો દૂર કરવા અને છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચવા માટે 'ઈન્ટરનેટ કમ્યુનિકેશન ટેકનોલોજી' (આઈસીટી)નો ઉપયોગ કરવાનો હતો. કેન્દ્ર સરકારે ડિજિટલ ક્ષેત્રે નાગરિકોનું સશક્તિકરણ કરવાના હેતુથી તમામ સેવાઓને સુવિધાયુક્ત, કાર્યક્ષમ અને પારદર્શી રીતે પ્રાપ્ય બનાવીને આ વિચારને બે વર્ષ પહેલાં મોટા પાયે રજૂ કર્યો હતો. કમ્પ્યુટરના ઉપયોગમાં વધારો થવાના સ્વરૂપમાં સહાયક પરિસ્થિતિનું નિર્માણ થયું છે અને તેની સાથે જ જોડાણનો વ્યાપ વધ્યો છે તેમજ અંતરિયાળ વિસ્તારોમાં રહેનારા સમુદાયો સુધીની પહોંચની તકોમાં પણ વધારો થયો છે.

2006માં શરૂ થયેલો કેન્દ્ર સરકારનો 'ધ નેશનલ ઈગવર્નન્સ પ્લાન' (એનઈજીપી) નાગરિકોને તેમના ઘર-આંગણે પોષણક્ષમ અને સાતત્યપૂર્ણ રીતે સરકારી સેવાઓ પૂરી પાડવાનું લક્ષ્ય ધરાવે છે. એનઈજીપી માળખા હેઠળ આ લક્ષ્ય હાંસલ કરવા માટે ગ્રામીણ વિસ્તારોમાં અત્યાર સુધીમાં 99,000 કરતાં વધારે 'સામાન્ય સેવા કેન્દ્રો' (કોમન સર્વિસ સેન્ટર - સીએસસી) સ્થાપવામાં આવ્યાં છે, જે નાગરિકોને સેવાઓ અને તકનીક સુધીની પહોંચ પૂરી પાડે છે તથા નાગરિકોને ખાનગી અને જાહેર સેવાઓની જોગવાઈ માટેની મદદ પૂરી પાડે છે. સીએસસી ગ્રામીણ સ્તરના ઉદ્યોગ સાહસિકો (વિલેજ લેવલ આંત્રપ્રિન્યોર્સ - વીએલઈ) દ્વારા ચલાવવામાં આવે છે. આ માટે જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) મોડલ પસંદ કરવામાં આવે છે. આ કેન્દ્રોની કામગીરી પર નજર રાખવા માટે, તેમને સહાય પૂરી પાડવા માટે અને વીએલઈ નાગરિકોને યોગ્ય રીતે સેવા પૂરી પાડી શકે તે માટે તેમનું ક્ષમતા વર્ધન કરવા માટે સીએસસી ઈ-ગવર્નન્સ સર્વિસિઝ ઈન્ડિયા લિમિટેડ તરીકે ઓળખાતું સ્પેશ્યલ પર્પઝ વ્હીકલ (એસપીવી) પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે.

દેશના મોટાભાગનાં રાજ્યોમાં, સામાન્યપણે ગ્રામ પંચાયતોના પરિસરની અંદર કોમન સર્વિસ સેન્ટર (સીએસસી) સ્થાપવામાં આવ્યાં છે અને તેઓ આસપાસનાં છથી સાત ગામોને સેવા પૂરી પાડે છે. તેઓ જુદી-જુદી સંચાલન વ્યવસ્થા ધરાવે છે અને તે જુદા-જુદા નામે પણ ઓળખાય છે. જેમ કે, ઝારખંડમાં આ કેન્દ્રોને 'પ્રજ્ઞા કેન્દ્ર' કહેવામાં આવે છે, તો રાજસ્થાનમાં તે 'અટલ સેવા કેન્દ્ર' તરીકે ઓળખાય છે અને 'ઇ-મિત્ર' તરીકે ઓળખાતા ગ્રામીણ ઉદ્યોગ સાહસિકો તેનું સંચાલન કરે છે. સમુદાય ઓનલાઇન ટ્રાવેલ ટિકિટ, નાણાંકીય ઉત્પાદનો, જ્ઞાતિનું પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર, રહેઠાણનું પ્રમાણપત્ર, જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર વગેરે જેવી મૂળભૂત સેવાઓ મેળવી શકે છે.

સીએસસી ગ્રામ પંચાયત કક્ષાએ માહિતી કેન્દ્રો અને હેલ્પ ડેસ્ક તરીકેની સેવા પૂરી પાડે છે અને તેના દ્વારા સમુદાય યોજનાઓની સ્થિતિ વિશે જાણકારી મેળવવા માટે સક્ષમ બને છે. તેના કારણે લાભાર્થીઓને એક ટેબલથી બીજા ટેબલના ચક્કર લગાવવાની અને તાલુકાથી જિલ્લા સ્તરે ધક્કા ખાવાની જહેમતમાંથી છૂટકારો મળ્યો છે. સામાન્ય સેવા કેન્દ્રોની અસરકારકતા કેન્દ્ર અથવા રાજ્યની તેમના દ્વારા ઓનલાઇન વ્યવહાર ઉપલબ્ધ કરવામાં આવ્યો હોય તેવી સેવાઓ કે યોજનાઓ માટે હકારાત્મક જોવા મળે છે. આ મામલે જુદા-જુદા રાજ્યોમાં ભિન્ન-ભિન્ન સ્થિતિ પ્રવર્તે છે. લાભાર્થીઓને આવરી લેવાની દ્રષ્ટિએ મળતી સફળતા નાગરિકોને પૂરી પાડવામાં આવતી સેવાની ગુણવત્તામાં રૂપાંતરિત નથી થતી. સામાન્ય સેવા કેન્દ્રો આવક ઊભી કરવા માટે ઉપયોગિતા (યુટિલિટી સર્વિસિઝ) સેવાઓ પર નિર્ભર રહે છે. માહિતી, ઓનલાઇન અરજી, ભરવામાં આવેલી અરજીઓની સ્થિતિ વિશે જાણકારી, ફરિયાદ નોંધાવવી, કેન્દ્ર કે રાજ્ય સરકારની ઘણી કલ્યાણકારી યોજનાઓને લગતી ફરિયાદ નિવારણની સ્થિતિ, આરોગ્ય અને ખેતી સંબંધિત માહિતી, વગેરે જેવા નાગરિક વ્યવહારો માટે મૂલ્ય વર્ધિત વહીવટના અભાવે ગ્રામીણ સ્તરના કમ્પ્યુટર આંત્રપ્રિન્યોર્સે તેમનો નફો વધારવા માટે અન્ય વિકલ્પોનો આશરો લેવો પડે છે. સામાન્ય સેવા કેન્દ્રોને વધુ વિશ્વસનીય અને વધુ સુયોગ્ય બનાવવા માટે આ કેન્દ્રો થકી નાગરિક સેવાઓ માટે મૂલ્ય વર્ધિત વહીવટ પૂરો પાડવા માટે પગલાં ભરવાં જરૂરી છે. રાજસ્થાન સરકારે સામાન્ય સેવા કેન્દ્રોના સ્તરે ઘણી યોજનાઓ પ્રાપ્ય બનાવી છે. બીજી તરફ, ઘણાં રાજ્યોમાં, સામાન્ય સેવા કેન્દ્રો યોજનાઓને લગતી ઓનલાઇન સેવા પૂરી પાડવા માટેની સક્ષમતા સાથેની પૂરતી સજ્જતા કે સ્રોતો નથી ધરાવતી. સામાન્ય સેવા કેન્દ્રોને નાગરિકો માટે અસરકારક અને અર્થપૂર્ણ બનાવવા માટે પૂરી સમજૂતીની સુવિધા સાથે સેવાના માપદંડોની બાંહેધરી આપવામાં આવે તે જરૂરી છે.

અનુભવ સૂચવે છે કે 'રાજસ્થાન સંપર્ક' અને 'પીજી પોર્ટલ' જેવાં ઓનલાઇન પોર્ટલ્સે નાગરિકોને જટિલ અને પડતર કેસો માટે તેમની ફરિયાદો દાખલ કરવા માટે સક્ષમ બનાવ્યા છે. ફરિયાદીઓનાં નામ અજ્ઞાત રાખવામાં આવતાં હોવાથી અને ઘણા કેસોમાં ફરિયાદોનું નિવારણ થયું હોવાથી લોકોમાં વહીવટી તંત્ર પ્રત્યેનો વિશ્વાસ પુનઃપ્રસ્થાપિત થયો છે.

શહેરી અને ગ્રામીણ નાગરિકો, ગરીબ અને ધનિક નાગરિકો તથા સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ઇન્ટરનેટની પહોંચના મામલે રહેલી અસમાનતાને ધ્યાનમાં રાખતાં અને સાથે જ સ્માર્ટ ફોનના વધી રહેલા વ્યાપને ધ્યાનમાં રાખતાં ઘણાં રાજ્યોએ નાગરિક સેવાઓ/વ્યવહારોને વધુ સુલભ બનાવવા માટે તથા નાગરિકો અરજીઓની સ્થિતિની જાણકારી મેળવી શકે તે માટે મોબાઇલ એપ્સ શરૂ કરી છે, જેને પ્લેસ્ટોરમાંથી સરળતાથી ડાઉનલોડ કરી શકાય છે. રાજસ્થાનમાં આ એપ 'રાજસ્થાન એપ્લિકેશન સ્ટેટસ' અથવા 'એપસ્ટેટસ' તરીકે અને બિહારમાં આ જ એપ 'ઈ-લાભાર્થી' તરીકે ઓળખાય છે.

જોકે, તેનો અર્થ એ નથી કે રૂબરૂ ફરિયાદ નિવારણની કામગીરીની ઉપેક્ષા કરવામાં આવશે. રાજસ્થાનમાં રાત્રિ ચોપાલ કે જન-સુનવાઈ જેવી રૂબરૂ ફરિયાદ નિવારણની કામગીરી ઉત્તરદાયિત્વને મજબૂત કરવા માટેની ઘણી સુસંગત, મહત્વપૂર્ણ અને શક્તિશાળી વ્યવસ્થા છે. રાજસ્થાન સુગ્રથિત ફરિયાદ નિવારણ વ્યવસ્થા ધરાવે છે, જેમાં નાગરિકો નિર્દિષ્ટ વેબ પોર્ટલ પર કે ટોલ ફ્રી ટેલિફોન નંબર પર તેમની ફરિયાદો નોંધાવે, તે સિવાય, સમયાંતરે યોજાતી જન-સુનવાઈ (સુનાવણીના અધિકારના અધિનિયમ, 2012ની જોગવાઈ)માં કે કોઈ પણ સરકારી અધિકારી સમક્ષ રૂબરૂ સુપરત કરવામાં આવેલી કોઈ પણ ફરિયાદ દાખલ કરવામાં છે અને ત્યાર બાદ રાજસ્થાન સંપર્ક થકી તેના પર દેખરેખ રાખવામાં આવે છે તેમજ નિરાકરણ ન આવે ત્યાં સુધી તેને ગંભીરતાથી લેવામાં આવે છે. ફરિયાદોનું બહેતર નિવારણ સુનિશ્ચિત કરવા માટે 'ગેરન્ટીડ ડિલિવરી ઓફ પબ્લિક સર્વિસિઝ એક્ટ, 2011' જેવા પ્રગતિશીલ કાયદાઓ અને 'રાઇટ ટુ હિયરિંગ એક્ટ, 2012'નો લાભ લઈ શકાય છે. એમજીનરેગા, 2005 સાથે સંકળાયેલી સામાજિક તપાસણીની વ્યવસ્થા પણ લાભાર્થીની વિગતો અને ખરાઈ ઓનલાઇન ઉપલબ્ધ કરાવવાના વિકલ્પની સાથે-સાથે ફરિયાદ નિવારણ માટેની પણ રાષ્ટ્રવ્યાપી વ્યવસ્થા છે.

ઘણાં નાગરિક સમાજ સંગઠનોએ લાભાર્થીઓને જાહેર સેવાઓનો લાભ લેવા માટેની પ્રેરણા પૂરી પાડવા માટે એપ્લિકેશન્સ વિકસાવી છે. વેલ્થંગરહિલ્ફે 'મોબાઇલ ફોર મધર્સ' નામની મોબાઇલ એપ્લિકેશન વિકસાવી છે જે ઝારખંડમાં આશા કાર્યકરોને ગર્ભવતી મહિલાઓની સલામત પ્રસૂતિ ન થાય ત્યાં સુધી તેમના આરોગ્યની વિગતોની નોંધ રાખવામાં મદદરૂપ થાય છે અને હવે રાજ્ય સરકાર દ્વારા આ એપને વિસ્તારવામાં આવી છે. 'નંદ એન્ડ જીત ખેમકા ફાઉન્ડેશને' 'સ્વાસ્થ્ય સ્લેટ' નામનું મોબાઇલ ટેબ્લેટ વિકસાવ્યું છે, જે આરોગ્ય કાર્યકરો (એએનએમ અને આશા કાર્યકરો)ને બિમારીઓ અટકાવવા, કાળજી લેવા માટે અને તપાસ માટે નિદાનાત્મક પરીક્ષણો (ડાયગ્નોસ્ટિક ટેસ્ટ) હાથ ધરવા માટે સક્ષમ બનાવે છે. અમલીકરણના બે વર્ષ બાદ માલૂમ પડ્યું હતું કે, પ્રોજેક્ટ હેઠળની પંચાયતોમાં આરોગ્યના જોખમને કારણે માતા મૃત્યુનો એક પણ કેસ નોંધાયો નહોતો.

તાજેતરમાં રાજસ્થાનમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારોના યુવાનોમાં ઇ-લર્નિંગને વેગ આપવા ગુણવત્તાયુક્ત સેવાઓ જ્ઞાન દર્પણ સાધનોની પ્રાપ્યતા માટે ગ્રામ પંચાયત સ્તરે સંપૂર્ણ સેવા પૂરી પાડતાં ટચ સ્ક્રીન કિઓસ્ક સોલ્યુશન્સ તરીકે ઈ-મિત્ર પ્લસ સર્વિસ શરૂ કરવામાં આવી હતી. અરજીકર્તાઓ/ફરિયાદીઓ કે યોજનાના લાભાર્થીઓ ગ્રામ્ય સ્તરના આંત્રપ્રિન્યોરની મદદ વિના પોતાની મેળે જ નજીવી ફી ચૂકવીને તેમના વ્યવહારો સંપન્ન કરી શકે તે માટે ઈ-મિત્ર પ્લસ સેવા શરૂ કરવામાં આવી છે. જોકે, ગ્રામીણ વપરાશકર્તાઓમાં ઈ-લિટરસી (ઇ-સાક્ષરતા)નું વર્તમાન સ્તર જોતાં, પ્રત્યેક કિઓસ્કમાં બે ઈ-સખી વિકસાવવાનો નિર્ણય લેવાયો છે, જેમને 'ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ફર્મેશન ટેકનોલોજી' દ્વારા તાલીમ પૂરી પાડવામાં આવશે અને તેઓ વપરાશકર્તાઓને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં મદદ પૂરી પાડશે. તેમની પાછળના ખર્ચ તથા અન્ય વિગતોની ગોઠવણ અંગે નિર્ણય લેવાનો હજી બાકી છે. આવી પહેલ ભંડોળના અન્યત્ર વપરાશ વિના જાહેર સેવાઓ ઝડપથી પૂરી પાડવા માટે ઉપયોગી નીવડશે.

સાતત્યપૂર્ણ વિકાસનાં લક્ષ્યો, ખાસ કરીને ગરીબી નાબૂદી, ખાદ્ય સુરક્ષા અને બહેતર પોષણ, તંદુરસ્ત જીવન સુનિશ્ચિત કરવા માટેનાં અને તમામ વયનાં તમામ લોકોની સુખાકારીને વેગ આપવા માટેનાં, સમાવેશક અને સમાનતાપૂર્ણ ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટેનાં, તમામ વયનાં લોકો માટે શિક્ષણની તકોને વેગ આપવા માટેનાં, જાતિગત (લિંગ આધારિત) સમાનતા હાંસલ કરવા માટેના અને તમામ છોકરીઓ અને મહિલાઓનું સશક્તિકરણ કરવા સંબંધિત તમામ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે તમામ રાજ્ય સરકારો જાહેર સેવાઓ ઝડપથી પૂરી પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટેની નવતર વ્યવસ્થાઓ અમલમાં મૂકે અને આ ક્ષેત્રે સઘન પ્રયાસો હાથ ધરે તે અનિવાર્ય છે. આ પહેલની સાથે-સાથે મહિલાઓ, ગરીબો, ઓછી સાક્ષરતા ધરાવતી વ્યક્તિઓ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પર ધ્યાન આપવું જરૂરી છે અને સમુદાય આ સ્વ-સહાય કેન્દ્રો સુધી પહોંચવામાં સક્ષમ બને તે માટે યુવાનોમાં ઈ-લિટરસી (ઈ-સાક્ષરતા)નું પ્રમાણ વધારવું જરૂરી છે.

# જાહેર યોજનાઓની પહોંચમાં સુધાર માટેની વ્યૂહરચનાઓ

'યુરોપિયન યુનિયન' (ઇયુ)ના સહયોગથી કાર્યરત 'જાહેર યોજનાઓ/કાર્યક્રમોની માહિતીની પહોચમાં સુધાર' અંગેના કાર્યક્રમ અંતર્ગત ત્રીજી ઓગસ્ટ, 2017ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલી કાર્યશાળાના અહેવાલનો અંશ અહીં રજૂ કરવામાં આવ્યો છે. આ કાર્યશાળા માત્ર સહયોગી સંસ્થાઓ દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતીઓ પૂરતી મર્યાદિત ન રહેતાં જાહેર કાર્યક્રમોને છેવાડાના વિસ્તાર સુધી અસરકારક રીતે પહોંચાડવા માટેની વ્યૂહરચનાઓ કેવી રીતે તૈયાર કરવી તેની સમજૂતી મેળવવા માટે તેનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યશાળામાં મુખ્યત્વે ત્રણ વિષયોને આવરી લેવામાં આવ્યા હતાઃ

**૧. માંગનું સર્જન કરવા માટે લોક સમૂહોને મજબૂત કરવા.**
**૨. ઉત્તરદાયિત્વના સંદર્ભમાં સમુદાયની સહભાગીતા**
**૩. જાહેર યોજનાઓની ઉપલબ્ધતામાં નવતર ફેરફારો.**

કાર્યશાળામાં રજૂ કરવામાં આવેલાં કુલ 13 નોંધપત્રો પૈકીનાં 8 નોંધપત્રોમાં 'યુરોપિયન યુનિયન (ઇયુ)'ના સહયોગથી કાર્યરત પ્રોજેક્ટના અનુભવોને આવરી લેવામાં આવ્યા હતા. જ્યારે, અન્ય ભાગીદાર સ્વૈચ્છિક સંસ્થાઓનાં પાંચ નોંધપત્રો સમાન વિષયને લગતાં હતાં. આ કાર્યશાળામાં 78 સહભાગીઓ હતાં, જેમાં મુખ્ય વક્તા પ્રોફેસર ઘનશ્યામ શાહ, વિષયના અધ્યક્ષસ્થાને પ્રોફેસર નવદીપ માથુર, શ્રી અચ્યુત દાસ તથા ડો. તારા નાયર, 14 યુરોપિયન યુનિયન સહયોગી પ્રોજેક્ટના 11 પ્રતિનિધિઓ તથા સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

'વિચાર'ના આ અંકમાં કાર્યશાળાના પ્રથમ સત્ર દરમિયાન રજૂ થયેલા વૈચારિક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે, જેમાં માંગનું સર્જન કરવા માટે લોકોનાં સમૂહોને મજબૂત કરવાની ચર્ચા કરવામાં આવી છે. અન્ય બે સત્રોને 'વિચાર'ના આગામી અંકમાં આવરી લેવામાં આવશે.

અમને ખાતરી છે કે ચર્ચાના આધારે તૈયાર કરવામાં આવેલા પત્રો અને નોંધો જાહેર કાર્યક્રમોને અસરકારક રીતે છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવા માટેની અમલીકરણની વ્યૂહરચનાઓ ઘડવામાં અને તેમાં સુધારા કરવામાં ઉપયોગી નીવડશે. આ કાર્યશાળામાં આવરી લેવાયેલા વિષયોના દસ્તાવેજીકરણ અને રજૂઆતની કામગીરી સુશ્રી ગીતા શર્મા તથા સુશ્રી સૂનેત્રા દેશપાંડેએ સંભાળી હતી.

## મુખ્ય સંબોધનઃ
## માંગમાં સર્જન કરવા માટે લોકોના સમૂહને મજબૂત કરવા



પ્રો. ઘનશ્યામ શાહે આ કાર્યશાળામાં સહભાગી થવા બદલ અને ખાસ કરીને એ જાણીને ખુશી વ્યક્ત કરી હતી કે, 'યુરોપિયન યુનિયન (ઈયુ)' પ્રોજેક્ટના સહભાગીઓએ જાહેર કાર્યક્રમોની પહોંચમાં સુધારો કરવા માટે પ્રશંસનીય કામગીરી કરી છે તેમજ છેવાડાના ગરીબ અને વંચિત રહી ગયેલા લોકો સુધી યોજનાઓ પહોંચી શકે તે માટે પ્રયત્નશીલ છે.

સૌપ્રથમ તો એ સમજૂતી મેળવીએ કે, આપણા મતે, જાહેર સુરક્ષા એટલે શું અને તે શા માટે મહત્વપૂર્ણ છે? સુરક્ષા એ ફક્ત ખાદ્યાન્ન સુરક્ષા પૂરતી મર્યાદિત નથી. તે જીવન જીવવા માટેની અલ્પતમ જરૂરિયાત છે. અસ્તિત્વ ટકાવી રાખવા માટે આરોગ્ય સુરક્ષા પણ જરૂરી છે. આજે ફક્ત ગરીબો જ નહીં પરંતુ મધ્યમ વર્ગના અને ઉચ્ચ મધ્યમવર્ગનાં લોકો સુદ્ધાં અસલામતીની ભાવના અનુભવે છે. જન્મથી વૃદ્ધાવસ્થા સુધી આપણે ચોક્કસ પ્રકારની સલામતીની અપેક્ષા રાખીએ છીએ. જ્યારે આપણે કામ કરવાની શરૂઆત કરીએ અને આપણને માલૂમ પડે કે તે કામ હંગામી ધોરણે અને કરાર આધારિત છે, ત્યારે આપણે અસલામતી અનુભવીએ છીએ. તેની અસર આપણાં કામ અને આપણાં વ્યક્તિત્વ પર પડે છે. અસલામતી અને અચોક્કસ પરિસ્થિતિમાં આપણે પીછેહઠનો સામનો કરીએ છીએ. 'પીછેહઠ' એ આદિકાળથી જોવા મળતી એક અવસ્થા છે, જે સમાજમાં તણાવની

સ્થિતિ ઉત્પન્ન કરે છે અને તેનાથી હિંસામાં ઉત્તરોત્તર વધારો થાય છે. આ એક અલગ પ્રકારની હિંસા છે. જો આપણે આત્મ નિરીક્ષણ કરીએ, તો ખ્યાલ આવશે કે જે પ્રકારના સમાજનું આપણે નિર્માણ કરીએ છીએ તેમાં ડાર્વિનના સામાજિકવાદની છબિ જોવા મળે છે, જેમાં જેની પાસે રૂપિયા અને સત્તા હોય, તેનું અસ્તિત્વ ટકી રહે છે, જ્યારે બાકીનાએ પીછેહઠનો સામનો કરવો પડે છે.

જો આપણે માનતાં હોઈએ કે સુરક્ષા મહત્વની છે, તો આપણે સ્વયંને પૂછવાની જરૂર છે કે, 'નાગરિક સમાજના કાર્યકર્તા તરીકે આપણો અભિગમ કેવો હોવો જોઈએ? માહિતીની ઉપલબ્ધતા એટલે શું અને તે શા માટે જરૂરી છે?' જો આપણે આ અંગે સ્પષ્ટ હોઈએ, તો આપણી વ્યૂહરચના પણ સુસ્પષ્ટ બને છે. માહિતીની ઉપલબ્ધતાને પોતાના અધિકારની રજૂઆત કરવા માટેના આત્મવિશ્વાસ સાથે, સામૂહિક કાર્યવાહીને વધારવા અને મજબૂત કરવા સાથે સીધો સંબંધ છે. આ વર્ગખંડમાં આપવામાં આવતી માહિતી નથી, કે જેને વિદ્યાર્થીઓ ગોખીને મોઢે કરે અને પછી ભૂલી જાય. આજે દરેક ગામમાં યોજનાઓ વિશેની માહિતી મેળવી શકાય છે, તેમ છતાં લોકોની ઉદાસીનતાને કારણે તે યોજનાઓ ઉપલબ્ધ હોતી નથી. આપણે યોજનાઓની પર્યાપ્ત માહિતી મેળવીને તેનું સરળીકરણ કરીને લોકો સુધી પહોંચાડીએ, જેથી તેમનું સશક્તિકરણ થાય તે મહત્વપૂર્ણ છે. સાથે જ, લોકોને જાણકારી પ્રાપ્ત થાય અને એ તેમના માટે છે તેવી તેમને અનુભૂતિ થાય તે પણ જરૂરી છે. આપણે સ્વયંને એ પૂછવાની જરૂર છે કે, 'કયા પ્રકારની માહિતી ફેલાવવાની જરૂર છે અને આપણે કેવી રીતે લોકોને સાંકળી શકીએ, જેથી તેમના હક્કો માટેની તેમની માંગ વધી શકે? માંગનો ઉદ્દેશ્ય ફક્ત યોજનાઓના વિસ્તરણ પૂરતો મર્યાદિત ન રહેતાં, લોકો યોજનાઓની જવાબદારી અને વહીવટ સંભાળી રહેલા તંત્ર સમક્ષ પોતાના પ્રશ્નોની રજૂઆત કરવા સક્ષમ બને - તેવો છે.

આપણે સ્વયંને એ પણ પૂછવાની જરૂર છે કે, 'લોકોને આપણે કઈ દ્રષ્ટિએ જોઈએ છીએ? લાભાર્થી તરીકે કે બહોળા પરિપ્રેક્ષ્યમાં નાગરિક તરીકે અથવા સહભાગી તરીકે?' યોજનાઓ કોઈ 'માલિક કે સર્વેસર્વા' દ્વારા આપવામાં નથી આવતી. નાગરિક તરીકે યોજનાઓ એ લોકોનો અધિકાર છે. સરકાર દ્વારા જે કાર્ય કરવામાં આવે છે, તે કોઈ ઉપકાર નથી, બલ્કે પ્રજાતંત્ર માટે સારા વહીવટીતંત્રની એક જવાબદારી છે.

જ્યારે આ બાબતો સ્પષ્ટ થઈ જાય, ત્યારે માગ તથા ઉપલબ્ધતા અંગેનો આપણો દ્રષ્ટિકોણ અને તેને મેળવવા માટેનો અભિગમ વિભિન્ન પ્રકારનો થાય છે. આ પ્રકારનો દ્રષ્ટિકોણ અપનાવવા માટે અઢળક પ્રયત્નો કરવા પડે તેવું બની શકે છે. સમુદાય સાથે તેમનાં સાંસ્કૃતિક ધોરણો અનુસાર વાત કરવી પડશે અને કલ્પનાશીલ રહેવું પડશે. એક વખત આ પ્રકારનો પ્રયાસ કર્યા પછી બીજી વાર ફરીથી તેની જરૂરિયાત ઊભી થતી નથી. લોકો સ્વયં આ કામગીરી હાથ ધરશે. યોજનાઓમાં વૃદ્ધિ થશે અને લોકોની માગ ઉદ્ભવશે. જ્યારે લોકો તેમની જરૂરિયાતો અંગે માગણી કરતા થાય, ત્યારે એક ચોક્કસ પ્રકારનું દબાણ જૂથ ઊભું થાય છે. વહીવટકર્તા ભલે કોઈ પણ રાજકીય પક્ષ સાથે સંબંધ ધરાવતા હોય, પણ તેમણે ફક્ત ચૂંટણી પૂરતું જ નહીં, બલ્કે પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે પણ પ્રજા માટે સંતોષકારક કામગીરી કરવી પડશે.

ઘણી યોજનાઓ સમાજના દબાણને પગલે શરૂ કરવામાં આવી હોવાનાં ઉદાહરણો પણ મોજૂદ છે. તમામ પ્રારંભિક જમીન સુધારણાઓ લોકો દ્વારા ઊભા કરવામાં આવેલા દબાણનું પરિણામ છે. જો મહિલાઓ, દલિતો કે આદિવાસી સમુદાયોએ તેમના અધિકારો માટે અવાજ ન ઊઠાવ્યો હોત, તો લિંગ કે જ્ઞાતિને લગતા તમામ ભેદભાવો અંગેના કાયદાઓ પસાર ન થયા હોત.આથી, લોકો શાસકોને એવી ફરજ પાડે કે તેઓ તેમની સાથે નાગરિક તરીકેનો વ્યવહાર કરે, તેમને સહભાગી બનાવે અને તેમના અધિકાર તરીકે યોજનાનો લાભ પૂરો પાડે તે જરૂરી છે.

ત્રીજું કે, 'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના', 'ચિરંજીવી યોજના' કે 'પેન્શન યોજના' વગેરે જેવી યોજનાઓ ભારતીય બંધારણે તેના નાગરિકોને આપેલા વ્યાપક વચનનો એક ભાગ છે. ચળવળકાર તરીકે જો આપણે આરોગ્ય સેવાઓ માટે કામ કરતાં હોઈએ, તો આપણે આપણી કામગીરી એક કે બે યોજનાઓ પૂરતી જ સીમિત ન રાખી શકીએ. એ સિવાયની અન્ય યોજનાઓ તરફ ધ્યાન આપવું પણ જરૂરી છે, કારણ કે આપણે એ સમજવાની જરૂર છે કે આરોગ્યલક્ષી યોજનાઓ નાગરિકોનો આરોગ્યનો અધિકાર છે. બહોળા પરિપ્રેક્ષ્યમાં વ્યક્તિગત અધિકારોના સંદર્ભમાં આ અધિકારોને જુદા પાડી શકાય નહીં. તે જ રીતે, જો આપણે શિક્ષણના અધિકાર માટે કામ કરતાં હોઈએ, તો જાહેર શાળાઓના ઘેટ્ટોઆઇઝેશનનું વધી રહેલું પ્રમાણ, શિક્ષકોની અછત અથવા તો ખાનગી શાળાઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ માટે 25 ટકા અનામતની જોગવાઈના અમલનો અભાવ વગેરે જેવા પ્રશ્નો પર ધ્યાન આપવું પડશે. આપણે સરકાર ઉપર દબાણ ઊભું કરવામાં નિષ્ફળ નીવડ્યા હોવાથી આવા પ્રશ્નો ઉદ્ભવ્યા છે. ભારતીય બંધારણમાં સર્વસામાન્ય શાળાની હિમાયત કરવામાં આવી છે, પરંતુ આપણે સમયાંતરે તે ભૂલી ચૂક્યાં છીએ. ઊલ્ટું, જુદી દિશા તરફ પ્રયાણ કરી આપણે ખાનગી શાળામાં પ્રવેશ ન મેળવી શકનારાં બાળકોને 25 ટકા અનામત આપીને સંતોષ માની લીધો છે. કેટલાંક ચોક્કસ કારણોસર આપણી દ્રષ્ટિમાં મર્યાદા આવી ગઈ છે, પરંતુ

જ્યારે આપણે ગ્રામીણ વિસ્તારમાં તથા લોકો માટે કામ કરતાં હોઈએ, ત્યારે જોડાણ પ્રસ્થાપિત કરીને સર્વાંગી દ્રષ્ટિકોણ વિકસાવવો જરૂરી છે.

માહિતીની ઉપલબ્ધતા સહિયારી ભાગીદારીના સંદર્ભમાં વિકસિત થાય તે જરૂરી છે. જો પ્રોજેક્ટના અનુભવથી ચોક્કસ વ્યૂહરચના ઘડવામાં આવે, તો સાચી દિશા તરફ જઈ શકાય. તે મહત્વનો રૂપાંતરણલક્ષી વિકાસ ન હોય તો પણ, તે સંતોષજનક પરિણામ હશે અને પ્રોજેક્ટનો અમલ જવાબદારીની ભાવના સાથે થાય છે. પ્રો. શાહે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, સૌપ્રથમ આપણે સ્વયંને સંવેદનશીલ બનાવીએ અને ત્યાર બાદ આપણાં સહકાર્યકરોને પણ સંવેદનશીલ કરીએ. આપણાં કાર્યને ફક્ત પ્રોજેક્ટ પૂરતું જ સીમિત ન રાખતાં તેનાથી આગળ દ્રષ્ટિપાત કરીશું, તો ઘણાં સારાં પરિણામો હાંસલ કરી શકીશું.

## ચર્ચા

1. કાર્યક્રમો સુધીની પહોંચ ન ધરાવવાને કારણે અરક્ષિતતાની લાગણી અનુભવતાં લોકોની નિઃસહાયતા પ્રત્યે આપણે સંવેદનશીલ થવું જોઈએ. અંતરિયાળ ગામની ગરીબ વ્યક્તિની લાચારી વિશે જાણ થયા બાદ તે પ્રત્યે સંવેદનશીલ થયા પછી જ આપણે આ ક્ષેત્રે કામગીરી કરી શકીએ.
2. માહિતીની ઉપલબ્ધતાને સામૂહિક પગલાં સાથે સાંકળવી જરૂરી છે. માહિતીની પહોંચ એ કેવળ એક માધ્યમ છે, જે લોકોને મજબૂત થવા તરફ, સશક્તિકરણ તરફ દોરતી હોવી જોઈએ.
3. આપણે નાગરિકોના અધિકારોનું નિર્માણ કરવું પડશે, કારણ કે લોકો હવે લાભાર્થી નથી. જાહેર કાર્યક્રમો શાસનકર્તાઓની અનુકંપા કે સહાનુભૂતિના કારણે નહીં, પરંતુ નાગરિક સમાજ અને લોક-ચળવળોને કારણે ઊભા થયેલા દબાણને પગલે આકાર પામ્યા છે.
4. મત બેન્કના રાજકીય પરિમાણનું અસ્તિત્વ ન હોય, તો જાહેર યોજનાઓ ઉપલબ્ધ થતી નથી. જે યોજના થકી વધુ મતો પ્રાપ્ત થતા હોય, તે યોજનાને રાજકીય વ્યવસ્થા દ્વારા અને પછીથી અમલદારશાહી દ્વારા વધુ મહત્વ આપવામાં આવશે. જો આ જૂથો રાજકીય ક્ષેત્રે પ્રવેશ નહીં કરે, તો સામૂહિક કાર્યવાહી મર્યાદિત થઈ જાય છે. આથી, નાગરિક સમાજ તરીકે આપણી ભૂમિકા વાસ્તવિક જીવનમાં ચર્ચાને વેગ આપવાની છે, જેથી સામાન્ય લોકો (નાગરિકો)ને પણ પ્રશ્નો ઉદ્ભવે અને તેઓ સામાજિક તપાસણી તથા ઉત્તરદાયિત્વના પ્રશ્નો તરફ ધ્યાન આપતાં થાય. (અચ્યુત દાસ, અગ્રગામી)
5. વર્તમાન સમયમાં સીએસઓ તેમના સતત ઘટતા સ્થાનને કારણે અસુરક્ષિતતા અનુભવે છે. આ પ્રકારની મંત્રણા કે કાર્યશાળા એક્તા અને સહકારનું વાતાવરણ સર્જવામાં તથા સીએસઓ તરીકે આપણે નાગરિક જીવન ક્ષેત્રે ચોક્કસ સ્થાન કેવી રીતે ઊભું કરી શકીએ તે પ્રતિબિંબિત કરવામાં ઉપયોગી નીવડે છે. સ્થાનિક સ્તરે કામ કરનારાં લોકો એ જાણે છે કે માગ અને પુરવઠા વચ્ચે ઘણો મોટો તફાવત પ્રવર્તે છે, જે લોકોને અસંગઠિત કરે છે. માગનું પ્રમાણ 100 છે, તેની સામે પુરવઠાનું પ્રમાણ ફક્ત પાંચ છે. જ્યાં સુધી ભંડોળની ફાળવણી ન કરવામાં આવે, ત્યાં સુધઈ નાગરિકોના સ્થાનને અકબંધ રાખવું એક પડકાર બની રહેશે. (સુકાંત સરકાર, પ્રદાન)
6. સમાજના બહોળા વર્ગે એ સમજવું જરૂરી છે કે યોજનાઓ કોઈ દાન કે ધર્માદો નથી. તે નાગરિકોનો અધિકાર છે. સમાજનો એક વર્ગ એવો છે કે જેને આ યોજનાઓ થકી જ મદદ પૂરી પાડી શકાય તેમ છે. એક અભ્યાસ અનુસાર, ગ્રામીણ વિસ્તારોનો 8-10 ટકા ગરીબ વર્ગ અતિ પછાત અને વંચિતતાની સ્થિતિમાં જીવન ગુજારી રહ્યો છે.
   હાલમાં, સરકારી ક્ષેત્રે તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં સામાજિક ઉદ્યોગ સાહસિકતાને વેગ આપવાનો પ્રવાહ જોવા મળે છે. વંચિત લોકોએ વય, કાર્ય સ્થઇતિ, શીખવાની ક્ષમતા વગેરે જેવા અવરોધોનો સામનો કરવો પડતો હોવાથી તેઓ તાલીમ મેળવી શકતાં નથી. (રાજેશ ભટ્ટ, સ્વપથ ટ્રસ્ટ)
7. વર્તમાન સમયમાં રાજકીય સ્વરૂપ ધરાવતી એક ચોક્કસ પ્રકારની સ્થિતિ પ્રવર્તે છે. હક્કો આધારિત કાયદાઓનું સમગ્ર ચક્ર પ્રવર્તતું હતું. કાયદાના પુસ્તકમાં સમાવિષ્ટ કાયદાઓ થકી ઘણા મળવાપાત્ર લાભો કે અધિકારો પ્રાપ્ત કરવાની જરૂર છે. જોકે, રાજકીય વ્યવસ્થા તેનાથી તદ્દન વિરૂદ્ધ છે અને આ તમામ નીતિઓ બજાર યંત્રણા મુજબ કાર્યરત હોય તેમ જણાય છે. લોકોનું નાગરિકો તરીકે સશક્તિકરણ કરવામાં આવ્યું અને તેમને જણાવવામાં આવ્યું કે આ તેમનો અધિકાર છે. પરંતુ, અધિકાર પ્રાપ્ત કરવામાં સત્તા સંઘર્ષ થતો હોવાથી તે માટેની મદદ મળી રહે તે જરૂરી છે. આ ભૂમિકા સ્વૈચ્છિક સંસ્થાઓએ અથવા તો રાજકીય પક્ષોએ કે ગામનાં સંગઠનોએ ભજવી. જોકે, તેનું કોઈ નક્કર પરિણામ પ્રાપ્ત થયું નહીં. આજે જે પણ સ્થિતિ આકાર લઈ રહી છે, તે હકારાત્મક પરિણામ ઉપજાવવા માટેના પ્રયાસોથી તદ્દન વિપરિત છે. જો તમે રાજકીય પક્ષો સાથે આ અંગે ચર્ચા કરવાનો પ્રયત્ન કરશો, તો તેઓ તેમાં રસ નહીં દાખવે. જો તમે સ્વૈચ્છિક સંસ્થા સાથે આ મુદ્દે વાત કરશો, તો ત્યાં પણ ખાસ પ્રોત્સાહક પ્રતિસાદ નહીં સાંપડે, કારણ કે, ઘણાં લોકો તેમનું પોતાનું જ અસ્તિત્વ ટકાવી રાખવા બાબતે ચિંતિત હોય છે અને તેઓ રાજકીય ગતિવિધિમાં ગણના પામતી પ્રવૃત્તિઓમાં

સામેલ થવા નથી ઈચ્છતા. આ સ્થિતિમાં, જેમની કામગીરીનો આ મહત્વનો ભાગ હોય, તેવી વ્યક્તિઓ માટે આ એક પડકાર છે, કારણ કે જ્યાં સુધી સામૂહિક કાર્યવાહી હાથ નહીં ધરાય, ત્યાં સુધી જાહેર સેવા પૂરી પાડી શકાશે નહીં. તાલીમ કાર્યક્રમોમાં આવનારાં લોકો તથા સ્વ-સહાય જૂથોનાં લોકો ગરીબ વર્ગમાંથી આવે છે અને તેઓ યોજનાઓનો લાભ મેળવતાં હોય છે. આવાં જૂથો એવું કેવી રીતે સુનિશ્ચિત કરી શકે કે, લોકો સંગઠન માટે જોખમી બન્યા વિના મંચ પ્રાપ્ત કરી શકે (જે અત્યંત જરૂરી છે)? જો સંગઠનો જોખમ અનુભવી રહ્યાં હોય, તો તેઓ આ કામગીરીમાં સામેલ થશે નહીં. વાસ્તવમાં તે કાનૂની માળખા અને બંધારણીય માળખાનો ભાગ છે. ઉદાહરણરૂપે, સામાજિક તપાસણી એ કાયદાનો એક ભાગ છે, છતાં જો તમે સાચા અર્થમાં સામાજિક તપાસણીમાં ભાગ લો, તો અસંખ્ય તીવ્ર પ્રતિક્રિયાઓનો સામનો કરવો પડે છે. આ સંજોગોમાં એ પ્રશ્ન અકબંધ રહે છે કે, આવાં સંગઠનો માટે નકારાત્મક સ્થિતિ ન સર્જાય તે માટે સંસ્થાઓનું નિર્માણ કેવી રીતે કરવું? (નિખિલ ડે, એનસીપીઆરઆઇ અને એમકેએસએસ)

8. રોજિંદા ધોરણે લોકોનું અસ્તિત્વ ટકી રહે તે માટે તેમની સામૂહિક શક્તિનું નિર્માણ કરવા ઘણી બધી ચર્ચા, સંવાદ તથા કામગીરી હાથ ધરવામાં આવે છે. ચર્ચવામાં આવેલી વ્યૂહરચનાઓ લોકોની શક્તિનું નિર્માણ કરવા ઉપર ભાર મૂકે છે, પરંતુ તેની સાથે જ, જાહેર કાર્યક્રમો અને યોજનાઓ સુધીની પહોંચ સામેની જટિલતાઓ ઘટાડવા ક્ષેત્રે કામગીરી કરવા માટે નીતિ ઘડનારાઓ અને કાયદા ઘડનારાઓમાં વિશ્વાસનો સંચાર કરવા માટે વિચારણા કરવી પણ આવશ્યક છે. (નીતા હાર્ડિકર, આનંદી)

## પ્રોફેસર ઘનશ્યામ શાહની અંત્ય નોંધ

પ્રોફેસર શાહે નોંધ્યું હતું કે અહીં રજૂ કરવામાં આવેલા તમામ પ્રશ્નો અને ટિપ્પણીઓ પરસ્પર જોડાયેલાં છે. અચ્યુત અને નિખિલની ટિપ્પણીઓના સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે તમામ બાબતો કાં તો રાજકારણ સાથે સંકળાયેલી છે અથવા તેના વિશે છે. સ્વૈચ્છિક સંસ્થાઓએ 'પ્રોજેક્ટ'ના દ્રષ્ટિકોણમાંથી બહાર નીકળીને આગળ વિચારવાની જરૂરિયાતનો તેમણે પુનરોચ્ચાર કર્યો હતો. પ્રોજેક્ટને લગતાં તમામ પાસાંઓનો નિર્ણય ભંડોળ પૂરું પાડતી સંસ્થા દ્વારા લેવાય છે. લોકો શા માટે સશક્ત નથી અથવા તો શા માટે પૂરતાં સશક્ત નથી તે અંગે આત્મમંથન કરીને તેના જવાબો શોધવાની જરૂર છે. લોકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે અને તે વિષય પર મુક્ત ચર્ચાનો અભાવ વર્તાય છે. તેમણે સ્વૈચ્છિક સંસ્થાઓએ રાજકારણને હાંસિયામાં ધકેલી દીધું હોવાનો મત વ્યક્ત કર્યો હતો. રાજકારણ રાજકીય પક્ષો સંદર્ભે નથી. તમામ કાર્યક્રમો રાજકીય છે. નાગરિકોના હક્કોની વાત કરવામાં આવે, તે રાજકીય બાબત છે. ખાદ્ય સુરક્ષાના પ્રશ્ને સર્વોચ્ચ અદાલતમાં લડત ચાલી રહી છે અને આ અંગે ઘણા લેખો પણ લખાઈ ચૂક્યા છે. જો એક જૂથ ફક્ત ખાદ્ય સુરક્ષા ક્ષેત્રે કામગીરી કરે અને બીજું જૂથ પંચાયતી રાજ ક્ષેત્રે કાર્યરત હોય, તો તેમની વચ્ચે કોઈ આંતર જોડાણ રહેશે નહીં. સૌએ 'દુકાનો' ઊભી કરી છે. માહિતીના અધિકાર અંગે ઘણી લંબાણપૂર્વકની ચર્ચા થાય છે અને હવે આ મુદ્દો મંદ થઈ ચૂક્યો છે. કેટલાંક લોકો તેના વિશે લખે છે અને ચર્ચા કરે છે. આપણે બે જ્ઞાતિઓમાં વહેંચાયેલાં છીએ. રાષ્ટ્રીય સ્તરે નિખિલ ડે, અરૂણા રોય અને હર્ષ મંદેર જેવી વ્યક્તિઓ છે, જેમને પ્રોફેસર રોય 'બ્રાહ્મણ' તરીકે ઓળખાવે છે - (સમાજ પ્રત્યેની તેમની ચિંતાના) તેમના તર્કનું રૂપાંતરણ નથી થતું, કારણ કે અમલકર્તાઓ પ્રોજેક્ટના આધારે કામ કરે છે. પ્રોજેક્ટ ચોક્કસ વર્ષોની સમય-મર્યાદામાં પૂરો કરવાનો રહે છે, તેનો અહેવાલ સુપરત કરવાનો રહે છે.

પ્રોફેસર શાહે સહભાગીઓની પ્રતિક્રિયા માંગતાં પૂછ્યું કે, 'શું (એનજીઓ વર્તુળમાં) એક જૂથ તરીકે આપણે કરૂણા અને અધિકારો વચ્ચેના તફાવતની ચર્ચા કરી છે?' તેમણે ઉમેર્યું હતું કે સ્વૈચ્છિક સંસ્થાઓમાં નાગરિકત્વ અને નાગરિકોના હક્કો અંગે જે સમજ વિકસી છે, તે તેમની દરખાસ્તોમાં રૂપાંતરિત થઈ છે. તેની શરૂઆત અને અંત ત્યાં જ આવે છે. આ સામાન્ય પ્રવાહ જણાય છે, તેમ છતાં તેમાં અપવાદો રહેલા છે. આપણે સશક્તિકરણનો શું અર્થ કરીએ છીએ, તે બાબતે સ્પષ્ટતા વિકસાવવાની જરૂર છે. સાથે જ તેનું યથાર્થ રૂપાંતરણ કરીને તેનાં વિવિધ પાસાંઓ સમજવાની જરૂર છે. વક્તા રાજકારણ વિશે (રાજકીય પક્ષોના સંદર્ભમાં રાજકારણ નહીં) વાત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. જ્યાં સુધી આવી ચર્ચાઓ નહીં થાય, ત્યાં સુધી પ્રોજેક્ટ પદ્ધતિથી કામ કરવાનું વલણ યથાવત્ રહેશે. નિરાશાની ભાષામાંથી બહાર આવીને બુદ્ધિગમ્ય રીતે વિચારવું જરૂરી છે અને તે માટે સ્વયંની આલોચના કરવાની અને સ્પષ્ટતા કેળવવાની જરૂર છે. ■

# જાહેર સેવાઓ સાતત્યપૂર્ણ રીતે પ્રાપ્ત કરવા માટે સમૂહોને મજબૂત કરવા

- સુકાન્ત સરકાર[1] અને શૈલેન્દ્ર કુમાર સિંઘ[2], PRADAN[3]




સુકાન્ત સરકારે ‘PRADAN’ની વિચારધારા અને તેની કામગીરીની વિગતો જણાવવા સાથે તેમની રજૂઆતનો પ્રારંભ કર્યો. આ સંસ્થાની સ્થાપના 1983માં થઈ હતી. તે સાત રાજ્યોમાં કાર્યરત છે, જેમાં મુખ્યત્વે મધ્ય અને પૂર્વ ભાગોનાં રાજ્યોનો સમાવેશ થાય છે. ‘પ્રદાન’ આશરે છ લાખ પરિવારો સુધીની પહોંચ ધરાવે છે. આ સંસ્થા એવા ન્યાયપૂર્ણ સમાજના નિર્માણ માટે કટિબદ્ધ છે, જ્યાં દરેક વ્યક્તિને ગૌરવપ્રદ જીવન જીવવાનો અધિકાર પ્રાપ્ત થાય. તેનો ઉદ્દેશ્ય ગરીબ લોકોની સંગઠનની ભાવનાને ઉત્તેજિત કરીને તેને તીવ્ર બનાવવાનો છે, જેથી તેઓ સામૂહિક ધોરણે કાર્યવાહી કરી શકે, સમાજમાં સમાન સ્થાન પ્રાપ્ત કરી શકે અને નાગરિક તરીકેની તેમની જવાબદારી ઉઠાવી શકે.

‘PRADAN’ના વિકાસના સિદ્ધાંત મુજબ, વિકાસ એ અન્ય કોઈ પ્રવાહ જેટલી જ જટિલ પ્રક્રિયા છે. આથી, તે માને છે કે શ્રેષ્ઠતમ લાયકાત ધરાવતી વ્યક્તિઓએ છેવાડાનાં ગરીબ લોકો માટે કાર્ય કરવું જોઈએ. તેણે સદભાવ અને લાંબા ગાળાની કટિબદ્ધતા તથા યોગ્યતા ધરાવતા યુવાનોની ઓળખ કરી, તેમને સુસજ્જ કરીને તેમનો ઉપયોગ કરવાના અભિગમનો પાયો નાંખ્યો છે. સાથે જ, સંસ્થા તેમને ટેકનો-વ્યવસ્થાપકીય (ટેકનો-મેનેજરિયલ) અને સામાજિક વર્તણૂંકનું યોગ્ય સંયોજન ધરાવતાં કૌશલ્યો પૂરાં પાડે છે, જેથી અત્યંત ગરીબ વિસ્તારોમાં પરિવર્તન લાવી શકાય. ગરીબ લોકોને એકત્રિત કરવામાં આવ્યાં છે અને તેમના હક્કોની રજૂઆત કરવા માટે તેમની સંસ્થાઓ વિકસાવાઈ છે. ઉપરાંત, ‘PRADAN’નું માનવું છે કે, ‘પરિવર્તનનની પ્રક્રિયા’ એ વ્યક્તિ અને તેના વાતાવરણ વચ્ચેની ક્રિયા-પ્રતિક્રિયાનું પરિબળ છે. આથી જ, ‘સ્વ’ અને ‘વાતાવરણ’ પ્રસ્થાપિત કરવા માટે દરમિયાનગીરી હાથ ધરવામાં આવે છે.

### મુખ્ય લક્ષિત વિસ્તાર

- મહિલાઓ દ્વારા દોરાતી સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયાઓને વેગ આપવોઃ જ્યારે લોકો સંગઠિત થશે, સંવેદનશીલ બનશે અને સમાજમાં પ્રવર્તતા ભેદભાવ પ્રત્યે સજાગ થશે, ત્યારે તેઓ સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયાઓને દોરશે.
- સીમાંત પરિવારો માટે સાતત્યપૂર્ણ આજીવિકા અને આવકની સ્થિતિસ્થાપકતાનું સર્જન કરવું.
- નાગરિકો માટે, ખાસ કરીને મહિલાઓ માટે સ્થાનિક વહીવટ તથા સેવા સંસ્થાઓનું પુનઃનિર્માણ.
- સ્થાનિક સ્તરે સક્ષમ વાતાવરણનું સર્જન કરવું, જ્યાં ગરીબો પહોંચી શકે તથા તેમના હક્કો માટે રજૂઆત કરી શકે, અને
- વિવિધ સ્તરે એક કરતાં વધુ હિતધારકો (સ્ટેકહોલ્ડર) સાથે ભાગીદારી પ્રસ્થાપિત કરવી. લોક-સમૂહો સમાન માનસિકતા ધરાવતાં નેટવર્ક સાથે ભાગીદારીનું નિર્માણ કરી શકે છે, જેથી તેઓ સંયુક્તપણે વ્યાપક સમાજને પ્રભાવિત કરી શકે.

‘સ્વ’નું નિર્માણ કરવા માટેની તેની દરમિયાનગીરી થકી સંગઠન લોકો ગરીબી પાછળનું જવાબદાર કારણ કયું છે તે સમજે, તેના મહત્વ પર ભાર મૂકે છે. લોકો ચોક્કસ જૂથોને સામાજિક, રાજકીય તથા આર્થિક દ્રષ્ટિએ હાંસિયામાં ધકેલતા જ્ઞાતિ, વર્ગ અને લિંગ આધારિત ભેદભાવોના વિવિધ સ્વરૂપો વિશે સમજૂતી મેળવે તે જરૂરી છે. લોકોને એ સમજાવવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા

---

1. *સુકાન્ત સરકાર 1995થી પ્રદાન સાથે જોડાયેલા છે. એગ્રિકલ્ચરિસ્ટ તરીકેનું શિક્ષણ મેળવનાર સુકાન્ત સમુદાય પ્રેરિત પરિવર્તનની પ્રક્રિયા અને વહીવટ ક્ષેત્રે રસ ધરાવે છે.*
2. *શૈલેન્દ્ર કુમાર સિંઘ 2009થી પ્રદાન સાથે સંકળાયેલા છે. તેઓ વહીવટ અને જાતિગત (લિંગ આધારિત) સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે સમુદાય દ્વારા દોરાતી પ્રક્રિયામાં રસ ધરાવે છે.*
3. ‘PRADAN’ - *Professional Assistance For Development Action*

છે કે ગરીબી પાછળ કેવળ ભૌતિક સંસાધનોની અછત નહીં, બલ્કે લોકો સાથે રાખવામાં આવતો ભેદભાવ તથા તેમને સીમાંત કરવામાં આવ્યાં તે કારણો પણ જવાબદાર છે. સત્તાનાં માળખાં, લિંગ, હિંસા, સમૂહ તરીકેની કામગીરી તથા વિકાસના અન્ય વિષયો પર તાલીમનું આયોજન કરવામાં આવે છે. આરોગ્ય, પોષણ, આજીવિકા અને તેમનાં આંતર-જોડાણોનો લોકો પર સતત પ્રભાવ પડતો હોવાથી જીવન વિશ્વના દ્રષ્ટિકોણથી તે અંગે ચર્ચા કરવામાં આવે છે. આ 'સ્વ' સ્તરીય પ્રક્રિયાઓએ પરિવર્તન માટેની લોકોની ઈચ્છાને વેગ આપ્યો. પરિણામે, લોકોને એકત્રિત થઈને તેમની સમસ્યાઓ પર સંયુક્તપણે ધ્યાન આપવાની જરૂરિયાત વર્તાઈ.

## સમૂહોની રચના

'PRADAN' સમાજના સૌથી વંચિત અને પછાત વર્ગમાં સમાવિષ્ટ - મહિલાઓ સાથે પ્રત્યક્ષ કામગીરી કરવાનું સચેત વલણ હાથ ધર્યું છે. સ્થાનિક સ્તરે મહિલાઓ સ્વ-સહાય જૂથો (એસએચજી)ની રચના કરે છે. મહિલાઓના સશક્તિકરણ માટે તેમજ સાતત્યપૂર્ણ સેવાઓ સુનિશ્ચિત કરવા સમુદાય આધારિત સેવા તંત્ર રચવા માટે મહિલા એસએચજીને ગ્રામીણ સંગઠનો (વીઓ)માં અને પછીથી સંઘ (ફેડરેશન)માં સમાવિષ્ટ કરી દેવામાં આવે છે. વ્યક્તિગત વીઓ મોટા પ્રશ્નો અને મોટા પડકારોનું નિરાકરણ લાવવામાં સક્ષમ નહીં હોવાથી તાલુકા સ્તરનાં સંઘોની રચના કરવામાં આવી હતી. સમૂહો આયોજન કરે છે, પ્રશ્નો અંગે ચર્ચા કરે છે તથા તેના પર દેખરેખ રાખે છે.

## લોકસમૂહોને મજબૂત કરવા તથા તેમનું સશક્તિકરણ કરવુ

એક વાર સમૂહોની રચના કરવાની પ્રક્રિયા શરૂ થઈ જાય, ત્યાર બાદ તે અસરકારક રીતે કાર્ય કરે તે માટે તેમનું ક્ષમતા-વર્ધન કરવું જરૂરી બની રહે છે. સમૂહોના સંસ્થાકીય વિકાસમાં સાત ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યાં છેઃ (1) દ્રષ્ટિ (2) વહીવટી માળખું (3) સભ્યપદ માટેનું માળખું (4) કામગીરીનું માળખું (5) જોડાણો ઊભાં કરવાં (6) મૂલ્યો (7) આવક/સાતત્યપૂર્ણતા માટેનું મોડલ હેતુ, દ્રષ્ટિ અને લક્ષ્યનું સ્પષ્ટીકરણ જરૂરી બની રહે છે.

વ્યક્તિગત (મહિલા), પરિવાર અને ગ્રામીણ સ્તરે ઇચ્છિત પરિવર્તનનાં પરિમાણો અને 'જીવનની ગુણવત્તા' વિશેની સમજૂતી આપવા માટે દ્રષ્ટિકોણ કેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. દ્રષ્ટિકોણને કાર્યાત્મક મુદ્દાઓમાં રૂપાંતરિત કરવા માટે દ્રષ્ટિકોણનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. 'સહાયકતા (subsidiarity)નો સિદ્ધાંત' (વિકેન્દ્રીકૃત સ્તરે લઈ શકાતા નિર્ણયો ઉચ્ચતર સંસ્થા દ્વારા ન લેવાવા જોઈએ), 'સર્વોપરિતાનો સિદ્ધાંત' (નિર્ણય લેવા માટે પ્રાથમિક સભ્યપદનું હિત ધ્યાનમાં રાખવું જોઈએ) તથા 'સેવક નેતૃત્વ' (આપખુદશાહી નેતૃત્વની પરંપરાગત પ્રથાને સ્થાને નેતાઓ લોકોને સેવા પૂરી પાડે) - વગેરે જેવાં મૂળભૂત મૂલ્યો આત્મસાત કરવામાં આવે છે. સભ્યપદના હક્કો અને ફરજોને આવરી લેતા સંમતિ સાથેના નિયમો અને કાયદાઓ ઘડવામાં આવ્યા છે. નેતૃત્વની વહેંચણી, પારદર્શીતા, પ્રત્યાયન પ્રક્રિયાઓ અને નિર્ણય લેવાની શૈલી સહિતના વહીવટી માળખાની પણ ચર્ચા કરવામાં આવે છે.

'આપણે બહાર શું જોવા માંગીએ છીએ' અને 'સમૂહમાં તે કેવી રીતે પ્રતિબિંબિત થાય છે' - તે સમૂહો સમજી શકે તે માટે પ્રયાસો કરવામાં આવે છે. સમૂહોને જુદી-જુદી પ્રક્રિયાઓ તથા પ્રવૃત્તિઓ થકી નેતાનું ઉત્તરદાયિત્વ, સભ્યપદનું સ્પષ્ટીકરણ તથા સભ્યોની ગુણવત્તા, સભ્યોના હક્કો અને ફરજોનું મહત્વ તથા સમાન લક્ષ્યો ધરાવતી સંસ્થાઓ સાથે જોડાણો પ્રસ્થાપિત કરવાનું મહત્વ સમજાવવામાં આવે છે. સમૂહો સંસ્થા તરીકે કામ કરવા સક્ષમ બને તેના પર નોંધપાત્ર ધ્યાન આપવામાં આવે છે.

## અસરકારક વહીવટ માટે દરમિયાનગીરી

જ્યારે સમૂહો પરિવર્તન લાવવા માટે સજ્જ હોય, ત્યારે તેમનાં લક્ષ્યો હાંસલ કરવા માટે કાર્યક્રમો અંગે વિચારણા કરી શકાય. 'ઇયુ' પ્રોજેક્ટના ભાગરૂપે, સમૂહોને સ્થાનિક વહીવટને પ્રભાવિત કરવામાં મદદરૂપ થવા પર ભાર મૂકવામાં આવે છે. જો વ્યવસ્થામાં પરિવર્તન નહીં આવે, તો ફક્ત યોજનાઓની ઉપલબ્ધતા સમુદાયને ટકાવવામાં મદદરૂપ બની શકશે નહીં. વહીવટ પર અસર ઉપજાવવા માટે નાગરિકોના અવાજને બુલંદ બનાવવા નિશ્ચિત ઉદ્દેશ્યો સાથે સાત 'વ્યૂહાત્મક દરમિયાનગીરીનાં પગલાં' નક્કી કરવામાં આવ્યાં છે. દરેક પગલાં હેઠળની પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છેઃ

1. નાગરિક સાક્ષરતાઃ નાગરિક અને અધિકારો પર જાગૃતિ અને શિક્ષણ, પાયાના સ્તર સુગમકર્તાઓ (ફેસિલિટેટર્સ)ની હરોળ ઊભી કરવી તથા સામાજિક રક્ષણ અને હક્કો પર પુસ્તિકાઓ તૈયાર કરવી. લોકોમાં એ સમજ કેળવાવી જરૂરી છે કે નાગરિક તરીકે તેઓ ચોક્કસ હક્કો ધરાવે છે અને સરકાર પાસેથી જે મળે છે, તે ધર્માદો નહીં, પણ તેમના અધિકારો છે.
2. મહિલાઓ તથા તેમના સમૂહોની સહભાગીતા વધારવીઃ એસએચજીને પદ્ધતિસરની તાલીમ, ગ્રામસભાઓ અને ગ્રામ પંચાયતોમાં મહિલાઓની ભાગીદારી, જાતિગત (લિંગ આધારિત) સમસ્યાઓ પર ધ્યાન આપવું.
3. હક્કો તથા મળવાપાત્ર લાભોની ઉપલબ્ધતા અંગે સમુદાય આધારિત સંગઠનો (સીબીઓ) અને પંચાયતી રાજ સંસ્થાઓ (પીઆરઆઇ) વચ્ચે જોડાણઃ પીઆરઆઇ-સીબીઓની મૂલવણી કરતી કાર્યશિબિરો, ગ્રામ પંચાયતના સ્વયંસેવકોના પ્રશ્નો પર

ધ્યાન આપવું તથા તેમને માહિતી-પુસ્તિકા પૂરી  પાડવી.

4. પીઆરઆઇને મજબૂત કરવીઃ ગ્રામ પંચાયતો (જીપી) માટે સંગઠન વિકાસ, અમલીકરણ માટે સહાય, દ્રષ્ટિકોણ અને કાર્ય યોજના, સંબંધો, વ્યવસ્થાઓ, માળખાકીય સુવિધા અને પ્રક્રિયાઓનું આલેખન. ઝારખંડમાં આ પાસું ખાસ મહત્વ ધરાવે છે, કારણ કે ત્યાં પીઆરઆઇ પ્રાથમિક તબક્કામાં છે. માગ પ્રત્યે ધ્યાન આપવા માટે પુરવઠાની ક્ષમતાનું નિર્માણ કરવું જરૂરી છે.
5. ગ્રામ પંચાયતો મારફત માળખાકીય કાર્યક્રમો પહોંચાડવાઃ માગ અને પુરવઠામાં રહેલી ઊણપોની આકારણી કરવી, ગ્રામ પંચાયતોને આયોજનો કરવામાં મદદ કરવી, 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના' (એમજીનરેગા), 'વોટર એન્ડ સેનિટેશન' (વોટ્સેન), શિક્ષણ તથા આરોગ્યલક્ષી કાર્યક્રમોના અમલીકરણમાં મદદ પૂરી પાડવી. પીઆરઆઇ સેવા પૂરી પાડે તે અંગે ઓછો વિશ્વાસ પ્રવર્તે છે, આથી તેઓ તેમની ક્ષમતા દર્શાવે તે જરૂરી છે. આ કાર્ય કેટલાક યોગ્ય માળખાકીય વિકાસના પ્રોજેક્ટ થકી પાર પાડી શકાય છે.
6. ગ્રામ પંચાયત ખાતે માહિતી કેન્દ્રો અને હેલ્પ ડેસ્ક ઊભાં કરવાઃ ગ્રામ પંચાયતો સંસાધન કેન્દ્ર તરીકે, ફરિયાદ અને પ્રક્રિયામાં સહાય માટે તથા સંચાલન માહિતી વ્યવસ્થા (મેનેજમેન્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ્સ - એમઆઇએસ) પદ્ધતિ દાખલ કરવી.
7. સમૂહો દ્વારા વહીવટની સ્થિતિ પર દેખરેખઃ નાગરિકોની નોંધ, સામાજિત તપાસણી, એસએચજી જોડાણ, ચૂંટાયેલા પ્રતિનિધિઓનું જોડાણ, નેટવર્ક અને અભિયાનો સાથે જોડાણ.

સ્થાનિક વહીવટ પર અસર ઉપજાવવા માટે ઉપરોક્ત તમામ પાસાંઓ પર સાથે ધ્યાન આપવું જરૂરી છે. વક્તાએ આ પગલાંઓ દ્વારા કેવી રીતે પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય તેનાં કેટલાંક દૃષ્ટાન્તો રજૂ કર્યાં. જાગૃતિ ફેલાવવા માટે રેલીનું આયોજન કરવામાં આવે છે. ચિત્રો દ્વારા માહિતીનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે, પરિવારોની મુલાકાત લેવામાં આવે છે અને આ પ્રક્રિયા દરમિયાન વિવિધ હિતધારકોની ભૂમિકાની ચર્ચા કરવામાં આવે છે. સમૂહો પ્રશ્નોની ઓળખ કરે છે અને તેઓ ચોક્કસ કાર્યવાહી કરવાની યોજના ઘડે છે, ત્યારે આ પગલાં ભરવા માટે તથા પ્રક્રિયાને તાર્કિક સ્વરૂપ આપવા માટે તેમને મદદની જરૂર પડે છે. વીઓને માહિતી પૂરી પાડવામાં આવે છે, શિક્ષણનો અધિકાર (આરટીઇ), નાગરિક સાક્ષરતા અને પાણી અને સ્વચ્છતા (વોટ્સેન) જેવાં ચોક્કસ પાસાંઓ પર તાલીમકર્તાઓની તાલીમ (ટીઓટી) હાથ ધરાય છે. સાથે જ, ગ્રામીણ સ્તરે શાળા વ્યવસ્થાપન સમિતિ (એસએમસી) અને ગ્રામીણ આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ સમિતિ (વીએચએસએનસી) જેવી ઘણી ફરજિયાત સમિતિઓને પણ તાલીમ આપવામાં આવે છે અને તેમણે શા માટે વીઓ સાથે સંવાદ કરવો જોઈએ તે સમજાવવામાં આવે છે.

વીઓ  એ તેમના વિકાસની નોંધપોથી જાતે તૈયાર કરવાનું શરૂ કર્યું છે. તેઓ દેખરેખ કેવી રીતે રાખવી તે અંગેની યોજના ઘડે છે અને તે અંગે નિર્ણય લે છે, કેટલાં લોકોએ યોજનાનો લાભ મેળવ્યો તેની ચર્ચા કરે છે, કયા પ્રશ્નોનું નિરાકરણ લાવવું જરૂરી છે અને કયાં પગલાં ભરવાની જરૂર છે તે અંગે ચર્ચા કરે છે. વીઓ માટે સંબંધિત સરકારી ઠરાવો (જીઆર)નો સંગ્રહ વિકસાવવામાં આવ્યો છે અને તેને સતત અપડેટ કરવામાં આવશે. નાગરિકો તેમના પોતાના વિસ્તારમાં થયેલી પ્રગતિ, ત્યાંની સમસ્યાઓ અને ક્ષતિઓ અંગેના અહેવાલો તૈયાર કરે છે અને તે વહીવટી તંત્ર તથા પીઆરઆઇને સોંપે છે. સાથે જ તેઓ નીતિઓના પ્રભાવની પણ ચર્ચા કરે છે અને તેની આલોચના અને પ્રતિભાવથી સરકારી અધિકારીઓને વાકેફ કરે છે. વહીવટી તંત્ર સાથે સતત સંવાદ ચાલુ રાખવા માટે રાજ્ય સ્તરે જોડાણ પણ કરવામાં આવ્યું છે.

પીઆરઆઇને મજબૂત કરવા માટેનો પ્રાયોગિક પ્રોજેક્ટ 25 પંચાયતો સાથે શરૂ કરવામાં આવ્યો હતો. પ્રથમ વાર પંચાયતો અને પ્રદાન વચ્ચે 'મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ' (એમઓયુ) પર હસ્તાક્ષર થયા હતા. આ કરારથી ગ્રામ પંચાયતોએ અનુભવ્યું કે તેઓ વ્યક્તિગત સંસ્થાઓ છે, જે નિર્ણયો લઈ શકે છે અને તેમના વિસ્તારના વિકાસ માટે કાર્ય કરી શકે છે, સાથે જ તેઓ વહીવટી તંત્રની વિસ્તરણ પાંખ નથી. બીજી તરફ, નાગરિકો પીઆરઆઇ તરફની તેમની જવાબદારીઓ સમજે અને ગ્રામ સભામાં તેમની ભાગીદારી શા માટે જરૂરી છે તે સમજે તે માટે પણ પ્રયાસો કરવામાં આવ્યા છે. ગ્રામ પંચાયતમાં વિવિધ હિતધારકો સાથે વ્યાપક સંવાદ શરૂ કરવામાં આવ્યો છે. સત્તા અને ઓથોરિટી ધરાવનારાં લોકો તેમની સામે જોખમ ઊભું થયું હોવાનું માને છે પરંતુ સમૂહો મજબૂત છે અને તેઓ આવા પડકારો ઝીલવા માટે સક્ષમ છે. 130 વીઓ પ્રતિનિધિઓએ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તેઓ ચૂંટાઈ આવ્યા અને વિરોધનો સામનો કરી રહ્યા છે. આ ઉપરાંત વીઓ પીઆરઆઇ, તાલુકા અધિકારીઓ, જિલ્લા કલેક્ટર અને ઝારખંડના રાજ્યપાલ સહિતના ઘણા હિતધારકોને પ્રભાવિત કરવા માટેના પ્રયત્નો કરી રહ્યા છે. ઉપરાંત, તેઓ યોગ્ય કાર્યદેખાવ કરનાર સેવા પૂરી પાડનારાઓને પણ બિરદાવી રહ્યા છે.

## પ્રભાવ

આ તમામ દરમિયાનગીરીઓ અને પ્રક્રિયાઓને કારણે પ્રણાલીગત ફેરફારો થયા છે. જાતિગત (લિંગ આધારિત) પ્રશ્નો તથા કન્યા

શિક્ષણ, હિંસામુક્ત ગામો, આંતરજ્ઞાતિય લગ્નોને લગતાં નવાં ધોરણો સહિતના ઘણા પ્રશ્નો વિશે નિયમિત ચર્ચા થાય છે. એસએમસી, માતા સમિતિ, ગ્રામ જળ અને સ્વચ્છતા સમિતિ (વીડબલ્યુએસસી) અને વીએચએસએનસી જેવી સરકારી સમિતિઓ સાથે નિયમિતપણે વાર્તાલાપ કરવામાં આવે છે અને સરકારી કાર્યક્રમો પર દેખરેખ રાખવામાં આવે છે. ફેડરેશન્સ વિવિધ વિકાસલક્ષી મંચ (આરોગ્ય, શિક્ષણ, પાણી અને સ્વચ્છતા)ના સભ્યો બન્યા છે. સમૂહોના સભ્યોને ગ્રામ પંચાયત એક્ઝિક્યુશન કમિટિ (જીપીઇસી)ની બેઠકોમાં નિયમિતપણે આમંત્રિત કરવામાં આવે છે. નિયમિત યોજાતી ગ્રામસભામાં ગામના પ્રશ્નોને વ્યવસ્થિત રીતે ઊઠાવવામાં વે છે, ગ્રામ પંચાયતની કચેરીઓ ખુલ્લી રહે છે અને સમુદાયના પ્રશ્નોનું નિરાકરણ લાવવા ક્ષેત્રે સક્રિયતા પ્રવર્તે છે. લાઇન ડિપાર્ટમેન્ટનાં કાર્યોની દેખરેખ ગ્રામ પંચાયત સ્તરે રાખવામાં આવે છે. પ્રજ્ઞા કેન્દ્રો ખાતેની સેવાઓમાં સુધારો થયો છે અને માહિતીની સક્રિયપણે જાહેરાત કરવામાં આવે છે. નાણાંકીય સમાવેશકતા, ઓનલાઇન ટિકિટ અને નાણાંકીય ઉત્પાદન, જ્ઞાતિનું પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર, રહેઠાણનું પ્રમાણપત્ર, મૃત્યુનું પ્રમાણપત્ર અને જન્મનું પ્રમાણપત્ર જેવી વિવિધ સેવાઓ પૂરી પાડવાની જનતાની માગની પ્રતિક્રિયારૂપે સરકાર દ્વારા પ્રજ્ઞા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. અગાઉ આ કેન્દ્રો પંચાયત કચેરીથી દૂરના અંતરે આવેલાં હતાં, તેમ છતાં તેઓ ગ્રામ પંચાયત સાથે નિકટતાનું જોડાણ ધરાવીને કામગીરી કરતાં હતાં. તાજેતરના પ્રયાસોના પરિણામરૂપે આ કેન્દ્રોને પંચાયતના પરિસરોમાં સ્થળાંતરિત કરવામાં આવ્યાં છે.

એક વાર જાગૃતિ લાવ્યા બાદ સાતત્યપૂર્ણતા પર ધ્યાન આપવામાં આવે છે. ત્યાર પછી પરિવર્તનની અપેક્ષા રાખવામાં આવે છે અને જવાબદારી લોકોના શિરે આવે છે. સામુદાયિક સમૂહોની વ્યવસ્થા અને પ્રક્રિયાઓની સાથે સાથે, સમૂહની સ્થાપનાનો પાયો સમુદાયને નિયમિત રીતે તેના આધાર પર ભરોસો કરવાનો અવસર પ્રદાન કરે છે. સમુદાયને 'સમૂહ' તરીકે સંગઠિત કરવો, તેને જ્ઞાનથી સશક્ત કરવો અને પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા બાદ પણ પદ્ધતિસર રીતે પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે તેને સક્ષમ બનાવવો. બાહ્ય હિતધારકોનો સમન્વય ઇચ્છિત દિશામાં ઊર્જાનો સંચાર કરે છે. સમુદાય સંસ્થા સમન્વય માટેના મંચ તરીકેની ભૂમિકા ભજવતી હોવાથી બાહ્ય હિતધારકો માટે આગળ વધવું સરળ બની રહે છે. પ્રદાનની ટીમે કેટલાક પડકારોનો પણ સામનો કર્યો છે. સમુદાયમાં 'જીવન'ના દ્રષ્ટિકોણથી કાર્યસૂચિ પ્રસ્થાપિત કરતાં સમય લાગે છે. સ્થાનિક સ્તરે પુરવઠા માટેની સંસ્થાઓ સેવા પૂરી પાડવા માટે પૂરતી ક્ષમતા ધરાવતી નથી. વહીવટનો કોટિક્રમિક અભિગમ ઘણી વખત લોકશાહી પ્રક્રિયા આડે અવરોધ ઊભો કરે છે. અપૂરતી નાણાંકીય જોગવાઈની સેવાની ગુણવત્તા પર વિપરિત અસર પડે છે તથા માળખાકીય સુવિધાનો અપ્રાપ્યતા ગ્રામીણ વ્યવસ્થામાં માહિતીની પહોંચ આડે અંતરાય ઊભો કરે છે.

**રજૂઆતના મુખ્ય મુદ્દા**

1. 'પરિવર્તનનની પ્રક્રિયા' એ વ્યક્તિ અને તેના વાતાવરણ વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા સાધતું પરિબળ બને છે. 'સ્વ' અને 'વાતાવરણ'નું નિર્માણ કરવા માટે દરમિયાનગીરીને વેગ આપવામાં આવે છે.
2. ગરીબી પાછળ કેવળ ભૌતિક સંસાધનોની અછત જ કારણભૂત નથી, બલ્કે તે માટે લોકો સાથે રાખવામાં આવતો ભેદભાવ અને તેમને હાંસિયામાં ધકેલવાનું વલણ પણ જવાબદાર છે.
3. સ્વના સ્તરે શરૂ થયેલી પ્રક્રિયાઓએ પરિવર્તન માટેની ઈચ્છાને પ્રબળ બનાવી છે અને તે લોકોમાં એકત્રિત થઈને સંયુક્તપણે તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટેની જરૂરિયાતમાં પરિણમી છે.
4. સમૂહો સ્થાનિક વહીવટને પ્રભાવિત કરે તેના પર ભાર મૂકવામાં આવે છે. જો વ્યવસ્થામાં પરિવર્તન નહીં આવે, તો કેવળ યોજનાઓ સુધીની પહોંચ સમુદાયનું અસ્તિત્વ ટકાવી રાખવામાં મદદરૂપ નહીં બની શકે.
5. સમૂહો પ્રશ્નોની ઓળખ કરે છે અને તે માટેની ચોક્કસ કામગીરીનું આયોજન કરે છે, ત્યારે આ કામગીરી હાથ ધરવા માટે અને પ્રક્રિયાને તાર્કિક રીતે પાર પાડવા માટે તેમને મદદની જરૂર પડે છે.
6. એક વાર જાગૃતિ ફેલાવવામાં આવે, ત્યાર બાદ સાતત્યપૂર્ણતા પર ધ્યાન આપવામાં આવે છે, ત્યાર પછી પરિવર્તનની ઈચ્છા પ્રવર્તે છે અને તેની જવાબદારી લોકોના શિરે આવે છે.
7. સામુદાયિક સમૂહોની વ્યવસ્થા અને પ્રક્રિયાઓની સાથે સાથે, સમૂહની સ્થાપનાનો પાયો સમુદાયને નિયમિત રીતે તેના આધાર પર ભરોસો કરવાનો અવસર પ્રદાન કરે છે.
8. સમુદાયને 'સમૂહ' તરીકે સંગઠિત કરવો, તેને જ્ઞાનથી સશક્ત કરવો અને પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા બાદ પણ પદ્ધતિસર રીતે પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે તેને સક્ષમ બનાવવો. બાહ્ય હિતધારકોનો સમન્વય ઇચ્છિત દિશામાં ઊર્જાનો સંચાર કરે છે. સમુદાય સંસ્થા સમન્વય માટેના મંચ તરીકેની ભૂમિકા ભજવતી હોવાથી બાહ્ય હિતધારકો માટે આગળ વધવું સરળ બની રહે છે. ■

# 'સેવા' શક્તિ કેન્દ્ર (એસએસકે)નો અનુભવ

- કેતકી ફણસે[4], રોશન પઠાણ[5] અને વર્ષા ઠાકુર[6]




## સંદર્ભ

'સેલ્ફ એમ્પ્લોઇડ વિમેન્સ એસોસિએશન' (સેવા) ભારતની અસંગઠિત ક્ષેત્રની મહિલા કામદારો સાથે મળીને તેમના અધિકારો માટે છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયથી લડત ચલાવી રહેલી સંસ્થા છે. તેની તાજેતરની નવતર કામગીરી વર્ષોથી સંગઠન દ્વારા ઉપયોગમાં લેવાતી સશક્તિકરણની પદ્ધતિમાં નવચેતનાનો સંચાર કરવા પર ભાર મૂકે છે. 'સેવા' ગુજરાત ટીમની 'સેવા સોશ્યલ સિક્યોરીટી'એ 'સેવા' દિલ્હી અને મધ્ય પ્રદેશ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલાં કામદાર સહાયક કેન્દ્રો અમલમાં મૂકવાનું નક્કી કર્યું, જે 'સેવા શક્તિ કેન્દ્ર' (એસએસકે) તરીકે ઓળખાય છે. આ કેન્દ્રો દ્વારા અસંગઠિત મહિલા કામદારોને તેમને મળવાપાત્ર સરકારી સામાજિક સુરક્ષા, આરોગ્ય અને પોષણલક્ષી કાર્યક્રમો સાથે સાંકળવા પર ભાર મૂકવામાં આવે છે. ગુજરાતમાં સામાજિક સુરક્ષા ટીમ દ્વારા 2015માં શરૂ કરવામાં આવેલાં એસએસકે એ આરોગ્ય અને સામાજિક સુરક્ષા સુધીની પહોંચ ક્ષેત્રે મહત્વની નવતર પહેલનો અમલ કર્યો છે. ગુજરાતનાં ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારોમાં કુલ 18 એસએસકે આવેલાં છે. એસએસકે મહિલાઓ અને યુવાનોનું સશક્તિકરણ કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

આરોગ્ય અને શિશુ સંભાળ જેવી સામાજિક સુરક્ષા તથા સામાજિક સેવાઓ પર ધ્યાન આપવું જરૂરી છે. અસંગઠિત રોજગારી માટે મોટાભાગે નીચી અને અસુરક્ષિત આવક, બિનઆરોગ્યપ્રદ કાર્ય સ્થિતિ અને જોખમના ઊંચા પ્રમાણ જેવી લાક્ષણિકતાઓ દર્શાવવામાં આવે છે. સામાન્યપણે સંગઠિત ક્ષેત્રનાં કામદારોને જોખમના વ્યવસ્થાપનમાં મદદ પૂરી પાડતાં સામાજિક અને શ્રમ સંરક્ષણો આ શ્રમિકોની ઉપેક્ષા કરે છે. ભારતમાં આરોગ્ય સેવાની જોગવાઈ પાછળ થતા ખર્ચનું પ્રમાણ જીડીપીના બે ટકા કરતાં પણ ઓછું છે.

સરકારે 'ઇન્ટિગ્રેટેડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ સ્કીમ' (આઇસીડીએસ), 'નેશનલ સોશ્યલ આસિસ્ટન્સ', 'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના' (આરએસબીવાય) આરોગ્ય વીમા કાર્યક્રમ, ખાદ્ય સહાય કાર્યક્રમ જેવી કેટલીક સામાજિક યોજનાઓ અમલમાં મૂકી છે, જે 'સેવા'ના અત્યંત ગરીબ તથા અસંગઠિત કામદારોને તાત્કાલિક અને યથાર્થ લાભો પૂરા પાડે છે. તેમ છતાં, ઘણાં શ્રમિકો સનદી (બ્યૂરોક્રેટિક) યોજનાઓના અસ્તિત્વથી વાકેફ હોવા છતાં તે યોજનાઓનો લાભ મેળવવા માટે તેમણે ઘણા પડકારોનો સામનો કરવો પડે છે.

## 'એસએસકે'ની ભૂમિકા

'સેવા'ની કામગીરીની પદ્ધતિમાં એસએસકે પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે. અગાઉ 'સેવા'ના સમુદાય આરોગ્ય કાર્યકર્તાઓએ આરોગ્યલક્ષી માહિતી અને શિક્ષણ પૂરાં પાડવા માટે ઘરોની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, તેઓ કેન્દ્રીય સ્પેસથી કામ કરે છે, જ્યાં અસંગઠિત કામદારો તેમને સાનુકૂળ હોય તેવા કલાકો દરમિયાન તેમનો સંપર્ક સાધી શકે છે. સમુદાય આરોગ્ય કાર્યકર્તાઓ કે સ્વયંસેવકો તરીકે પસંદ થયેલા મહિલા અસંગઠિત કામદારોને તેમના સમુદાયોમાંથી શોધવામાં આવે છે અને તેમનાં નેતૃત્વ કૌશલ્યો અને સમુદાયમાં તેમની સામેલગીરીના આધારે તેમની પસંદગી કરવામાં આવે છે. આ રીતે, એસએસકેની રૂપરેખામાં સેવાના સભ્યપદના આધારની સહભાગીતાનું નિર્માણ કરવામાં આવે છે.

---

*4. કેતકી ફણસે સેવાના આરોગ્ય વિભાગમાં મોનિટરિંગ એન્ડ ઇવેલ્યુએશન કો-ઓર્ડિનેટર તરીકે કાર્ય કરે છે. તેઓ સમુદાયમાં એકઠી કરવામાં આવેલી માહિતીનું વિશ્લેષણ કરે છે. ઉપરાંત તેઓ દસ્તાવેજીકરણના કામ સાથે સંકળાયેલાં છે અને અહેવાલો તૈયાર કરવામાં ક્ષેત્રીય સ્ટાફને સહાય પૂરી પાડે છે.*

*5. રોશન પઠાણ છેલ્લાં 32 વર્ષોથી સેવા ખાતે ફરજ બજાવી રહ્યાં છે. હાલમાં તેઓ અમદાવાદ જિલ્લાના ચાર તાલુકાઓનાં ટીમ લિડર છે. સાથે જ તેઓ લોક સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ (એલએસએસટી)નાં ટ્રસ્ટી પણ છે અને લોક સ્વાસ્થ્ય મંડળી (એલએસએમ), સેવા હેલ્થ કોઓપરેટિવનાં સક્રિય બોર્ડ મેમ્બર છે.*

*6. વર્ષા ઠાકોર સેવાના આરોગ્ય વિભાગમાં સમુદાય આરોગ્ય કાર્યકર અને આગેવાન તરીકે કાર્યરત છે. સાથે જ તેઓ સેવાની નેશનલ ઇન્શ્યોરન્સ કોઓપરેટિવનાં બોર્ડ મેમ્બર પણ છે.*

એસએસકેનાં અગાઉનાં મોડલ્સમાં, સમુદાય આરોગ્ય કાર્યકર્તાઓ મુખ્યત્વે કેન્દ્રો મારફત સરકારી યોજનાઓની માહિતી પૂરી પાડતા હતા. હવે, તેઓ આરોગ્ય તથા અન્ય સામાજિક રક્ષણ સંબંધિત અધિકારો પ્રાપ્ત કરવાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન સમુદાયના સભ્યોની સાથે જોડાયેલા રહે છે. તેઓ માહિતી પૂરી પાડે છે, ફોર્મ ભરવામાં મદદ કરે છે અને દસ્તાવેજો તૈયાર કરવામાં પણ સહાય પૂરી પાડે છે. જ્યારે ફોર્મ સુપરત કરવાનાં હોય અથવા તો જ્યારે સમુદાયના સભ્યોને આરોગ્ય સેવા મેળવવાની જરૂર ઊભી થાય, ત્યારે સમુદાય આરોગ્ય કાર્યકર્તાઓ તેમની સાથે રહે છે, જેથી તેઓ સામે આવતી કોઈ પણ તકલીફ કે સમસ્યાનો ઉકેલ લાવી શકે.

## 'એસએસકે'નું ક્ષમતા વર્ધન

નવાં એસએસકે શરૂ કરવાની પ્રક્રિયામાં 'સેવા'એ સમુદાય આરોગ્ય કાર્યકર્તાઓના શિક્ષણ અને સશક્તિકરણ પર ભાર મૂક્યો છે, કારણ કે તેઓ સરકાર અને સમુદાય વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે. વ્યવસ્થા થકી સમુદાયના સભ્યો સાથે જોડાવા માટે પસંદગીયુક્ત આગેવાનો સામાજિક સેવાઓ અને સામાજિક સુરક્ષાની જોગવાઈ સાથે સંકળાયેલા જુદા-જુદા સરકારી વિભાગો વિશે જાણકારી મેળવે તે જરૂરી હતું. સાથે જ તેમણે કયો વિભાગ કઈ જવાબદારી સંભાળે છે, કયા દસ્તાવેજો અને ફોર્મ સુપરત કરવાં જરૂરી છે અને જે-તે હેતુ માટે દરેક વિભાગમાં કયા હોદ્દેદારનો સંપર્ક સાધવો જોઈએ વગેરે જેવી જાણકારી પણ મેળવી.

તાલીમના તબક્કા દરમિયાન સરકારી વિભાગમાં આરોગ્ય કાર્યકર્તાઓ સાથે સુપરવાઇઝર પણ હાજર રહેતા હતા, જેથી તેઓ કામગીરીથી તથા અધિકારીઓ સાથે વાતચીત કરવાથી પરિચિત થાય. ઘણી મહિલાઓ માટે આ સરળ ન હતું. તેઓ તેમના સમુદાયો સાથે વાતચીત કરતી વખતે સાહજિકતા અનુભવતી હતી, જ્યારે સત્તાધિશો સાથે વાત કરવામાં તેમને મુશ્કેલી પડતી હતી. સેવા આરોગ્ય કાર્યકર્તાઓ સરકારી અધિકારીઓને સમસ્યા જણાવીને, કામગીરીની સ્થિતિથી વાકેફ કરીને તેમજ હાથ ધરાયેલી સંયુક્ત પ્રવૃત્તિઓ બાદ તેની સ્થિતિ અંગે ચર્ચા કરીને તેમની સાથે સતત સંપર્ક જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે, જેથી સંબંધો મજબૂત બને. સમુદાય સ્તરે યોજાતાં (પ્રદર્શનો, વિડિયો ક્લિપની રજૂઆત, માહિતી પુસ્તિકાઓ તથા ચોપાનિયાંના વિતરણ વગેરે સહિતનાં) જાગૃતિ અભિયાનોના ભાગરૂપે વિવિધ સરકારી કાર્યક્રમો અંગે સમુદાય સાથે વાત કરવા માટે તથા સમુદાયના સભ્યો સાથે સીધી વાતચીત કરવા માટે અધિકારીઓને આમંત્રણ પાઠવવામાં આવે છે.

## 'સેવા'ની ટીમના સભ્યોનો 'એસએસકે' સાથેનો અનુભવ

ત્રણ પૈકીના એક રજૂઆતકર્તા રોશન પઠાણ અમદાવાદ જિલ્લામાં સેવાની આરોગ્ય સંબંધિત કામગીરીમાં ટીમના આગેવાન તરીકે છેલ્લા 32 વર્ષથી જોડાયેલા છે. એસએસકે સાથેના તેમના અનુભવનું વર્ણન કરતાં તેમણે જણાવ્યું હતું કે જ્યારે સેવાએ એસએસકે મારફત સરકારી યોજનાઓ પર માહિતી પૂરી પાડવાનું નક્કી કર્યું, ત્યારે આરોગ્ય ટીમે યોજનાઓનો અમલ કરનારા વિવિધ જવાબદાર વિભાગોની મુલાકાત લીધી અને તે યોજનાઓ હેઠળ લાભ પ્રાપ્ત કરવાનાં વિવિધ પાસાંઓ વિશે માહિતી એકઠી કરી. લોકોમાં માહિતીની જરૂરિયાતની આકારણી કરવા માટે અને તે લોકો સુધી કેવી રીતે પહોંચી શકાય તેની આકારણી કરવા માટે એસએસકેના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં સર્વે હાથ ધરવામાં આવ્યો. જુદા-જુદા વિસ્તારોમાં બેઠકો યોજાઈ. ટીમે સરપંચો, આંગણવાડી કાર્યકરો (એડબલ્યુડબલ્યુ), એક્રેડિટેડ સોશ્યલ હેલ્થ એક્ટિવિસ્ટ (આશા) કાર્યકરો અને સ્થાનિક આગેવાનોની મદદ મેળવવા માટે તેમની મુલાકાત લીધી. સરકારી અધિકારીઓને પણ સ્થાનિક લોકોને મળવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું. 'જન સંવાદ' મારફત લોકોએ તેમની જરૂરિયાતો અંગે ચર્ચા કરી અને યોજનાઓના અમલીકરણને લગતા પ્રશ્નો, તેમના વિસ્તારમાં સેવાઓની કામગીરીને લગતા પ્રશ્નો ઊઠાવ્યા. સમય ચોક્કસ લાગ્યો, પણ ધીમે-ધીમે સેવા પૂરી પાડનારા અને સરકારી અધિકારીઓએ આ ચર્ચાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું અને સ્થાનિક સમુદાયને સહાય પૂરી પાડી.

લોકો સુધી પહોંચવા માટે સ્થાનિક નેતૃત્વ ઊભું કરવું જરૂરી હતું. સ્થાનિક યુવાનોની ઓળખ નક્કી કરવામાં આવી અને તેમને વિવિધ વિભાગો અને સંબંધિત અધિકારીઓ સાથે સંબંધ પ્રસ્થાપિત કરવામાં તથા તેમની સાથે જોડાવામાં મદદ પૂરી પાડવામાં આવી. સેવા આ વિસ્તારોમાંથી તેની કામગીરી પરત ખેંચી લે, તો પણ મળવાપાત્ર અધિકારોની માગણી કરવાની આ પ્રક્રિયાને ટકાવી રાખવા માટે લોકો સક્ષમ થાય, તે સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક નેતાઓની ઓળખ નક્કી કરવી અને તેમને તાલીમ આપવી તે એક સચેત નિર્ણય હતો. લોકોને માહિતી મેળવવા ઉપરાંત, અરજીઓ ભરવા માટે, તે અરજીઓ વિભાગમાં સુપરત કરવા માટે અને જ્યાં સુધી લાભ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી કાર્યવાહી જારી રાખવા માટે એસએસકે દ્વારા લોકોને સહાય પૂરી પાડવામાં આવે છે.

અન્ય એક રજૂઆતકર્તા વર્ષાએ જણાવ્યું હતું કે એસએસકે સાથે કામ કરવાનું શરૂ કરતાં પહેલાં તેઓ સેવામાં સમુદાય-સ્થિત આરોગ્ય કાર્યકર્તા તરીકે સંકળાયેલાં હતાં. શરૂઆતમાં વર્ષા માટે ઓફિસમાં બેસવું મુશ્કેલ હતું, કારણ કે તેમને ક્ષેત્રીય કામગીરી કરવાની ફાવટ હતી. વળી, તેમની જ્ઞાતિના પરંપરાગત રિવાજ અનુસાર મહિલાઓએ તેમનો ચહેરો ઢાંકવો પડે છે. નવી ભૂમિકામાં આ રિવાજનું પાલન

કરવું તેમના માટે મુશ્કેલ હતું. હાલની કામગીરીમાં તેઓ લોકોને વિવિધ યોજનાઓ માટેનાં અરજી ફોર્મ આપે છે અને લાભ મેળવવા માટે કયા દસ્તાવેજોની જરૂર પડે છે તેની સમજૂતી આપે છે. ધીમે-ધીમે વર્ષાએ તેમના સમાજની સ્વીકૃતિ પ્રાપ્ત કરી લીધી છે અને લોકોને મદદ કરવાની કામગીરી બદલ આદરપ્રાપ્ત સ્થાન મેળવ્યું છે.

'સેવા' સાથે જોડાતાં પહેલાં વર્ષા ઘરની ચાર દીવાલો વચ્ચે જ રહેતાં હતાં અને ઘરની બહાર એકલાં ભાગ્યે જ નીકળ્યાં હતાં. પિયર જવા માટેની બસ ટિકિટ મેળવવા માટે સુદ્ધાં તેમણે તેમના પતિ પર નિર્ભર રહેવું પડતું હતું. આજે, વર્ષા ફક્ત ગુજરાતમાં જ નહીં, બલ્કે ગુજરાત બહાર પણ એકલાં મુસાફરી કરવાનો આત્મવિશ્વાસ ધરાવે છે. એટલું જ નહીં, તેમણે દસ દિવસ માટે સેવા દ્વારા આયોજિત થાઇલેન્ડનો પ્રવાસ પણ કર્યો હતો. એસએસકે સાથેની કામગીરી દરમિયાન વર્ષાએ અરજી કેવી રીતે કરવી તે શીખવાની સાથે-સાથે સંબંધિત સત્તા તંત્રનો કેવી રીતે સંપર્ક સાધવો અને તાલુકા તથા જિલ્લા અધિકારીઓની સહાય મેળવવા માટે તેમની સાથે સંબંધ કેવી રીતે પ્રસ્થાપિત કરવો તેની સમજૂતી  પણ મેળવી છે.

### એસએસકે ટીમ સામેના પડકારો

સરકારી વિભાગોના અધિકારીઓની અવાર-નવાર બદલી થતી રહે છે અને નવા હોદ્દેદારો સમુદાયને તેમના અધિકારો અપાવવા માટે સહાય કરે તે હેતુથી તેમની સાથે સંબંધો પુનઃપ્રસ્થાપિત કરવા જરૂરી છે.

### સમુદાય માટે એસએસકેના લાભ

વક્તાઓએ જણાવ્યું હતું કે એસએસકે 'સેવા'ના સભ્યો માટે ઘણાં ઉપયોગી નીવડ્યાં છે. અગાઉ, તેમણે સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે ઘણી લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું. વળી, વહીવટી અડચણોનો સામનો કરવા માટે સક્ષમ ન હોવાથી તેઓ ઘણી વખત અધવચ્ચેથી જ આગળની પ્રક્રિયા કરવાનું માંડી વાળતા હતા. ઘણી વખત પૂરતી માહિતીના અભાવે કે પછી અરજીની પ્રક્રિયાને અનુસરવા માટેની મદદના અભાવે તેઓ મળવાપાત્ર લાભોથી વંચિત રહી જતા હતા. તેમાંયે, મહિલાઓ યોજના માટેની જાણકારી મેળવવા માટે અધિકારીઓનો સંપર્ક સાધવામાં સાહજિકતા ન અનુભવતી હોવાથી તેમણે સૌથી વધુ સહન કરવું પડતું હતું. હવે, સમુદાયના સભ્યોએ એસએસકેની મદદ વિના પોતાની મેળે વિભાગનો સંપર્ક સાધવાનું અને અરજી દાખલ કરવાનું શરૂ કર્યું છે. એસએસકેની ટીમ માટે આ એક સંતોષકારક પ્રગતિ છે.

કેતકીએ એસએસકે વિશે અગાઉના રજૂઆતકર્તાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા કેટલાક મુદ્દાઓનો અનુવાદ કરવામાં મદદ કરી હતી તથા તેનો પુનરોચ્ચાર કર્યો હતો.

### રજૂઆતના મુખ્ય મુદ્દા

1. અસંગઠિત રોજગારી માટે મોટાભાગે નીચી અને અસુરક્ષિત આવક, બિનઆરોગ્યપ્રદ કાર્ય સ્થિતિ અને જોખમના ઊંચા પ્રમાણ જેવી લાક્ષણિકતાઓ દર્શાવવામાં આવે છે. સામાન્યપણે સંગઠિત ક્ષેત્રનાં કામદારોને જોખમના વ્યવસ્થાપનમાં મદદ પૂરી પાડતાં સામાજિક અને શ્રમ સંરક્ષણો આ શ્રમિકોની ઉપેક્ષા કરે છે.
2. સમુદાય આરોગ્ય કાર્યકર્તાઓ કે સ્વયંસેવકો તરીકે પસંદ થયેલા મહિલા અસંગઠિત કામદારોને તેમના સમુદાયોમાંથી શોધવામાં આવે છે અને તેમનાં નેતૃત્વ કૌશલ્યો અને સમુદાયમાં તેમની સામેલગીરીના આધારે તેમની પસંદગી કરવામાં આવે છે. આ રીતે, એસએસકેની રૂપરેખામાં 'સેવા'ના સભ્યપદના આધારની સહભાગીતાનું નિર્માણ કરવામાં આવે છે.
3. સમુદાય આરોગ્ય કાર્યકર્તાઓ આરોગ્ય અને અન્ય સામાજિક રક્ષણના અન્ય અધિકારો પ્રાપ્ત કરવા માટેની સમગ્ર પ્રક્રિયા દરમિયાન સમુદાયના સભ્યોની સાથે રહે છે.
4. 'સેવા' સમુદાય આરોગ્ય કાર્યકર્તાઓના શિક્ષણ અને સશક્તિકરણ પર ભાર મૂકે છે, કારણ કે તેઓ સમુદાય અને સરકાર વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે.
5. 'સેવા' આરોગ્ય કાર્યકર્તાઓ સરકારી અધિકારીઓને સમસ્યા જણાવીને, કામગીરીની સ્થિતિથી વાકેફ કરીને તેમજ હાથ ધરાયેલી સંયુક્ત પ્રવૃત્તિઓ બાદ તેની સ્થિતિ અંગે ચર્ચા કરીને તેમની સાથે સતત સંપર્ક જાળવી રાખે છે.
6. લોકો સુધી પહોંચવા માટે સ્થાનિક સ્તરે નેતૃત્વ પ્રસ્થાપિત કરવું જરૂરી છે. લોકો અધિકારો પ્રાપ્ત કરવાની આ પ્રક્રિયા ટકાવી રાખવા માટે સક્ષમ બને તે સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક આગેવાનોની ઓળખ નક્કી કરીને તેમને તાલીમ આપવી એ એક સચેત નિર્ણય હતો. ■

# ઝારખંડમાં પારદર્શી અને ઉત્તરદાયી વહીવટી વ્યવસ્થા માટેની પહેલ

- સસ્મિતા જેના, વેલ્થંગરહિલ્ફ[7]




સસ્મિતા જેનાએ ઝારખંડમાં 2014થી અમલીકૃત 'સુચારૂ વહીવટ' પ્રોજેક્ટના ભાગરૂપે 'વેલ્થંગરહિલ્ફ' કેવી રીતે સમુદાયની ગતિશીલતા અને સમુદાય આધારિત દેખરેખની કામગીરી સાથે સંકળાયેલું છે તેના પર ભાર મૂક્યો હતો. 'વેલ્થંગરહિલ્ફ' સંગઠન ભારત સહિત વિશ્વના ઘણા ભાગોમાં છેલ્લાં 45 વર્ષોથી કાર્યરત છે.

'વેલ્થંગરહિલ્ફ' ટીમ એ દિશાસૂચન હેઠળ કામ કરે છે કે ભ્રષ્ટાચાર સામે લડવાથી અને લોકોની સહભાગીતાને વેગ આપવાથી પારદર્શી અને ઉત્તરદાયી વ્યવસ્થા પ્રસ્થાપિત કરી શકાય છે, જે વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. પારદર્શી વ્યવસ્થા નાગરિકોને સુસંગત અને સમયસરની માહિતી પહોંચાડીને તેમને તેમના અધિકારોનો દાવો કરવા માટે સક્ષમ બનાવે છે. આદિવાસી અને દલિત જેવા સીમાંત જૂથોની ઐતિહાસિક ઉપેક્ષા અને તેમના સતત બહિષ્કાર ઉપરાંત ભ્રષ્ટાચારનાં ઊંડાં ઊતરી ચૂકેલાં મૂળિયાંને કારણે જાહેર સેવા વ્યવસ્થામાંથી લોકોનો વિશ્વાસ ઘટી ગયો છે. ઝારખંડ પણ તેમાંથી બાકાત નથી. તેના સ્થાનિક ભાગીદારો સાથે મળીને ઝારખંડના ચાર સૌથી અલ્પ વિકસિત જિલ્લાઓ (ખુંતી, દુમકા, પાકુર અને સાહેબગંજ)માં ગરીબી ને સામાજિક બહિષ્કારનું પ્રમાણ ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે ગુણવત્તાયુક્ત જાહેર સેવાઓની પહોંચ અને પ્રાપ્યતામાં સુધારો કરવા ક્ષેત્રે કામગીરી કરે છે. આ પહેલનો અમલ 78 પંચાયતો અને 950 ગામોમાં કરવામાં આવ્યો છે. આ દરમિયાનગીરી મુખ્યત્વે ગ્રામીણ રોજગારી, આરોગ્ય, પોષણ અને શિક્ષણ પર ભાર મૂકે છે. કાર્યક્રમ જાહેર સેવા પૂરી પાડનારાઓવધુ સારી રીતે સેવા પૂરી પાડી શકે તથા પારદર્શીતા અને ઉત્તરદાયિત્વ જળવાય તે માટે તેમની ક્ષમતા વધારવાનો હેતુ ધરાવે છે.સાથે જ આ પહેલનો હેતુ સ્થાનિક સ્થાનિક સ્વરાજ એકમોને નાગરિકોની બહેતર સહભાગીતા માટે તથા જાહેર સેવાઓના વધુ સારા આયોજન, વ્યવસ્થાપન અને દેખરેખ માટે સક્ષમ બનાવવાનો પણ છે. સમુદાયની ગતિશીલતા અને સહભાગીતા સ્થાનિક વહીવટી વ્યવસ્થાને મજબૂત કરવા માટેની ચાવી છે. આ પહેલમાં જાહેર સેવાઓ અને માહિતીના પ્રસારમાં રહેલી મહત્વની ઊણપો દૂર કરવા માટે તમામ ચાવીરૂપ કાર્યકરોને સામેલ કરવા એકથી વધુ હિતધારકોને સાથે રાખવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. પ્રોજેક્ટમાં હક્કો આધારિત અભિગમનો અમલ કરવામાં આવે છે. સાથે જ, એવો મત ધરાવવામાં આવે છે કે સમુદાયની ગતિશઈલતા નવતર માળખાંમાં થવી જોઈએ, જેથી ક્ષેત્રીય સ્તરે તેનો પદ્ધતિસર અમલ કરી શકાય અને ઇચ્છિત પરિણામો મેળવી શકાય. નિર્ણય લેવાની પ્રક્રિયામાં લોકો સંકળાય તે અત્યંત જરૂરી છે. જો આમ ન થાય, તો ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત થઈ શકે નહીં અને સેવા પૂરી પાડનારાઓ અને સેવા મેળવનારાઓ વચ્ચે જે અંતર પ્રવર્તે છે, તે દૂર થઈ શકે નહીં. આ સમગ્ર પ્રક્રિયા રાજકીય સ્વરૂપ ધરાવે છે.

## દરમિયાનગીરીના ચાવીરૂપ ક્ષેત્રો

### 1. સીબીઓનું ક્ષમતા-વર્ધન

લોકોને તેમના અધિકારો પ્રાપ્ત કરવા માટે માહિતી મળવી જરૂરી છે, પરંતુ જો તેમને આ માહિતીનો ઉપયોગ તેમના જીવનમાં તથા પોતાના લાભ માટે કરવાની જરૂરિયાત ન સમજાય, તો તે માહિતીનો કોઈ અર્થ રહેતો નથી. આથી સ્વ-સહાયના અભિગમ પર ભાર મૂકવામાં આવે છે, જેમાં લોકો તેમના હક્કો પ્રાપ્ત કરવા માટે માહિતી માંગવા અને તેનો ઉપયોગ કરવા માટે સક્ષમ બને છે.બંધારણીય ઘટક ધરાવતાં, નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ થવાનીઅને બદલાવ લાવવાની સંભવિતતા ધરાવતાં એસએમસી અને વીએચએસએનસી જેવાં સામુદાયિક માળખાંઓને મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવે છે. ઉદાહરણ તરીકે, એસએમસી શાળાની વિકાસ યોજનાઓની તૈયારીમાં ભાગ લે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ પ્રક્રિયામાં

*7. સસ્મિતા જેના છેલ્લાં 7 વર્ષોથી Welthungerhilfe સાથે જોડાયેલાં છે. વિકાસ ક્ષેત્રે તેઓ 17 વર્ષ કરતાં વધુ સમયનો અનુભવ ધરાવે છે તેમજ આજીવિકા, વહીવટ, માનવ હક્કો અને હિમાયત જેવા પ્રશ્નો પર કાર્ય કરે છે.*

સામેલ થઈને દર વર્ષે બાળકોના શાળા પ્રવેશની આકારણી કરી શકે છે અને સાથે જ શાળા માટે માળખાકીય સુવિધા અને માનવ સંસાધનની જરૂરિયાતોની પણ આકારણી કરી શકે છે. અંદાજપત્રીય ફાળવણી એસએમસી દ્વારા વિકસાવાયેલી અને સુપરત કરવામાં આવેલી યોજનાઓ સાથે સંકળાયેલી છે. ગામમાં શિક્ષણ સેવાઓને સુવ્યવસ્થિત કરવાની તેમની સંભવિતતાને જોતાં, સેવાઓનું આયોજન કરવા માટે, સેવાઓની સમીક્ષા કરવા માટે તથા તેમના પર દેખરેખ રાખવા માટે તેમની ક્ષમતાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરિણામે, તેઓ શાળા યોગ્ય રીતે કાર્ય કરે તે સુનિ િચત કરવા માટે સેવાની માગણી કરવાની સાથે-સાથે પોતાની મેળે પગલાં પણ ભરે છે. એક કિસ્સામાં, એસએમસીએ શાળા ફરતે ભીંત ઊભી કરવાની માગણી કરી હતી, પરંતુ ભંડોળ મળે તેની રાહ જોવાને બદલે તેમણે આ કાર્ય માટે સામુદાયિક યોગદાન થકી ભંડોળ એકત્રિત કર્યું હતું.

### 2. સૂક્ષ્મ આયોજન માટે સ્થાનિક સ્વયંસેવક જૂથનો આધાર ઊભો કરવો

જો સમુદાય આયોજનની પ્રક્રિયામાં સામેલ ન થાય, તો આયોજન ઉપરથી નીચેના ક્રમે આયોજિત થાય છે. સામુદાયિક રેડિયો સ્વયંસેવકો, પાયાના માહિતી પ્રસ્તુતકર્તાઓ અથવા તો સૂચના મિત્રો જાહેર યોજનાઓ અને કાર્યક્રમોની સંક્ષિપ્ત વિગતો પૂરી પાડે છે. દરેક ગામમાં એક પુરુષ અને એક મહિલા સ્વયંસેવકને સમુદાયને માહિતી પૂરી પાડવાની તાલીમ આપવામાં આવી છે. આ સ્વયંસેવકો લોકોને ફોર્મ ભરવા અને ફોર્મ ક્યાં સુપરત કરવાં તે સહિતનાં વિવિધ પાસાંઓ અંગે માર્ગદર્શન પૂરૂં પાડે છે. આ અભિગમ ગ્રામીણ સ્તરે ક્ષમતા જાળવી રાખવામાં અને પ્રોજેક્ટ પરની સમુદાયની નિર્ભરતા ઘટાડવામાં ઉપયોગી નીવડે છે. ઘણા વિસ્તારોમાં પ્રાયોગિક ધોરણે આ પહેલ શરૂ કરવામાં આવી છે. જો તે મદદરૂપ જણાય, તો રાજ્ય સરકાર સાથે જોડાણ કરીને તેનો અમલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તમામ દરમિયાનગીરીઓમાં મહિલાઓની સહભાગીતાને મહત્વ આપવામાં આવે છે. મહિલાઓ બેઠકોમાં હાજરી આપતી થઈ છે અને જાહેરમાં તેમના પ્રશ્નોને વાચા આપતી થઈ છે. જોકે, આ ક્ષેત્રે મહિલાઓ અને પુરુષોની સમાન સહભાગીતા માટે વધુ સમય લાગશે.

### 3. સમુદાય આધારિત દેખરેખ

વીએચએસએનસીએ ઉપયોગ માટે ચિત્રાંકિત મૂલ્યાંકન પદ્ધતિ વિકસાવી છે. તેમાં આશા, ઓક્ઝિલિયરી નર્સ મિડવાઇઝ (એએનએમ) અને એડબલ્યુડબલ્યુ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની યાદી છે. સમિતિના સભ્યો દર મહિને સેવાની નોંધ કરે છે. આ પ્રક્રિયા તેમને કયા અધિકારો નથી મળ્યા અને તે પાછળ કયાં કારણો જવાબદાર છે, તે જાણવામાં ઉપયોગી નીવડે છે. જેમકે, તેઓ જાણી શકે છે કે તેમનાં બાળકોને આંગણવાડીમાં કે શાળામાં કયું ભોજન પીરસવામાં આવે છે. આ વિશ્લેષણના આધારે તેઓ સંબંધિત સેવા પૂરી પાડનાર અને/અથવા પાયાના કાર્યકરો સાથે ચર્ચા કરી શકે છે. આ પદ્ધતિને કારણે પાયાના કાર્યકરો સમુદાયને ગતિશીલ કરવા માટે, સેવાઓ પર દેખરેખ રાખવા માટે અને ઊણપો શોધવા માટે વધુ અસરકારક રીતે સક્ષમ બન્યા. જ્યાં આ કામગીરી કરવામાં આવી છે, તેવા 200 પૈકીના 50 ટકા ગામડાંઓમાં સમુદાયે ગામની આરોગ્ય યોજનાઓના વિકાસમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે. સામાન્યપણે આ યોજનાઓ સમુદાયની જરૂરિયાતો તથા આરોગ્ય તથા અન્ય જરૂરી પાસાંઓને લગતી વાસ્તવિક જરૂરિયાતોને ધ્યાનમાં લીધા વિના ઉપરછલ્લી રીતે તૈયાર કરવામાં આવતી હોય છે. જોકે, ગ્રામીણ સ્તરની યોજનાઓ આગામી ચરણ (તાલુકા અને જિલ્લા સ્તરે) સુધી યોગ્ય રીતે પ્રતિબિંબિત થયા નથી, જે ચિંતાનો વિષય છે.

### 4. સામાજિક તપાસણી

સામાજિક તપાસણી પ્રાયોગિક ધોરણે દુમકા જિલ્લાના જામા તાલુકામાં શરૂ કરવામાં આવી હતી. આ પ્રયોગ 'સુચારૂ વહીવટ' પ્રોજેક્ટ હેઠળ હાથ ધરવામાં આવ્યો હતો અને તે સફળ રહ્યો હતો. ત્યાર બાદ, હવે સરકારી સામાજિક તપાસણી એકમ (સોશ્યલ ઓડિટ યુનિટ - એસએયુ), ઝારખંડ દ્વારા તે રાજ્યભરમાં શરૂ કરવામાં આવ્યો છે. પારદર્શીતા તથા ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવા માટેની આ મહત્વની અને સાથે જ પડકારજનક પ્રક્રિયા છે.

### 5. રાજ્ય અને જિલ્લા સ્તરીય વહીવટી તંત્ર સાથે જોડાણ કરીને નવતર સહભાગી પદ્ધતિનો ઉપયોગ અને વિકાસ

સહભાગી શિક્ષણ અને કામગીરી (પાર્ટિસિપેટરી લર્નિંગ એન્ડ એક્શન-પીએલએ) એ સામુદાયિક સહભાગીતા પદ્ધતિ છે અને માતા તથા નવજાત શિશુના આરોગ્યની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને 100 ગામોમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પીએલએને રાજ્ય સરકારની સ્વીકૃતિ પ્રાપ્ત થઈ હતી અને રાજ્ય સરકારે કામગીરીના શ્રેષ્ઠ મોડલ તરીકે આ પદ્ધતિ અપનાવી હતી. ઝારખંડ સરકારે હવે આ પદ્ધતિને સમગ્ર રાજ્યમાં વિસ્તારી છે. તેના લીધે સમુદાય, ખાસ કરીને મહિલાઓને આરોગ્ય સંબંધિત ખોટી રીતો બદલવામાં તથા સરકાર પાસેથી તેમના હક્કોની માગણી કરવામાં મદદ મળી છે.

5.1 સહભાગી શિક્ષણ અને કામગીરીઃ ચિત્રોનો ઉપયોગ કરીને સમુદાયને માતા અને નવજાત શિશુની કાળજીને લગતી સમસ્યાઓની ચર્ચા કરવામાં મદદ પૂરી પાડવામાં આવે છે. સૌપ્રથમ મહિલાઓ માતા અને શિશુના આરોગ્ય (એમસીએચ), ઉપલબ્ધ સેવાઓ તથા કાળજી લેવામાં ઇચ્છિત પરિવર્તન લાવવાનાં વિવિધ પાસાંઓ અંગે માહિતી મેળવે છે. ત્યાર પછી તેઓ તેમના હક્કોની માગણી માટે રજૂઆત કરે છે. મહિલાઓએ જનની સુરક્ષા યોજના (જેએસવાય)

અને એડબલ્યુની સેવાઓ હેઠળના લાભ મેળવવા માટે માહિતીનો ઉપયોગ કર્યો છે. આ પદ્ધતિ અને અભિગમ 100 જિલ્લાઓમાં શરૂ કરવામાં આવ્યાં હતાં અને હવે ઝારખંડ સરકારે તેનો અમલ કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા ઉપયોગમાં લેવાતા આશા કાર્યકરોના તાલીમ માટેના મોડ્યૂલના પ્રકરણ-7માં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

5.2 માતાઓ માટે મોબાઇલઃ આ મોબાઇલ એપ્લિકેશન (એપ) છે, જે આશા કાર્યકરોને ગર્ભવતી મહિલાઓની સલામત પ્રસૂતિ ન થાય, ત્યાં સુધી તેમના આરોગ્યના માપદંડોની નોંધ કરવામાં મદદરૂપ થાય છે. માહિતી અને ટેકનોલોજી વિભાગ અને કમ્યુનિટી મોબિલાઇઝેશન સેલ, રાષ્ટ્રીય આરોગ્ય મિશનના સહકારથી આ પહેલનો અમલ કરવામાં આવી રહ્યો છે.

5.3 સૂક્ષ્મ આયોજન ફ્લિપ બુકઃ આ સામુદાયિક સ્તરે લાગુ કરી શકાય તેવી સહભાગીતા આધારિત આયોજન અને વહીવટ પદ્ધતિ છે. આ પદ્ધતિ સહભાગીતા આધારિત સૂક્ષ્મ આયોજન તૈયાર કરીને તેનો અમલ કરવામાં તથા સરકારી યોજનાઓ વેની માહિતી અને પહોંચમાં વધારો કરવામાં ઉપયોગી છે. સઘન પ્રચાર અને આવી પદ્ધતિનો અમલ એમજીનરેગાની કાયાપલટ કરી શકે છે, કારણ કે તેના થકી લોકો માહિતી મેળવી શકશે અને સાથે જ સમગ્ર પ્રક્રિયાને અસરકારક બનાવી શકશે. આ નવતર પદ્ધતિઓ સમુદાયને ગતિશીલ કરવામાં તેમજ સેવા પૂરી પાડવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં મદદરૂપ બની છે.

### 6. ગ્રામીણ વિકાસ માટે સ્થાનિક સ્વરાજના નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું ક્ષમતા-વર્ધન કરવું

14મા નાણાં પંચના નિર્ણયના ભાગરૂપે, ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ (જીપીડીપી) તૈયાર કરવા માટે 2015-2020 દરમિયાન પીઆરઆઈને પ્રત્યક્ષપણે આશરે બે લાખ કરોડની ફાળવણી કરવામાં આવશે. જો પંચાયત આ ભંડોળનો યોગ્ય ઉપયોગ કરે તે માટે તેનું ક્ષમતા વર્ધન કરવામાં ન આવે, તો ભંડોળનો દુરુપયોગ થવાની પ્રબળ શક્યતાઓ રહેલી છે. પીઆરઆઇ પ્રતિનિધિઓ અંદાજપત્રો તથા ખર્ચનું આયોજન કરી શકે તથા તેની નોંધ રાખી શકે તે માટે તેમનું ક્ષમતા-વર્ધન કરવામાં આવ્યું છે. યોજના બનાઓ અભિયાન અને જીપીડીપી આયોજન પ્રક્રિયા માટે ફ્લિપ બુક વિકસાવાઈ છે, જે સમસ્યાની ઓળખ કરવી, તેનું વિશ્લેષણ, સંસાધન અને સામાજિક માપન વગેરે સહિત આયોજનની પ્રક્રિયાનાં તમામ ચરણોને આવરી લે છે. સમુદાય આયોજન માટે તબક્કાવાર અભિગમ અપનાવે તે માટે તેમને માર્ગદર્શન પૂરૂં પાડવા અને મહિલાઓ, સ્થળાંતરિતો વગેરે સહિતનાં તમામ સીમાંત જૂથો યોજનામાં સમાવિષ્ટ થઈ જાય તે સુનિશ્ચિત કરવા માટે આમ કરવામાં આવ્યું છે. સ્થાનિક સ્તરે ક્ષમતા-વર્ધન માટે આ પદ્ધતિઓ અને પરિચય પુસ્તિકાઓ વિકસાવાઈ છે.

### પડકારોનો સામનો

- ગુણવત્તા પરનું નિયંત્રણ જાળવવું
- ઉચ્ચ ગુણવત્તા માટેની પરવાનગી મેળવવાની પ્રક્રિયામાં વિલંબ થાય છે
- સૌથી વધુ બહિષ્કૃત હોય તેવાં જૂથોને તમામ તબક્કે સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે તે સુનિ ચિત કરવું
- તાલીમબદ્ધ સ્વયંસેવકોનું નીકળી જવું
- ખોટી પ્રવૃત્તિ આચરનારાં લોકોનાં કૃત્યો જાહેર કરવામાં આવતાં ખાસ કરીને સામાજિક તપાસણીની પ્રક્રિયામાં તેવા લોકોના વિપરિત પ્રતિભાવોનો સામનો કરવો.

### રજૂઆતના મુખ્ય મુદ્દા

1. ભ્રષ્ટાચાર સામે લડત આપવાથી અને લોક-ભાગીદારીને વેગ આપવાથી પારદર્શી અને ઉત્તરદાયી વ્યવસ્થા પ્રસ્થાપિત થઈ શકે છે, જે વિકાસ માટે મહત્વપૂર્ણ છે.
2. આ કાર્યક્રમનો હેતુ બહેતર સેવા પૂરી પાડવામાં આવે અને પારદર્શીતા અને ઉત્તરદાયિત્વ જળવાય તે માટે જાહેર સેવા પૂરી પાડનારાઓ અને કર્મચારીઓની ક્ષમતા વધારવાનો છે.
3. સામુદાયિક ગતિશીલતા અને સહભાગીતા સ્થાનિક વહીવટી વ્યવસ્થાને મજબૂત કરવાની ચાવી છે.
4. જો લોકો ભાગ નહીં લે, તો ઉત્તરદાયિત્વ સુનિ ચિત થઈ શકશે નહીં, જેના પરિણામે, સેવા મેળવનારાઓ તથા સેવા પૂરી પાડનારાઓ વચ્ચેનું અંતર પૂરી શકાશે નહીં.
5. જ્યારે લોકો માહિતી મેળવવા માટે સક્ષમ હોય અને તેમના હક્કો પ્રાપ્ત કરવા માટે તેનો ઉપયોગ કરે, ત્યારે સ્વ-સહાય અભિગમ પર ભાર મૂકવામાં આવે છે.
6. સામુદાયિક માળખું (ગામ સ્તરીય સમિતિઓ) મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવે છે, જે બંધારણીય ઘટક છે. તેની સાથે જ નિર્ણય લેવાની પ્રક્રિયા અને પરિવર્તન લાવવાની સંભવિતતા પર ભાર મૂકવામાં આવે છે.
7. જો સમુદાય આયોજનની પ્રક્રિયામાં સામેલ ન થાય, તો આયોજન ઉપરથી નીચેના ક્રમે આયોજિત થાય છે. ■

# દેશના પાંચ પછાત જિલ્લાઓમાં માંગના સર્જન માટે ડીપીઓને મજબૂત કરવાં

- ગૌરબ સેન[8], સમ્મેલિત વિકાસ જાણકારી, જર્મન લેપ્રસી એન્ડ ટીબી રીલિફ એસોસિએશન




ગૌરબ સેને જણાવ્યું હતું કે 'જર્મન લેપ્રસી એન્ડ ટીબી રીલિફ એસોસિએશન' (જીએલઆરએ) ઇન્ડિયા વિકલાંગ લોકોનાં સંગઠનો (ડીપીઓ)ને મજબૂત કરવા માટે 2014થી પ્રોજેક્ટનો અમલ કરી રહ્યું છે. 'સમ્મેલિત વિકાસ જાણકારી'નો ઉદ્દેશ્ય ઓરિસ્સા, બિહાર, મધ્ય પ્રદેશ અને ગુજરાત એ ચાર રાજ્યોના પાંચ પછાત જિલ્લાઓમાં વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓ (પીડબલ્યુડી) સુધી જાહેર યોજનાઓ અંગેની માહિતીની પહોંચમાં સુધારો લાવવાનો છે.

પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશ્યો આ પ્રમાણે છેઃ (એ) પીડબલ્યુડીને મળવાપાત્ર જાહેર સેવાઓ પૂરી પાડવાની ગુણવત્તામાં સુધારો કરવો, (બી) સમાજમાં ડીપીઓની સહભાગીતા વધે તે માટે તેમને સુસજ્જ કરવા તથા તેમનું સશક્તિકરણ કરવું, (સી) સેવા પૂરી પાડનારાઓ સહિત વહીવટી વ્યવસ્થામાં ઉત્તરદાયિત્વને વેગ આપવો, (ડી) પીડબલ્યુડી માટે સમાન તકો સુનિ ચત કરવી તથા તેમના માટે બહેતર જીવન ગુણવત્તા શક્ય બનાવવી, અને (ઇ) ગરીબી ઘટાડવી અને સમાવેશક વિકાસને વેગ આપવો.

પ્રોજેક્ટના અમલીકરણની પ્રક્રિયામાં જીએલઆરએનાં ભાગીદાર સંગઠનોએ ઘેર-ઘેર સર્વે કરીને પીડબલ્યુડીની ઓળખ કરી અને તેમની વિગતો સાથેનો ડેટાબેઝ તૈયાર કર્યો. ઓળખ કર્યા બાદ ગામ તથા પંચાયત સ્તરે વિકલાંગ વ્યક્તિઓનાં જૂથો (ડીપીજી)ની રચના કરવામાં આવી. ગામ કે પંચાયતમાં રહેનારાં તમામ પીડબલ્યુડીને જૂથનાં સભ્યો તરીકે સામેલ કરવામાં આવ્યાં. ગંભીર વિકલાંગતા ધરાવનારી કે માનસિક અસ્થિરતા, માનસિક બિમારી અને ઓટિઝમ ધરાવનારી વ્યક્તિઓના કિસ્સામાં તેમના પાલકોને ડીપીજીના સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા. ડીપીજીના આગેવાનોને તાલુકા સ્તરે રચાયેલાં ડીપીઓના સભ્યો તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ કાર્યક્ષેત્ર હેઠળના કુલ 48 તાલુકાઓમાં અમલી છે અને દરેક તાલુકામાં એક ડીપીઓની રચના કરવામાં આવી છે. આ પ્રકારે કુલ 48 ડીપીઓ છે અને તેમાં 1547 સભ્યો છે.

ડીપીઓ સભ્યોને ડીપીઓના માળખાં, દ્રષ્ટિકોણ અને મિશન અંગે સંવેદનશીલ કરવામાં આવે છે. ડીપીઓના સભ્યોને ઝાંખી દ્રષ્ટિ ધરાવનારા એક બાહ્ય નિષ્ણાત દ્વારા તાલીમ આપવામાં આવી છે. સભ્યોને તાલીમ આપવા માટે ડીપીઓ માર્ગદર્શિકા (ડીપીઓ બિલ્ડીંગ ગાઇડ) તૈયાર કરવામાં આવી છે. સભ્યો તેમના પ્રશ્નોની ચર્ચા કરવા માટે માસિક ધોરણે મળે છે. બેઠકોમાં ચર્ચાયેલાં કેટલાંક પાસાં આ પ્રમાણે છેઃ સરકારી યોજનાઓ અને સેવાઓ, સંબંધિત માહિતી મેળવવા માટે માહિતી મેળવવાના અધિકાર (આરટીઆઇ) હેઠળ અરજી દાખલ કરવાની પ્રક્રિયા તથા સરકાર સાથે વાટાઘાટ કરવી. બેઠક દરમિયાન ચર્ચાયેલા મુદ્દાઓની ટૂંકી નોંધ તૈયાર કરવામાં આવે છે અને બેઠકો દરમિયાન તે અંગે ઠરાવ કરવામાં આવે છે. પ્રોજેક્ટના ત્રીજા વર્ષમાં, દરેક જિલ્લામાં ડીપીઓમાંથી પસંદગીયુક્ત આગેવાનો સાથે ડિસેબલ્ડ પિપલ્સ ફેડરેશન્સ (ડીપીએફ)ની રચના કરવામાં આવી રહી છે. હાલમાં આ પ્રોજેક્ટ હેઠળ પાંચ જિલ્લા સ્તરીય ડીપીએફ છે.

## ડીપીઓને મજબૂત કરવાં

પ્રથમ બે વર્ષ દરમિયાન ડીપીઓને તાલીમ આપવા, તેમને અરજીઓ લખવા માટે સક્ષમ બનાવવા, આરટીઆઇ અરજીઓ દાખલ કરાવવા અને વાટાઘાટનાં કૌશલ્યો વિકસાવવા માટે સહયોગી સંગઠનોએ મદદ પૂરી પાડી હતી.

ડીપીઓને વિવિધ પ્રક્રિયાઓ દ્વારા મજબૂત કરવામાં આવ્યાં છેઃ
• દર વર્ષે ડીપીઓના સભ્યો માટે રિફ્રેશર તાલીમ હાથ ધરાય છે. બે

*8. ગૌરબ સેન 2014થી જર્મન લેપ્રસી એન્ડ ટીબી રિલીફ એસોસિએશન (ભારત) સાથે પ્રોજેક્ટ મેનેજર તરીકે જોડાયેલા છે. વિકાસલક્ષી ક્ષેત્રમાં તેઓ 14 વર્ષનો કાર્ય-અનુભવ ધરાવે છે, જેમાંથી 11 વર્ષ સુધી તેઓ વિકલાંગતાના ક્ષેત્રમાં કાર્યરત રહ્યા છે.*

દિવસની આ તાલીમ દરમિયાન સહભાગીઓ ડીપીઓની રચના, પીડબલ્યુડી માટે આવકનું સર્જન, રોજગારી અને હિમાયતની પ્રક્રિયાઓ વિશે સમજૂતી આપવામાં આવે છે.

- જિલ્લા કક્ષાએ ડીપીઓના સભ્યોની યોજાતી ત્રિમાસિક સમીક્ષા બેઠકો દરમિયાન પીડબલ્યુડીના પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરવામાં આવે છે અને સ્થાનિક પ્રશ્નોને નિશ્ચિત સમય-મર્યાદામાં ઉકેલવા માટે આગેવાનો વ્યૂહરચના ઘડે છે.
- ડીપીઓના સભ્યોને રાજ્યનાં અન્ય પ્રસ્થાપિત ડીપીઓની મુલાકાતે લઈ જવામાં આવે છે, જેથી સભ્યોને તેમની સમાવેશક ચળવળના અનુભવ વિશે જાણકારી અને સમજૂતી મેળવવાની તક મળી રહે.
- ડીપીઓ સભ્યો પ્રોજેક્ટના રાજ્ય સ્તરીય વાટાઘાટના કાર્યક્રમમાં પણ ભાગ લે છે, જ્યાં તેઓ ડિસેબિલિટી કમિશનર જેવા રાજ્ય કક્ષાના અધિકારીઓને મળે છે અને તેમના હક્કોની હિમાયત કરે છે.
- ડીપીઓના સભ્યોને તાલુકા અને જિલ્લા કક્ષાની બહુ-વિભાગીય સહ-નિર્દેશન બેઠકોમાં પણ આમંત્રણ પાઠવવામાં આવે છે, જ્યાં તેઓ સરકારી અધિકારીઓને મળે છે અને તેમના હક્કો તથા મળવાપાત્ર લાભોની હિમાયત કરે છે.
- ડીપીઓનાં મહિલા સભ્યો અને વિકલાંગતા ધરાવતી છોકરીઓને આરોગ્ય, સ્વચ્છતા, શિક્ષણ, આજીવિકાના વિકલ્પો અને સ્વ-સહાય જૂથો (એસએચજી) અંગે વધારાની તાલીમ આપવામાં આવે છે.

## સામૂહિક માગનું સર્જન

ડીપીઓના સભ્યો મહિનામાં એક વખત તાલુકા સ્તરે મળે છે અને જિલ્લા સ્તરે દર ત્રણ મહિને બેઠક યોજે છે. તાલુકા કક્ષાની બેઠકોમાં, ડીપીઓના સભ્યો તેમના સંબંધિત ગામ કે પંચાયતમાં પીડબલ્યુડીના પ્રશ્નોની ચર્ચા કરે છે અને તેનું નિરાકરણ લાવવાની માગણી કરે છે. પીડબલ્યુડીની માગણીઓની જિલ્લા સ્તરે ચર્ચા કરવામાં આવે છે અને સરકાર સાથે પદ્ધતિસરની વાટાઘાટ કરવા માટેની વ્યૂહરચના વિકસાવવામાં આવે છે. યોજના સેવા માટે અરજી કરી ચૂકેલા પીડબલ્યુડી માટેની પ્રક્રિયા કેટલી આગળ વધી તેની તપાસ કરવામાં આવે છે.

સરકારી અધિકારીઓ સાથે જિલ્લા અને તાલુકા સ્તરે સતત વાટાઘાટના પરિણામસ્વરૂપે સરકારી અધિકારીઓ અને પંચાયતના પ્રતિનિધિઓ પીડબલ્યુડીની જરૂરિયાતો તથા સમસ્યાઓથી વધુ વાકેફ થયા છે. પીડબલ્યુડી તેમને મળવાપાત્ર અધિકારો મેળવવા માટે સમર્થ છે કે કેમ તેની આકારણી કરવા માટે ડીપીઓના સભ્યોને તેમના સંબંધિત તાલુકાઓની વિવિધ ગ્રામ સભાઓ/પલ્લી સભાઓમાં આમંત્રિત કરવામાં આવે છે.

ડીપીઓના સભ્યોને પ્રોજેક્ટ હેઠળ અમલીકૃત તમામ પ્રવૃત્તિઓમાં આમંત્રિત કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, તેઓ પીઆરઆઇ સભ્યોની તાલીમમાં, માતા-પિતાને સલાહ-સૂચન આપવા અંગેના કાર્યક્રમોમાં તથા આશા, એડબલ્યુડબલ્યુ અને શિક્ષકો માટે યોજાતી તાલીમોમાં ઉપસ્થિત રહી ચૂક્યા છે. તેના કારણે પીડબલ્યુડી અને વિવિધ હિતધારકો વચ્ચે વિશિષ્ટ સંબંધ પ્રસ્થાપિત થયો છે. કેટલાક ડીપીઓ સભ્યો પીડબલ્યુડીની સ્થિતિ વિશે જાણકારી આપે તે માટે તેમને આ તાલીમોમાં રિસોર્સ પર્સન તરીકે આમંત્રણ પાઠવવામાં આવે છે.

## અસર

ડીપીઓની રચના જાગૃતિ ફેલાવવામાં, પ્રાપ્યતા અને સહભાગીતામાં વધારો કરવામાં, ઉત્તરદાયિત્વ અને ભાગીદારી વધારવામાં અને ભેદભાવ તથા અસમાનતાઓ ઘટાડવામાં મદદરૂપ બની છે. પ્રોજેક્ટ હેઠળના પાંચ જિલ્લાઓમાં પીડબલ્યુડીની રજૂઆતો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

પ્રોજેક્ટના પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન ડીપીઓના સભ્યોના સામૂહિક પ્રયાસોનાં કેટલાંક હકારાત્મક પરિણામો પ્રાપ્ત થયાં છે. છેલ્લાં ત્રણ વર્ષોમાં 213 પંચાયતોએ ગરીબી દૂર કરવાની યોજનાઓમાં પીડબલ્યુડી માટે ત્રણ ટકા અનામતની જોગવાઈ કરી છે. એક મધ્યવર્તી સર્વેનાં તારણો અનુસાર, અનામતના પરિણામે, બાલાંગિરમાં 77 ટકા પીડબલ્યુડી, કૈમુરમાં 69 ટકા, પૂર્વ ચંપારણમાં 33 ટકા, બનાસકાંઠામાં 37 ટકા અને બરવાનીમાં 16 ટકા પીડબલ્યુડીએ ઇન્દિરા આવાસ યોજના હેઠળ લાભ મેળવ્યો છે.

અત્યાર સુધીમાં પાંચ જિલ્લાના ડીપીઓ આગેવાનો દ્વારા 6,350 વિકલાંગતા પ્રમાણપત્રો, 2,288 વિકલાંગતા પેન્શન અને 263 શિષ્યવૃત્તિઓ આપવામાં આવ્યાં છે.

2016ની બિહારની પંચાયતની ચૂંટણીમાં 31 ડીપીઓ આગેવાનોએ ઉમેદવારી નોંધાવી હતી અને તેમાંથી સાત આગેવાનો ચૂંટણી જીતી ગયા હતા. તેમની પ્રેરણા તથા તેમના સમુદાયની આગેવાની કરવાનો તેમનો ઉત્સાહ સ્પષ્ટ છે.

બિહારમાં ડીપીઓના આગેવાનો દ્વારા કરવામાં આવતી વાટાઘાટો કૈમુર અને પૂર્વ ચંપારણના જિલ્લાઓમાં તાલુકા સ્તરે વિકલાંગતા પ્રમાણપત્રો જારી કરવામાં પરિણમી છે. 2015માં કૈમુર જિલ્લાના તમામ છ તાલુકાઓમાં વિકલાંગતા પ્રમાણપત્ર માટેના મોટા શિબિરો યોજાયા હતા, જેમાં 187 પીડબલ્યુડીને વિકલાંગતા પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યાં હતાં.

**જુઓ પૃષ્ઠ ૨૯**

# માંગ ઊભી કરવા માટે સમુદાયનું નિર્માણ કરવું

- સાયન કોંગારી[9], 'એક્શનએઈડ'




સાયન કોંગારીએ જણાવ્યું હતું કે વર્તમાન પ્રોજેક્ટ હેઠળ 'એક્શન એઇડ' જાહેર કાર્યક્રમો અને યોજનાઓ સુધીની લોકોની પહોંચ વધારવા માટે છ રાજ્યોમાં કાર્યરત છે. છેલ્લાં ત્રણ વર્ષમાં તેણે નીચેના મુદ્દાઓ પર ભાર મૂક્યો છેઃ

- સરકારનું ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવું
- લોકો દ્વારા સામાજિક તપાસણી અને જાહેર સુનાવણીના ઉપયોગ માટે વાટાઘાટ
- સરકારને ઉત્તરદાયિ રાખવા માટે અને માગ વધારવા માટે સરકાર સાથે કામગીરી કરવી તથા સામુદાયિક ગતિશીલતાને મદદ પૂરી પાડવી
- સામૂહિક આગેવાની ઊભી કરવી અને તે આગેવાનીનું સશક્તિકરણ કરવું

સાયને 'યુરોપિયન યુનિયન' (ઇયુ)નો સહયોગ ધરાવતા 'જાહેર યોજનાઓ/કાર્યક્રમો અંગેની માહિતીની પહોંચ' પ્રોજેક્ટના અમલકર્તા ભાગીદારો દ્વારા સામૂહિક ધોરણે હાથ ધરી શકાય તેવા કેટલાક મુદ્દા રજૂ કર્યા હતા, જે નીચે મુજબ છેઃ

- સામાજિક સેવાઓ અને સામાજિક સુરક્ષા અંગે જાહેર ખર્ચમાં નોંધપાત્ર વધારો થાય તે સુનિશ્ચિત કરવુંઃ હાલમાં જીડીપીની ટકાવારી અનુસાર દક્ષિણ આફ્રિકામાં સામાજિક ક્ષેત્ર પાછળ 15 ટકા અને વેનેઝુએલામાં 23 ટકા ખર્ચ થાય છે. તેની સરખામણીમાં, ભારતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સામાજિક ક્ષેત્ર પાછળ કરવામાં આવતો સંયુક્ત ખર્ચ જીડીપીના ફક્ત સાત ટકા છે. અમારી માગણી છે કે, આ પ્રમાણ બમણું કરીને 15 ટકા કરવામાં આવે.
- તમામ લક્ષિત ફોર્મને તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવે અને તમામ અધિકારો અને લાભોને સાર્વત્રિક બનાવવામાં આવે.
- સામાજિક સેવાઓનું ખાનગીકરણ કરવામાં આવ્યું હોવાનાં સેંકડો ઉદાહરણો છે. રાજસ્થાનમાં ઘણી શાળાઓ બંધ કરી દેવાઈ છે અને તેમનું વિલીનીકરણ કરવામાં આવ્યું છે. આપણે સામાજિક સેવાઓ પૂરી પાડતી જાહેર વ્યવસ્થાઓને નબળી પાડતાં તમામ પ્રકારનાં ખાનગીકરણ અને કરારોને બંધ કરવાની માગણી કરવી જોઈએ. આ વિપરિત પ્રવાહનું સામૂહિક સ્તરે કેવી રીતે નિરાકરણ લાવી શકાય અને સરકારને કેવી રીતે ઉત્તરદાયી બનાવી શકાય તે અંગે સમુદાયે મંત્રણા કરવી જોઈએ.
- ઘણા ભાગીદારોએ સમુદાય આધારિત દેખરેખની વ્યવસ્થા વિકસાવવાનો પ્રયત્ન કર્યો છે. વિવિધ સામાજિક સેવાઓના લાભાર્થીઓ હોય તેવા સામાન્ય લોકોએ સેવા પર દેખરેખ રાખવાની કામગીરીમાં સક્રિયપણે સામેલ થવું જોઈએ અને આ સેવાઓને લોકો માટે અસરકારક રીતે ઉત્તરદાયી બનાવવી જોઈએ - આ વિચારને વ્યાપક સ્વીકૃતિ મળવી જોઈએ. મહારાષ્ટ્રનાં સેંકડો ગામોમાં જાહેર સેવાઓ પર સમુદાય આધારિત દેખરેખનાં હકારાત્મક પરિણામો જોવા મળ્યાં છે. આવી સહભાગી દેખરેખ વિવિધ સામાજિક સેવાઓ માટે સાર્વત્રિક બનાવવી જોઈએ.
- સાર્વત્રિક જોગવાઈના ભાગરૂપે મહિલાઓ, દલિતો, આદિવાસીઓ, લઘુમતી સમુદાયો અને વિચરતા સમુદાયો જેવાં વંચિત અને સીમાંત સામાજિક જૂથોને ગુણવત્તાયુક્ત સામાજિક સેવાઓ ચોક્કસપણે પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. આ માટે દેખરેખ અને યોગ્ય ધોરણો સુનિશ્ચિત કરવાં જરૂરી છે. ■

*9. સાયન કોંગારી છેલ્લાં આઠ વર્ષથી 'એક્શન એઇડ' સાથે પ્રોગ્રામ મેનેજર, ડેમોક્રેટાઇઝેશન નોઇંગ એક્ટિવિસ્ટ હબ તરીકે જોડાયેલાં છે. તેઓ જુદા-જુદા નેટવર્કના પ્રોજેક્ટ વ્યવસ્થાપન, એક્શન રિસર્ચ, પોલિસી એજવોકસી અને ફેસિલિટેશન સાથે સંકળાયેલાં છે.*

# ચર્ચા અને અધ્યક્ષની નોંધ

**ચર્ચા**

પ્ર. શું એસએસકે સાથેની તમારી કામગીરીમાં તમે વિકલાંગતા ધરાવનારી મહિલાઓ (ડબલ્યુડબલ્યુડી)ને યોજનાઓ સુધીની પહોંચ મળી રહે તે માટેની મદદ પૂરી પાડી છે? (નંદિની રાવલ, બીપીએ)

જ. સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (સીએચસી) ખાતે વિકલાંગતા ધરાવનારી મહિલાઓ માટે ઘણા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. સીએચસી ખાતેના ડોક્ટરે કાર્યક્રમ હાથ ધર્યો હતો અને સ્ત્રીઓને સાઇકલ તથા અન્ય જરૂરી ઉપકરણો આપવામાં આવ્યાં હતાં. (કેતકી ફણસે, એસએસકે)

પ્ર. હું જાણવા ઈચ્છું છું કે શું ડબલ્યુડબલ્યુડીના સશક્તિકરણ માટે કોઈ કામગીરી કરવામાં આવી છે? (નંદિની રાવલ, બીપીએ)

જ. અત્યાર સુધીમાં ડબલ્યુડબલ્યુડીને તેઓ ક્યાંથી યોજનાઓનો લાભ પ્રાપ્ત થઈ શકે તેની તથા તેમના માટે શરૂ કરવામાં આવેલા નવા કાર્યક્રમોની જાણકારી આપવામાં આવી છે. (કેતકી ફણસે, એસએસકે)

પ્ર. વેલ્થંગરહીલ્ફના 'સુચારૂ વહીવટ' પ્રોજેક્ટમાં બજેટની નોંધ કોણ રાખે છે, તેઓ કઈ પદ્ધતિનો ઉપયોગ કરી રહ્યાં છે અને તેની અવધિ શું છે? (સ્વપ્ની શાહ, ઉન્નતિ)

જ. બજેટની નોંધ પંચાયત સ્તરે થાય છે અને પંચાયતના ચૂંટાયેલા સભ્યોને બજેટની નોંધ રાખવાની પ્રક્રિયા અંગેની તાલીમ આપવામાં આવે છે. તેમના ખાતામાં આવતાં નાણાંનો ઉપયોગ કેવી રીતે થાય છે તે તેમણે જાણવું જરૂરી છે. ટીઓટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સહભાગીઓને બજેટ, મુખ્યત્વે પાંચ વિભાગોમાં આવતાં નાણાંની નોંધ રાખવા માટે પ્રશ્નાવલિનો ઉપયોગ કેવી રીતે કરવું તે શીખવવામાં આવ્યું હતું. ચાર જિલ્લાની 17 ગ્રામ પંચાયતોમાં આ પ્રકારની તાલીમો હાથ ધરાઈ હતી. આ પહેલમાં સેન્ટર ફોર બજેટ, ગવર્નન્સ એન્ડ એકાઉન્ટેબિલિટી (સીબીજીએ) અમારી ભાગીદાર છે અને તે તકનીકી સહાય પૂરી પાડે છે. ઓડિશા શિવાય તાલીમ હાથ ધરવા માટે સહાય પૂરી પાડી રહી છે. (સસ્મિતા જેના, વેલ્થંગરહીલ્ફ)

પ્ર. અમે રાજસ્થાનના બિકાનેરનાં કેટલાંક ડીપીઓ સાથે કામગીરી કરી છે અને અમે તેમને પ્રેરણા પ્રવાસમાં પણ લઈ જવા માંગીએ છીએ. જીએલઆરએમાં તમે તમારાં જૂથોને પ્રેરણા પ્રવાસ માટે ક્યાં લઈ જાઓ છો? (આંચલ યાદવ, ઉર્મુલ ટ્રસ્ટ)

જ. અમે ડીપીઓને રાજ્ય સ્તરનાં પ્રસ્થાપિત સંગઠનોની મુલાકાતે લઈ જઈએ છીએ. ગુજરાતમાં ઘણા સારાં ડીપીઓ મોજૂદ છે અને અમારાં ડીપીઓ તેમની સાથે જોડાયેલાં છે. (ગૌરબ સેન, જીએલઆરએ)

**સામાન્ય અભિપ્રાયો અને પ્રશ્નો**

**અભિપ્રાય 1:** ડીપીઓના સશક્તિકરણ પર ભાર મૂકતા જીએલઆરએ પ્રોજેક્ટના પરિણામે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને ચોક્કસ દ્રષ્ટિ મળતી થઈ છે. સામાન્યપણે તેઓ કોઈ બજેટ પ્રક્રિયાનો ભાગ નથી હોતાં. સાંભળવાની ખામી ધરાવતી, બૌદ્ધિક વિકલાંગતા અને માનસિક અસ્થિરતા ધરાવનારી વ્યક્તિઓની તુલનામાં વ્હીલચેર કે ક્રચીઝનો ઉપયોગ કરનારી વ્યક્તિઓ કે દ્રષ્ટિની ખામી ધરાવતી વ્યક્તિઓ વધુ દ્રશ્યમાન થાય છે. આશરે ત્રણ ટકા જેટલી વસ્તી વિકલાંગતા ધરાવે છે. આ સંખ્યા નાની નથી. જોકે, મોટાભાગના વિકાસલક્ષી કાર્યક્રમોમાં તેમની અવગણના કરવામાં આવે છે. મને આનંદ છે કે 'ઇયુ'ના બે પ્રોજેક્ટમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પર ધ્યાન આપવામાં આવ્યું છે. તેના થકી એ તથ્ય ઉજાગર થયું છે કે વિકલાંગ વ્યક્તિઓ પણ હક્કો ધરાવે છે. કેટલાક સમય અગાઉ, સાંભળવાની ખામી ધરાવનારી એક મહિલા પર જાતીય હુમલો કરીને તેના પર બળાત્કાર આચરવામાં આવ્યો હતો. તે સમયે એક પણ મહિલા સંગઠન તે કેસ હાથ પર લેવા તૈયાર નહોતું, કારણ કે આ કિસ્સામાં કેવી રીતે મદદરૂપ થવું તે વિશે તેમને કોઈ જાણકારી જ નહોતી. તેઓ ભૂલી ગયાં હતાં કે સૌથી પહેલાં તે એક મહિલા છે, જેના પર બળાત્કાર ગુજારાયો છે, તેની સાંભળવાની ખામી એ ગૌણ પાસું છે. સામાન્યપણે વિકલાંગતાનું વર્ચસ્વ જોવા મળે છે અને માનવતા પાછળ ધકેલાઈ જાય છે. (નંદિની રાવલ, બીપીએ)

**અભિપ્રાય 2**: વિધવા પેન્શન બાબતે દરેક રાજ્યમાં ભિન્નતા પ્રવર્તે છે. અમે ગુજરાત અને આંધ્ર પ્રદેશમાં વિધવા પેન્શન યોજના હેઠળ વિધવાઓને મળતા લાભો અને તેમના જીવન પર પડતી તેની અસરોની સમજૂતી મેળવવા માટે એક અભ્યાસ કરી રહ્યાં છીએ. અમે ગુજરાતમાં 60 સરકારી યોજનાઓ સાથે કાર્ય કરી રહ્યાં છીએ અને તે પૈકીની એક પણ યોજનામાં વિધવાઓ માટેનો કોઈ માપદંડ કે જોગવાઈ નથી. પેન્શન યોજનાઓ હેઠળ, વિધવાઓને ફક્ત 800 રૂપિયા મળે છે, જે અસ્તિત્વ ટકાવી રાખવા માટે પૂરતા નથી. જ્યારે અમે મહિલાઓ સાથે કામ કરવાનું શરૂ કર્યું, ત્યારે અમને માલૂમ પડ્યું કે તે પૈકીની ઘણી મહિલાઓ 'વિધવા પેન્શન'ની

વ્યાખ્યા/શ્રેણીમાં આવતી નથી, પરંતુ તેઓ વધારે વંચિતતાની સ્થિતિ ધરાવે છે. આ મહિલાઓ કોઈ પણ પ્રકારની સામાજિક સુરક્ષા નથી ધરાવતી. આપણે તેમને શૂન્યથી બેની સંખ્યા સુધી નથી લઈ જવાનાં, પણ આપણે તેમને બેથી શૂન્ય અને ત્યાંથી બે સુધી લઈ જવાના છે. કેટલીક વખત એક જ પરિવારમાં ચાર અનાથ હોય છે અને તેમનું ભરણ-પોષણ કરનાર કોઈ નથી હોતું. આથી, વંચિત જૂથો વચ્ચે રહેલા તફાવતો પર ધ્યાન આપવું જરૂરી છે. (ચેતના નંદ ઝા, એફઇએસ)

**અભિપ્રાય 3:** સામાજિક સુરક્ષા બજેટ વધારવા અંગેનો એક અભિપ્રાય હતો. હું જણાવવા માંગું છું કે કેન્દ્ર સરકારનું કુલ બજેટ જીડીપીના 14 ટકા છે. તે જ રીતે, કોઈ પણ રાજ્યનું કુલ બજેટ જે-તે રાજ્યના જીડીપીના 13થી 14 ટકા જેટલું છે. આ પાછળનું કારણ એ છે કે ટેક્સ જીડીપી ગુણોત્તર ઓછો છે. ગુજરાતમાં વિધવા પેન્શન રાજ્ય દ્વારા પ્રેરિત છે અને હાલમાં સરકારે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. (મહેન્દર જેઠમલાણી, પાથેય બજેટ સેન્ટર)

**અભિપ્રાય 4:** આપણે એ જાણવું જોઈએ કે લોકોને કઈ માહિતી જોઈએ છે અને માગમાં વધારો થાય તે માટે તેમને શું આપવું જોઈએ? પીડીએસના ઉદાહરણમાં અગાઉ એવું જણાવવામાં આવ્યું હતું કે દરેક પરિવારને આપવામાં આવતા રાશનનું પ્રમાણ તેમને મળવાપાત્ર જથ્થા કરતાં ઓછું હોય છે. તેનું કારણ એ છે કે પુરવઠા કરતાં માગ વધારે છે. અમે લોકોને જાણ કરી છે કે પીડીએસની દુકાનોને કેટલો જથ્થો પ્રાપ્ત થયો અને કેટલા જથ્થાનું વાસ્તવમાં વિતરણ થયું - તેને લગતી તમામ માહિતી ઓનલાઇન ઉપલબ્ધ છે. લોકો આ માહિતીનો ઉપયોગ કર્યો અને જાહેર સુનાવણીઓ હાથ ધરી, ડીલરો પાસેથી જવાબ માગ્યો અને મળવાપાત્ર જથ્થાનો જે ભરાવો થયો હતો તે લોકોને આપવા માટે ડીલરો પર દબાણ કર્યું. તે જ રીતે, એડબલ્યુનાં લાભાર્થી બાળકોની યાદી પણ રજૂ કરવી જોઈએ અને એડબલ્યુ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી અને વહેંચવામાં આવેલી સામગ્રીની તમામ વિગતો સમુદાયને પૂરી પાડવી જોઈએ. ત્યાર બાદ જ લોકો જાણી શકશે કે તેમને તેમના લાભો પ્રાપ્ત થયા છે કે કેમ. જો તેમની પાસે આવી વિગતો ઉપલબ્ધ હશે, તો જ તેઓ પ્રશ્નો ઊઠાવી શકશે. (દિલીપસિંઘ બિદાવત, ઉન્નતિ)

**અભિપ્રાય 5:** મારા મતે, આપણે આપણા સમૂહોને સ્પષ્ટીકૃત કરવા જોઈએ. કેટલાક સમૂહો - પછી તે એસએચજી હોય કે અન્ય સમૂહ હોય - તે રચવામાં આવે છે, કારણ કે તેમના વિના પ્રોજેક્ટ આગળ ધપી શકતા નથી. હવે, પ્રશ્ન એ છે કે શું આ સમૂહો પ્રોજેક્ટથી આગળ વધશે ખરા? એનજીઓ એક ઓળખ ધરાવે છે અને તે આ ઓળખ સાથે મોટી રાજકીય લડાઈઓ લડી શકે નહીં. લોકો માને છે કે આપણે તેમને સંગઠિત કર્યાં છે અને એનજીઓ ઈચ્છે છે કે તે તેમની સાથે જોડાય. એટલું જ નહીં, નેટવર્ક પણ કેટલીક એનજીઓ સાથે જોડાયેલાં હોય છે. એ બાબતે વિરોધાભાસ પ્રવર્તે છે કે સમૂહ જે-તે પ્રોજેક્ટ કે જે-તે સંગઠનથી આગળ અસ્તિત્વ ધરાવી શકતો નથી. અન્ન સુરક્ષા (રાઇટ ટુ ફૂડ) અભિયાન દેશભરમાં સમર્થકો ધરાવે છે અને સંખ્યાબંધ સ્વૈચ્છિક સંસ્થાઓ તેની સાથે જોડાયેલી છે. આપણે સ્થાનિક સમૂહથી આગળ વધવાની અને સાથે જ, એક જ સમસ્યા પૂરતાં સીમિત ન રહેતાં, વ્યાપક દ્રષ્ટિકોણ કેળવવાની જરૂર છે.  આપણે એ જોવાની જરૂર છે કે માગમાં વધારો થયો છે, બજેટ પરની માગમાં વધારો થયો છે, સમગ્ર સામાજિક ક્ષેત્ર માટેની માગમાં વધારો થયો છે. આ માટે, સ્વૈચ્છિક સંસ્થાઓએ વ્યાપક રાજકીય વિચાર સાથે વધુને વધુ ચળવળો સાથે જોડાવા માટે સચેત નિર્ણય લેવો જરૂરી છે. પદ્ધતિસરનાં જોડાણોને સંભવિત બનાવવા માટે સમૂહોનું સંવર્ધન કરનારાં લોકો આવો પ્રયત્ન કરવાની અને તેમને આગવી ઓળખ વિકસાવવામાં મદદ કરવાની ઈચ્છાશક્તિ ધરાવતાં હોય તે જરૂરી છે. (નિખિલ ડે, એમકેએસએસ)

**અભિપ્રાય 6:** હું પાથેય બજેટ સેન્ટરને દરખાસ્ત કરૂં છું કે યોજનાઓના વિશ્લેષણ ઉપરાંત તેણે ઘરેલૂ હિંસા અધિનિયમ જેવા કાયદાઓની પણ સમીક્ષા કરવી જોઈએ અને તેના અમલીકરણનું મૂલ્યાંકન કરવું જોઈએ. સાથે જ, જાતીય સતામણીની અનેકવિધ સમસ્યાઓને ધ્યાનમાં રાખતાં જાતીય સતામણી સમિતિઓના બંધારણ વિશે વિચારવું પણ જરૂરી છે. (સુનંદા તાયડે, સહિયર)

**અભિપ્રાય 7**: જ્યારે આપણે સામુદાયિક કાર્યવાહી અને ગતિશીલતાની વાત કરીએ છીએ, ત્યારે ખાસ કરીને સામુદાયિક કાર્યવાહીની સાતત્યપૂર્ણતાને ધ્યાનમાં રાખતાં સ્થાનિક સંદર્ભ અને સ્થાનિક સંસ્કૃતિ વિશે સમજૂતી મેળવવી પણ સમાન મહત્વ ધરાવે છે. આપણાં દ્વારા ઊભાં કરવામાં આવેલાં માળખાં આપણી વિદાય પછી કદાચ ટકી પણ શકે અને ન પણ ટકી શકે. જો તે સામુદાયિક સંસ્થાઓ હોય, જે આપણી દરમિયાનગીરીની પહેલાં પણ મોજૂદ હોય, તો આપણે તેમને વિશ્વાસમાં લઈ શકીએ અને સમાન મંચ પર તેમનું પુનર્ગઠન કરી શકીએ. જ્યારે આપણે સ્થાનિક લોકોને સાંકળીએ છીએ, ત્યારે લાંબા ગાળાની સાતત્યપૂર્ણતાની તકો ઘણી વધી જાય છે. ભારત સરકાર (જીઓઆઇ)ની માર્ગદર્શિકામાં વિવિધ સમિતિઓના સભ્યપદ માટેના માપદંડ સૂચવવામાં આવ્યા છે. જ્યારે કામગીરી અમલીકરણના તબક્કે પહોંચે, ત્યારે સંગઠનો એસએચજીની પસંદગી કરવી કે સમુદાય આધારિત સંગઠનની પસંદગી કરવી તેની દ્વિધા અનુભવે છે. કોઈ એ નથી વિચારતું કે જો તેઓ મહિલાઓના જૂથની પસંદગી કરશે,

તો સમિતિ રહે કે ન રહે, તો પણ જો એક મહિલા મક્કમ અને સક્ષમ હશે, તો તે સામુદાયિક કામગીરી ચાલુ રહે તે સુનિશ્ચિત કરશે. દરેક શેરી કે મહોલ્લામાં 'નાગા મધર્સ એસોસિએશન' અસ્તિત્વ ધરાવે છે, તે જ રીતે, મણિપુરમાં પણ આવાં મંડળો મોજૂદ છે. દુરુપયોગ જેવી સ્થાનિક સમસ્યાઓ દૂર કરવા સરકાર પગલાં ભરે કે ન ભરે, પણ આ મંડળો આ સમસ્યાનું નિરાકરણ લાવવાનું ચાલુ રાખે છે. (નોનગ્યાલહિક્રુજામ, એસીટીઈડી)

પ્રશ્ન હું તમામ વક્તાઓને સમાન પ્રશ્ન પૂછવા માંગું છું. સૌએ એક કે બીજી રીતે જણાવ્યું કે આપણે કેવી રીતે સમુદાયમાં માગનું સર્જન કરવાનો પ્રયત્ન કરીએ છીએ. 'ઇયુ' ભાગીદાર તરીકે, આપણે નોંધ્યું કે સામાજિક સુરક્ષા માટે સાત ટકા કરતાં પણ ઓછી પ્રાપ્યતા છે. લાંબા સમયથી શિક્ષણ ક્ષેત્રે છ ટકા માટેની માગ પ્રવર્તે છે, પરંતુ હજી સુધી તે લક્ષ્ય હાંસલ કરી શકાયું નથી. કોણ અને કેટલી વ્યક્તિઓ આ લાભ મેળવી શકે તે જરૂરિયાત નક્કી કરવા માટેની સરકારી પ્રક્રિયા છે. આયોજનની પ્રક્રિયાનો મુખ્ય આધાર કેન્દ્ર અને રાજ્ય સરકારની ફાળવણી પર રહે છે અને ત્યાર બાદ વિતરણ કરવામાં આવે છે. આ પ્રક્રિયાનું સંચાલન કરવાની જવાબદારી અમલદારશાહીના નીચલા સ્તરે જિલ્લા કક્ષાને સોંપવામાં આવે છે. વાસ્તવિક માગ હોય તેના કરતાં ઓછી દર્શાવવાનું દબાણ પ્રવર્તતું હોવાથી જ્યારે અસરકારકતાની ચકાસણી કરવામાં આવે, ત્યારે ઉજ્જ્વળ ચિત્ર ઉપસી આવે છે. અમલદારશાહીના નીચલા સ્તરે રાજકીય દબાણનો સામનો કરવો પડે છે અને આપણે તેમનો અભિગમ નાગરિકો-તરફી હોવાની અપેક્ષા રાખી શકીએ નહીં. આ ક્ષેત્રે દરમિયાનગીરીનાં કોઈ ઉદાહરણો મોજૂદ છે કે કેમ તે જાણવું રસપ્રદ થઈ પડશે. (શુભ્રા સિંઘ, ધ નંદન એન્ડ જીત ખેમકા ફાઉન્ડેશન)

પ્રશ્ન મોટાભાગની રજૂઆતોમાં લોકોએ સામુદાયિક ગતિશીલતામાં વેઠવા પડતા વિરોધ કે સંઘર્ષ વિશે વાત ન કરી. જ્યારે લોકો એકઠાં થાય છે, ત્યારે કુદરતી પ્રતિકાર અને વિરોધ ઉદ્ભવે છે. આપણે લોકોનાં સંગઠનો અને લોકોની સંસ્થાઓ વિશે વાત કરી રહ્યાં છીએ, પરંતુ અનુભવ દર્શાવે છે કે તે પૈકીનાં મોટાભાગનાં સંગઠનો કે સંસ્થાઓ અસ્તિત્વ ટકાવી શક્યાં નથી. 'ઇયુ' નાણાંકીય સહાય પૂરી પાડે છે અને આપણે સંસ્થાઓની રચના કરી રહ્યાં છીએ. 'ઇયુ' પ્રોજેક્ટ પૂરો થઈ ગયા બાદ આ સંસ્થાઓ કેવી રીતે અસ્તિત્વ ટકાવી રાખશે? (અચ્યુત દાસ, અગ્રગામી)

પ્રશ્ન જાહેર ખર્ચમાં નોંધપાત્ર વધારો થાય તે આપણે કેવી રીતે સુનિશ્ચિત કરી શકીએ? જો કેન્દ્ર સરકાર વિધવા પેન્શન માટે 300 રૂપિયા આપતી હોય અને વિધવાને મળતી પેન્શનની રકમમાં દરેક રાજ્યમાં એ પૂર્વાધાર પર ભિન્નતા પ્રવર્તતી હોય કે સરકાર પાસે તે માટે પૂરતું બજેટ નથી, તો આપણે આ માટે સરકારને કેવી રીતે જવાબદાર ઠેરવી શકીએ? (સાયન કોંગારી, એક્શન એઇડ)

## વક્તાઓના પ્રતિભાવો

1. જ્યારે આપણે ડીપીઓની રચના કરીએ, ત્યારે બે સ્તરના સંઘર્ષનો સામનો કરવો પડે છે - એક સરકાર સાથે અને બીજો જૂથની અંદર. ઉદાહરણ તરીકે, જૂથની અંદરનો સંઘર્ષ નેતાની પસંદગીને લગતો હોય છે અને જ્યારે નિશ્ચિત નેતાની પસંદગી કરવામાં આવે, ત્યારે બેઠકોમાં સામેલ થવાના વિરોધના સ્વરૂપમાં હોય છે. આવા સમયે સમકક્ષ જૂથની સલાહ-મસલત જરૂરી બની રહે છે. જ્યારે સરકારી અધિકારીઓના કિસ્સામાં, સંઘર્ષનું નિવારણ લાવતાં સમય લાગે છે. સાતત્યપૂર્ણતા માટે જિલ્લા સ્તરીય ફેડરેશન્સની રચના કરવામાં આવી રહી છે. આવાં બે ફેડરેશન્સની નોંધણી થઈ ચૂકી છે, જેમાંથી એક ગુજરાતમાં અને બીજું મધ્ય પ્રદેશમાં છે. અમે તેમને જુદી-જુદી સરકારી યોજનાઓ સાથે સાંકળી રહ્યાં છીએ અને સાથે જ, સંસાધનની ગતિશીલતામાં તેમને મદદ પણ પૂરી પાડી રહ્યાં છીએ. ઉપરાંત અમે અન્ય ત્રણ જિલ્લાઓમાં તેનું અનુસરણ કરવાનો પણ પ્રયાસ કરી રહ્યાં છીએ, જ્યાં અમે જૂથોની રચના કરી છે અને પ્રોજેક્ટના અંત સુધીમાં જિલ્લા ફેડરેશનની નોંધણી કરવામાં આવશે. (ગૌરબ સેન, જીએલઆરએ)
2. માગ અને પુરવઠા વચ્ચેના અસંતુલન વિશે એક નોંધ હતી. સંસાધનોની ફાળવણી અને વિતરણ વાજબી રીતે અને યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવા માટે અમે કેટલાક પ્રયાસો કર્યા છે. જ્યારે ગ્રામ પંચાયતની એક્ઝિક્યુટિવ કમિટિની બેઠક હોય, ત્યારે વિધવા પેન્શન, વૃદ્ધો માટેના પેન્શન વગેરે માટેની યાદી અગાઉથી તૈયાર કરવામાં આવે છે. યોગ્યતા ધરાવતી પૈકીની ઓછામાં ઓછી 50થી 60 ટકા વ્યક્તિઓને લાભ પ્રાપ્ત થાય છે. પંચાયતની તાજેતરની ચૂંટણીમાં, એસએચજી સભ્યોએ દેખાવો કર્યા હતા અને એક સભ્યને ઈજા થઈ હતી. કેટલાક શક્તિશાળી લોકોએ તેના ઘર પર હુમલો કર્યો, પરંતુ સમૂહોએ તે સભ્યને મદદ પૂરી પાડી. તેમની સહાયથી તે ચૂંટણી જીતી ગયો. તેનું રાજકીય સૂત્ર હતું - 'જન વિરૂદ્ધ ધન' - લોક શક્તિ વિરૂદ્ધ ધન શક્તિ. નવેસરથી સંવાદ સાધવાના પ્રયાસો કરવામાં આવ્યા છે અને તેમાં અમુક અંશે સફળતા પણ મળી છે. સમૂહોની સાતત્યપૂર્ણતા એ એક વ્યાપક અને મોટો પ્રશ્ન છે. બે વર્ષ પહેલાં પ્રદાન દ્વારા જે સહાય પૂરી પાડવામાં આવતી હતી, તે

90 ટકા જેટલી પાછી ખેંચી લેવામાં આવી છે. તેઓ પ્રદાનની અલ્પતમ સહાય સાથે સભ્યપદ આધારિત સંગઠન તરીકે કામ કરે છે. 'ઇયુ' પ્રોજેક્ટ શરૂ થતાં પહેલાં આ સમૂહોની રચના કરવામાં આવી હતી. તેઓ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી અભિયાન (એનઆરએલએમ) સાથે થોડા સંઘર્ષો પણ ધરાવે છે, છતાં તેઓ તેને ટકાવી રાખવા માટે પ્રયત્નશીલ છે અને ચોક્કસ શરતો સાથે સ્વીકૃતિ મળે તે માટે તેઓ સરકાર સાથે વાટાઘાટો અને કાર્યવાહી કરી રહ્યાં છે. (સુકાન્ત સરકાર, પ્રદાન)

3. અમે મુખ્યત્વે યુવાનો સાથે કામ કરીએ છીએ. તેમને તમામ યોજનાઓની માહિતી મળે તેની અમે ખાતરી કરીએ છીએ અને તેઓ આ માહિતી લોકો સુધી કેવી રીતે પહોંચાડે છે તેના પર દેખરેખ રાખીએ છીએ. યુવાનોને વિવિધ યોજનાઓના અમલીકરણ પર દેખરેખ રાખવાની તાલીમ પણ આપવામાં આવે છે, કારણ કે, જો તેઓ સજાગ હશે, તો તેઓ ઉત્તરદાયિત્વને વેગ આપવા માટે મદદ મેળવી સકશે. (રોશન પઠાણ, એસએસકે)
4. લોકો સાથે કામ કરવું અને તેમને ગતિશીલ કરવા એ મોટો પડકાર છે. સાથે જ, સરકાર સાથે કામ કરતી વખતે લોકો અને સરકાર વચ્ચે સેતુ સ્થાપવો પણ પડકારરૂપ છે. હું એક સારૂં ઉદાહરણ આપીશ. ઝારખંડના શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ (પ્રિન્સિપલ સેક્રેટરી - પીએસ) સીએસઓની વાત સાંભળવા માટે તથા તેમની સાથે જોડાણ કરવા માટે હંમેશા તત્પર રહ્યા છે. ઝારખંડની આરટીઇ ફોરમ શિક્ષણ વિભાગ સાથે અત્યંત નિકટ જોડાણથી કામગીરી કરે છે અને વિભાગના પરિસરમાં જ તેને ભૌતિક સુવિધા ફાળવવામાં આવી છે. સીએસઓ અને શિક્ષણ વિભાગ દ્વારા 10,000 શાળાઓમાં (રાજ્યની કુલ પૈકીની 25 ટકા શાળાઓમાં) સંયુક્ત અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પાછળનો ઉદ્દેશ્ય યોગ્ય પ્રક્રિયા દ્વારા શાળા વિકાસલક્ષી આયોજનો તૈયાર કરવાનો અને સરકાર પાસે તે આયોજનો માટે સ્વીકૃતિ મેળવવાનો છે. પીએસે તમામ સહભાગી શાળાઓને પત્ર પાઠવીને તેમને તેમની નજીકના સીએસઓ સાથે કામ કરવા માટે જણાવવામાં આવ્યું હતું. ઘણી વખત અધિકારીઓનો આશય અને કટિબદ્ધતા નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

   જ્યારે આપણે માગ અને પુરવઠાના પ્રશ્ન અંગે વાત કરીએ, ત્યારે જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ) સુસંગત ઉદાહરણ બની રહે છે. આ વ્યવસ્થામાં સાર્વત્રિકરણ પહેલાં ભ્રષ્ટાચાર પ્રવર્તતો હતો અને તે પછી પણ ભ્રષ્ટાચાર ચાલુ જ છે. જ્યાં સુધી લોકો તેમના અધિકારો અંગે જાણકારી ન મેળવે અને તેની માગણી ન કરે, ત્યાં સુધી કશું પણ થઈ શકે નહીં. જ્યારે લોકો સક્ષમ હોય, ત્યારે તેઓ રાજકીય પ્રક્રિયાઓનો ભાગ બને તે જરૂરી છે. એવી માન્યતા પ્રવર્તે છે કે સ્થાનિક વહીવટ કોઈ પક્ષ આધારિત નથી હોતો, પણ તે સાચું નથી. તેમાં પણ રાજકીય પક્ષોનું પ્રભુત્વ જોવા મળે છે. વહીવટી વ્યવસ્થામાં લોકોની સહભાગીતા અને પ્રતિનિધિત્વ લાંબા ગાળાનો ઉકેલ પૂરો પાડી શકે તેમ છે. પ્રોજેક્ટ આધારિત કામગીરી સાતત્યપૂર્ણ હોઈ શકે નહીં. (સસ્મિતા જેના, વેલ્થંગરહીલ્ફ)
5. યોગ્યતા ધરાવનારી વ્યક્તિઓ સુધી યોજનાઓના લાભ પહોંચાડવા મુશ્કેલ કાર્ય છે. ફોર્મ ભરાવવાં, તમામ જરૂરી દસ્તાવેજો એકઠા કરવા અને દસ્તાવેજો ન હોય તેવા કિસ્સામાં આગળની કાર્યવાહી કરવાની કામગીરી પણ મુશ્કેલ છે. આવા સંજોગોમાં, 'કુંવર બાઇનું મામેરૂં' અને મંગળસૂત્ર યોજના જેવી કેટલીક યોજનાઓ દહેજ પ્રથાને ઉત્તેજન આપે છે. જ્યારે આપણે લોકોને આવી યોજનાઓ વિશે માહિતી આપીએ છીએ, ત્યારે પરોક્ષપણે આપણે પણ દહેજ પ્રથાને વેગ જ આપી રહ્યાં હોઈએ છીએ. (સુનંદા તાયડે, સહિયર)
6. ક્ષેત્રીય સ્તરે કામ કરનારી સંસ્થાઓ સરકાર માટે પૂરક ભૂમિકા ભજવે છે અને તે કોઈ મૂળભૂત પ્રશ્નો નથી પૂછતી. સંગઠનોની રાજકીય નિષ્ઠા કેટલીક વાર અત્યંત સ્પષ્ટ હોઈ શકે છે. ક્ષેત્રીય સ્તરે, સત્તાધારી પક્ષ સાથે તાદાત્મ્ય સાધવું લાભદાયી નીવડે છે. જોકે, સંઘર્ષ હેઠળના પ્રશ્નો અંગે વધુ ચર્ચા કરવી યોગ્ય બની રહે છે. સંસ્થાકીય ફેરફારો પણ ઘણા મહત્વપૂર્ણ છે. ઉદાહરણ તરીકે, જેને વિકલ્પ કહી શકાય - ગતિશીલ ડેટાબેઝનું સર્જન (ડાયનેમિક ડેટાબેઝ ક્રિએશન) - તેના વિશે વિચાર્યું છે? કેટલાં નાણાંનો ખર્ચ થયો વગેરે વિગતો ફક્ત પંચાયત કચેરીન બહારના બોર્ડ પર જ દર્શાવીને સંતોષ ન માનવો, બલ્કે વિગતોને જાહેર અને ઓનલાઇન મૂકવી, જેથી કોઈ પણ વ્યક્તિ તે વિગતો મેળવી શકે. ડેટાબેઝ અત્યંત સ્થાનિક સ્તરનો કે અન્ય કોઈ પણ હિતધારકો સાથે ક્રિયા-પ્રતિક્રિયા માટે અવકાશ જ ન રહે તેવો સ્થિર ન હોવો જોઈએ. (ડો. કેશબ દાસ, જીઆઇડીઆર)
7. જ્યારે ઇયુ પ્રોજેક્ટનો વિચાર કરવામાં આવ્યો, ત્યારે માહિતીની પહોંચ વધારવાનો સૂચિત આદેશ હતો. આ પ્રોજેક્ટમાં સામેલ તમામ 14 ભાગીદારોએ એ બાબતે સંમતિ દર્શાવી હતી કે સમુદાયને માહિતી પૂરી પાડવામાં આવશે અને સાથે-સાથે યોજનાઓની રૂપરેખાને અનુરૂપ દરમિયાનગીરી કરવામાં આવશે. શૌચાલયના બાંધકામ માટેની યોજનામાં, લોકોએ સૌપ્રથમ શૌચાલય બાંધવાનું રહેતું હતું અને તે પછી જ તેમને તે પાછળ થયેલો ખર્ચ પરત મળી શકતો હતો. કેટલાંક રાજ્યોમાં, સંગઠનોના સહિયારા પ્રયાસો બાદ વ્યવસ્થાને ઊલટાવવામાં આવી. હવે અગાઉથી રકમ આપવામાં આવે છે, જેથી લોકો તેમના પોતાના પૈસાનું રોકાણ કર્યા વિના બાંધકામની કામગીરી શરૂ કરી શકે. ભાગીદારો તેમના સ્તરે યોજનાઓની રૂપરેખા અંગે પ્રશ્નો રજૂ

કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને અમુક સ્થળોએ તેમને સફળતા મળી છે, જ્યારે અન્ય સ્થળોએ તેમની લડત હજી ચાલુ છે. જ્યારે વ્યવસ્થા પૂરી પાડવામાં સમસ્યા સર્જાય અથવા તો ભ્રષ્ટાચાર પ્રવર્તતો હોય, ત્યારે પ્રત્યક્ષ સંઘર્ષની સ્થિતિ ઉદ્ભવે છે. સમુદાય સાથેની ભાગીદારીમાં પરિવર્તન પર અસર ઉપજાવવાના પ્રયાસો ચાલતા રહે છે, પછી ભલે તે પ્રયાસો નાના હોય. (શુભ્રા સિંઘ, 'ધ નંદ એન્ડ જીત ખેમકા ફાઉન્ડેશન')

૮. એનજીઓ ફક્ત સહાયકર્તા તરીકે કામગીરી કરી શકે અને મોડલને આગળ ધપાવવા માટે તેને સરકાર સમક્ષ રજૂ કરી શકે. જેમના સુધી પહોંચી નથી શકાયું તેવાં લોકોને ગતિશીલ કરવાં એ એનજીઓ સામેનો સૌથી મોટો પડકાર છે. સ્થાનિક સ્તરે ઘણો જ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. જેમ કે, એવું નોંધવામાં આવ્યું છે કે જ્યારે શૌચાલયના બાંધકામ માટેના લાભાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવી રહી હતી, ત્યારે કેટલાક લોકો યાદીમાં તેમનાં નામ સામેલ કરાવવા માટે સરપંચ અને સચિવને એડવાન્સપેટે રકમ ચૂકવતાં હતાં. પહેલેથી જ મોજૂદ શૌચાલયોને તેઓ આ યોજના હેઠળ બાંધવામાં આવ્યાં હોવાનું દર્શાવવા માંગતાં હતાં. આવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડકારજનક છે. બીજું કે, જો તમે સરપંચને બાંધકામમાં વપરાયેલી સામગ્રી વિશે પૂછો, તો તેઓ તરત જ જવાબ આપી શકે છે. પરંતુ, સામાજિક સુરક્ષા યોજનાઓ વિશે કે લોકોના અધિકારો વિશે તેમને કોઈ જ્ઞાન નથી. (આંચલ યાદવ, ઉર્મુલ ટ્રસ્ટ)




**અધ્યક્ષની નોંધ**

(પ્રોફેસર નવદીપ માથુર, 'ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ', અમદાવાદ)

સાતત્યપૂર્ણતા અંગેનો પ્રશ્ન ઘણો જ મહત્વનો હોવાની સાથે તે લાંબા સમયથી સામાજિક ક્ષેત્રને સતાવી રહ્યો છે. જ્યારે રાજ્ય પાસેનું ભંડોળ ખૂટી રહ્યું હોય, ત્યારે ભંડોળ ક્યાંથી આવશે તે પ્રશ્ન યથાવત રહે છે. ઘણી વખત, જ્યારે અન્ય વિકલ્પો મોજૂદ ન હોય, ત્યારે સંગઠનોએ જ્યાંથી ભંડોળ મળી રહે, તેનું શરણ લેવું પડે છે. આ પ્રારબ્ધવાદી વલણ છે.

નિખિલ ડેની નોંધનો પુનરોચ્ચાર કરીને પ્રોફેસર માથુરે આ સેશનનું સમાપન કર્યું હતું. હક્કોને ખાદ્ય સુરક્ષાનો અધિકાર અને શિક્ષણના અધિકાર જેવા વ્યક્તિગત દાવાઓમાં વિભાજિત કરવાની રાજ્યની વ્યૂહરચના કદાચ પરસ્પરાવલંબન તોડવામાં મદદરૂપ નીવડી છે. જો વિકાસલક્ષી ક્ષેત્ર સાથે સંકળાયેલી વ્યક્તિઓ તે હદથી આગળ કાર્ય કરવા માટે સક્ષમ ન હોય, તો વ્યક્તિગત સ્થાનિક સંદર્ભથી આગળ વધીને વ્યાપક સ્તરે સમૂહનો વિચાર કદાચ સિદ્ધ થશે નહીં. રજૂ કરવામાં આવેલા અનુભવો પરથી એવું જણાય છે કે જાણે સરકારી યોજનાઓ ગામના ચોરામાં મૂકવામાં આવેલા બોક્સ જેવી છે, જેમાંથી સરકાર લોકોને લઈ શકાય તેટલું લેવા માટે જણાવે છે. વક્તાઓએ દર્શાવેલી વ્યૂહરચનાઓ પરથી સ્પષ્ટ થાય છે કે, લોકોને તેમના અધિકારો પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે આ પ્રક્રિયાને સહાય પૂરી પાડવાનો પ્રયાસ અત્યંત કપરો અને દુઃખદાયક છે. આ જાહેર સંસાધન છે, તે જનતા દ્વારા દાવો કરવામાં આવેલાં અને માગણી કરવામાં આવેલાં યોજનાઓ અને પ્રોજેક્ટ છે. તે જરૂરી હોય તેવાં કાર્યોનું વિસ્તરણ કરે છે અને ભારે પ્રયાસો, શક્તિ અને ઊર્જાની જરૂર હોય તેવાં તેમજ જાહેર સ્વરૂપનું બજેટ ન હોય તેવાં કાર્યો હાથ ધરે છે. તે માગ ઊભી કરવાની પ્રક્રિયા સફળ થઈ રહેલી જણાય ત્યાર બાદ પણ યથાવત રહેતું કાર્ય સૂચિત કરે છે. છેલ્લા તબક્કે જોડાણનો પ્રશ્ન રહેતો હોય તેમ જણાય છે. આવી લાંબી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ છેલ્લો તબક્કો ઘણું જ નાનું અંતર લાગે છે, પણ રજૂઆતો પરથી સ્પષ્ટ થાય છે કે લોકોનું સમગ્ર જીવન આ છેલ્લા તબક્કામાં જ જીવાય છે. લોકો માટે તે જીવનનો સૌથી મોટો ભાગ છે અને આ સંસાધનોને આપણે જેને સશક્તિકરણ કહીએ છીએ તેમાં ઢાળવા માટેની સમગ્ર પ્રક્રિયા આ તબક્કામાં જ આકાર લે છે. આ નાનું કે સીમાંત નહીં, બલ્કે ધ્યાન આપવા માટેનું વિશાળ ક્ષેત્ર છે. રજૂઆતકર્તાઓ દ્વારા જે દ્રષ્ટિકોણો રજૂ કરવામાં આવ્યા અને જે વિચારોને સમર્થન સાંપડ્યું તે આ ક્ષેત્રમાં ઊર્જાને તથા ધ્યાનને વિસ્તારિત કરવામાં મદદરૂપ નીવડશે. ■

# મહિલા કિસાન સંમેલન

## ૧૫ માર્ચ અને ૨૭ માર્ચ, ૨૦૧૮ના રોજ પાટોડી અને સિંધરી, બાડમેર જિલ્લો, રાજસ્થાનમાં આયોજિત

'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે પાટોડીમાં 15મી માર્ચ અને સિંધરીમાં 27મી માર્ચ, 2018ના રોજ મહિલા કિસાન (ખેડૂતો)નું સંમેલન યોજાયું, જે સમગ્ર પ્રદેશમાં આ પ્રકારનો આગવો અને પ્રથમ પ્રસંગ બની રહ્યો. પ્રત્યેક સંમેલનમાં 1500થી વધુ મહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રાજસ્થાનના પાટોડી અને સિંધરી જિલ્લાઓની મહિલા ખેડૂતો દ્વારા નવા રચવામાં આવેલા 'જય ભીમ મહિલા કિસાન સંગઠને' 'ઉન્નતિ'ના સહયોગથી આ સંમેલનનું આયોજન કર્યું હતું. ઘણી મહિલા સહભાગીઓ દૂર-દૂરના તેમજ અંતરિયાળ વિસ્તારોમાંથી આવી હતી અને સ્વખર્ચે પરિવહનની વ્યવસ્થા કરીને સંમેલનમાં ભાગ લીધો હતો. સંમેલનમાં સંગઠનનાં આગેવાનો તથા અન્ય વક્તાઓનાં વક્તવ્યોમાં મહિલાઓને ખેડૂત તરીકે ઓળખ આપવાની જરૂરિયાત અને જમીન તથા સંસાધનોની માલિકી સહિત ખેડૂત તરીકેના તેમના હક્કો સુનિશ્ચિત કરવાની જરૂરિયાત સફળતાપૂર્વક અભિવ્યક્ત કરવામાં આવી હતી.

આ બંને કાર્યક્રમોને તાલુકા અને જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓનું સક્રિય સમર્થન મળ્યું હતું. પ્રિયંકા મેઘવાલ (જિલ્લા પ્રમુખ, બાડમેર) બંને સંમેલનનાં અધ્યક્ષ હતાં. રશિદા બાનો (પ્રધાન, પાટોડી) અને સંતોશી જિંગર (સરપંચ, પાટોડી)એ સંમેલનને સંબોધન કર્યું હતું. 'સેન્ટ્રલ અરિડ ઝોન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ' (સીએઝેડઆરઆઇ), 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર' (કેવીકે), કૃષિ તથા અન્ય વિભાગો પણ કાર્યક્રમમાં સામેલ થયા હતા, જ્યારે આ વિસ્તારની અગ્રણી બેન્ક - એસબીઆઇએ નાણાંકીય સાક્ષરતા માટે એક સ્ટોલ ગોઠવ્યો હતો. જ્યારે, નાગરિક સમાજ સંગઠનોના પ્રતિનિધિઓ અને સામાજિક કાર્યકર્તાઓ - 'નેશનલ ફેડરેશન ઓફ ઇન્ડિયન વિમેન' (એનએફઆઇડબલ્યુ), નવી દિલ્હીનાં નિશા સિન્ધુ, 'દલિત મહિલા અધિકાર મંચ', જયપુર, રાજસ્થાનનાં સુમન દેવટિયા, 'વર્કિંગ ગ્રૂપ ઓન વિમેન એન્ડ લેન્ડ ઓનરશિપ' (ડબલ્યુજી ડબલ્યુએલઓ), અમદાવાદ, ગુજરાતનાં ગૌરીબેન અને જ્યોત્સનાબેન, 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન' (એમકેએસએસ)ના મુકેશ નિવાસિતે પણ વક્તવ્યો આપ્યાં હતાં. ટાઇમ્સ ઓફ ઇન્ડિયા, રાજસ્થાન પત્રિકા, દૈનિક ભાસ્કર, નવજ્યોતિ અને ઝી ન્યૂઝ જેવાં અખબાર અને ઇલેક્ટ્રોનિક માધ્યમોએ સંમેલનનું કવરેજ કર્યું હતું.

મહિલાઓ ખેતીકીય ઊપજની કરોડરજ્જૂ છે અને તેઓ પાકનું વાવેતર, લણણી, બિયારણની સંભાળ રાખવી, પશુધનની સંભાળ રાખવી, કાપણી બાદની કામગીરી વગેરે જેવી ખેતીને લગતી 80 ટકા કામગીરીઓ કરે છે. પુરુષોની ભૂમિકા સામાન્યપણે જમીન ખેડવી, વાડ ઊભી કરવી તથા ખેતીના વ્યાવસાયિક પાસાંઓ (જેમ કે બિયારણ ખરીદવાં અને ઊપજનું વેચાણ કરવું વગેરે) પૂરતી મર્યાદિત રહેતી હોય છે. તેમ છતાં, મહિલાઓને ખેડૂત તરીકેની ઓળખ મળતી નથી અને તેઓ જે કામ કરે છે, તેને 'બિન-કૌશલ્યયુક્ત શ્રમ' ગણવામાં આવે છે. ખેડૂત તરીકેની ઔપચારિક ઓળખ વિના, મહિલાઓ સરકાર દ્વારા આપવામાં આવતા ધિરાણ, વળતર, રાહતપેટે વળતર તથા અન્ય લાભો મેળવી શકતી નથી.

પશ્ચિમ રાજસ્થાનમાં પણ મહિલાઓ ખેતીકીય કાર્યો અને પશુપાલનની જવાબદારી સંભાળે છે, જ્યારે પુરુષો શ્રમ માટે સ્થળાંતર કરે છે. જોકે, તેઓ જે જમીન પર ખેતી કરે છે, તે જમીનના તેઓ માલિક નથી હોતાં. તેઓ મુખ્યત્વે મગ, મઠ અને બાજરાની ખેતી કરે છે અને રણની સરેરાશ પાંચ વીઘા જમીન પર વરસાદ આધારિત ખેતી કરીને ગુજરાન ચલાવે છે. ખેડૂતો પાક નિષ્ફળ જવાના સતત જોખમનો





સામનો કરે છે. કૃષિ બકરીઓના પાલનપોષણ સાથે જોડાયેલી છે. રાજસ્થાનના બાડમેર જિલ્લાના પાટોડી તાલુકાની 1210 દલિત મહિલાઓનું 'જય ભીમ મહિલા કિસાન સંગઠન' (જેબીએમકેએસ) આ પરિસ્થિતિ બદલવા ઈચ્છે છે. જોકે, આ સંગઠન હજી પ્રાથમિક તબક્કામાં છે.

'માલ્ટેસર ઇન્ટરનેશનલ એન્ડ જર્મન કોઓપરેશન'ના સહયોગ અંતર્ગત 'ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી અને દુકાળની સામેની સ્થિતિસ્થાપકતા વધુ મજબૂત કરવી' તે અંગેના પ્રોજેક્ટના ભાગરૂપે આ સંગઠનને 'ઉન્નતિ'નો સહકાર પ્રાપ્ત થયો છે. સુધારા સાથેની અને સાતત્યપૂર્ણ ખેતીકીય કામગીરી રજૂ કરવાના, જમીન અને જળ સંસાધનના વિકાસ માટેના સરકારી કાર્યક્રમો પ્રાપ્ત કરવાના અને જમીનની એકમદીઠ વધેલી પાક ઉત્પાદકતા અને ઘટેલા આગત ખર્ચ માટે સ્થાનિક બિયારણ ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબન ઉદ્દેશ સાથે આ સંગઠનને સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત સંગઠન લણણી બાદની પ્રવૃત્તિમાં દરમિયાનગીરી દ્વારા અને બહેતર બજારો સુધીની પહોંચ દ્વારા ઊપજ માટે વધુ સારી કિંમત પ્રાપ્ત કરવામાં પણ સહાયક બની રહેશે. આ ઉપરાંત, આ સંગઠન મહિલાઓની ખેડૂત તરીકે ઓળખ કરવામાં આવે અને ખેડૂત તરીકે તેમને અધિકારો આપવામાં આવે તેવો ઉદ્દેશ ધરાવે છે. સંગઠન એ વાતથી સુપેરે વાકેફ છે કે ખેતીનું ભવિષ્ય તથા ખાદ્ય સુરક્ષા સુનિિ ચત કરવાના એસડીજી-2 લક્ષ્યાંક હાંસલ કરવા માટેના પ્રયત્નોની સફળતા નાના અને સીમાંત ખેડૂતો પર તથા પાણીના કાર્યક્ષમ અને કરકસરયુક્ત વપરાશ સાથેની સાતત્યપૂર્ણ ખેતીકીય પ્રવૃત્તિઓના ઉપયોગ પર અવલંબે છે. સંગઠન તેનો ઉદ્દેશ મારવાડી ભાષામાં નીચે પ્રમાણે રજૂ કરે છે:

'આધો ખર્ચો, ઊપજ દોગુની,<br>
મિલે દોગુના દામ,,<br>
જે એકો કરલે મરૂધરા રી મહિલા કિસાન'.

---

**પૃષ્ઠ ૨૧નું શેષ**

મધ્ય પ્રદેશના બરવાની જિલ્લાની શાળાઓમાં રેમ્પની ગુણવત્તાની ચકાસણી કરવા માટે ડીપીઓ સભ્યો સાથે એસવીજે ટીમને બોલાવાઈ હતી અને અહેવાલ સુપરત કરવામાં આવ્યો હતો. સાથે જ તેમણે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ નિદર્શન માટે પીડબલ્યુડી વાપરી શકે તેવું સુવિધાજનક શૌચાલય ઊભું કરવામાં તકનીકી સહાય પણ પૂરી પાડી હતી.

ડીપીઓએ પીડબલ્યુડી માટેના સામૂહિક એકમ તરીકે તેમના અધિકારોની અસરકારક રીતે હિમાયત કરી છે. આ પ્રોજેક્ટે તેમને તેમના પ્રશ્નોની ચર્ચા કરવા માટે મંચ પૂરો પાડ્યો છે તથા તેમના માટે અવાજ ઊઠાવનારા તથા તેમના હક્કો માટે માર્ગદર્શન પૂરૂં પાડનારાં સમકક્ષ જૂથો વિકસાવ્યાં છે. આ જૂથોમાં નેતૃત્વ ઊભરી રહ્યું છે અને તેઓ તેમનાં ગામોમાં મહિલાઓ અને બાળકો જેવાં અન્ય સીમાંત જૂથોના પ્રશ્નો અંગે પણ વાટાઘાટો કરે છે. ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે કરવામાં આવતું ક્ષમતા-વર્ધન પીડબલ્યુડીના હક્કો પ્રાપ્ત કરવા માટેની ચળવળની સાતત્યપૂર્ણતામાં યોગદાન પૂરૂં પાડશે.

### રજૂઆતના મુખ્ય મુદ્દા

1. જિલ્લા અને તાલુકા સ્તરે સરકારી અધિકારીઓ સાથેની સતત વાટાઘાટોને કારણે અધિકારીઓ તથા પંચાયતના પ્રતિનિધિઓ વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓની જરૂરિયાતો તથા તેમની સમસ્યાથી વધુ વાકેફ થયા છે.
2. પીડબલ્યુડી તેમના અધિકારો મેળવવા માટે સમર્થ છે કે કેમ તેની આકારણી કરવા માટે ડીપીઓના સભ્યોને તેમના સંબંધિત તાલુકાઓની ગ્રામ સભાઓ/પલ્લી સભાઓમાં આમંત્રિત કરવામાં આવે છે.
3. પ્રોજેક્ટ હેઠળ અમલીકૃત તમામ પ્રવૃત્તિઓમાં ડીપીઓ સભ્યોને આમંત્રણ પાઠવામાં આવે છે. તેના કારણે પીડબલ્યુડી અને વિવિધ હિતધારકો વચ્ચે એક વિશિષ્ટ સંબંધ પ્રસ્થાપિત થયો છે.
4. ડીપીઓની રચના જાગૃતિ ફેલાવવામાં, પહોંચ અને સહભાગીતા વધારવામાં, ઉત્તરદાયિત્વ અને ભાગીદારીને વેગ આપવામાં તેમજ ભેદભાવ અને અસમાનતા ઘટાડવામાં મદદરૂપ નીવડી છે.
5. આ પ્રોજેક્ટે વિકલાંગતા ધરાવનારી વ્યક્તિઓને તેમના પ્રશ્નોની ચર્ચા કરવા માટેનો મંચ પૂરો પાડ્યો છે અને તેમના માટે અવાજ ઊઠાવનારા અને તેમના અધિકારો મેળવવા માટે તેમને માર્ગદર્શન પૂરૂં પાડનારા સમકક્ષ જૂથો વિકસાવ્યાં છે.
6. ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે કરવામાં આવતું ક્ષમતા-વર્ધન પીડબલ્યુડીના અધિકારો પ્રાપ્ત કરવા માટેની ચળવળની સાતત્યપૂર્ણતામાં યોગદાન પૂરૂં પાડશે. ■

# ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ સંદર્ભે ઊજવણી

## પોશિના, સાબરકાંઠા જિલ્લો, ગુજરાત - ૧૩ માર્ચ, ૨૦૧૮

### પરિચય

સાબરકાંઠા જિલ્લા પંચાયત, ‘ઉન્નતિ’ તથા ‘યુરોપિયન યુનિયન’ના સહયોગથી તા. 13મી માર્ચ, 2018ના રોજ સાબરકાંઠા જિલ્લાની લાંબડિયા પંચાયત, પોશીના સ્થિત એપીએમસી ખાતે ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિન’ (ઇન્ટરનેશનલ વિમેન્સ ડે - આઇડબલ્યુડી)ની ઊજવણી કરવામાં આવી હતી.

આ સંમેલનમાં કુ. સોફિયા ખાન, ડિરેક્ટર - ‘સફર’, અમદાવાદ; કુ. જયા વાઘેલા, ‘ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ લિમિટેડ’નાં ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર; શ્રી મહેશ પટેલ, ‘વિકસત’ના ડેપ્યુટી ડિરેક્ટર; શ્રી કૌશિક મોદી, જીએએસ, ડેપ્યુટી કલેક્ટર અને એસડીએમ ખેડબ્રહ્મા; શ્રી હર્ષ વ્યાસ, આઇએએસ, ડીડીઓ, જિલ્લો સાબરકાંઠા; શ્રી પી. સ્વરૂપ, આઇએએસ, જિલ્લા કલેક્ટર, સાબરકાંઠા; કુ. દીપા સોનપાલ, પ્રોગ્રામ કોઓર્ડિનેટર, ‘ઉન્નતિ’ અને પોશીનાના તાલુકા સ્તરના અધિકારીઓ સહિતના વક્તાઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. સંમેલનમાં આશરે 1100 લોકોએ ભાગ લીધો હતો, જેમાં મહિલા નાગરિક આગેવાનો, લાભાર્થીઓ, આંગણવાડી કાર્યકરો, આશા કાર્યકરો, ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓ, એસએસઓના સભ્યો, એસએચજીના સભ્યો, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ, નજીકની શાળા-કોલેજની વિદ્યાર્થિનીઓ, જિલ્લા અને તાલુકા સ્તરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સમુદાયના સભ્યોનો સમાવેશ થાય છે. આ સંમેલનમાં મહિલા સમુદાય આગેવાનો અને કિશોરીઓએ શિક્ષણ અને આરોગ્યને લગતી યોજનાઓની ઉપલબ્ધતા; મહિલાઓને ચૂડેલ ગણવી, તેમને આત્મહત્યા કરવાની દુષ્પ્રેરણા આપવી વગેરે પ્રકારે તેમની સાથે હિંસા આચરવા સહિતના વિષયો અગે તેમના અનુભવો અને તેમની સામેના પડકારો વિશે વાત કરી હતી. સાથે જ તેમણે મહિલાઓના સશક્તિકરણની જરૂરિયાત, સમૂહો (સંગઠનો)ની રચના અને સંગઠનોને મજબૂત કરીને મહિલાઓના પ્રશ્નોને વાચા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.



સંમેલનના સ્ટોલ્સમાં વિવિધ સરકારી વિભાગોની આઇઇસી સામગ્રી તથા શિક્ષણ, આરોગ્ય, આઇસીડીએસ, ડીસીપીયુજેવી સરકારી યોજનાઓ, કલ્પ (KALP) ઉત્પાદક કંપની લિમિટેડ, વિકસત (ટાટા ટ્રસ્ટ), એપીએમસી અને ઉન્નતિ દ્વારા માહિતી, શિક્ષણ અને સંચાર (આઇઇસી) સામગ્રી પ્રદર્શિત કરવામાં આવી હતી. સહભાગીઓએ નોંધણી દરમિયાન તથા બપોરના ભોજનના સમય દરમિયાન સ્ટોલની મુલાકાત લીધી હતી. લોક સેવા યુવા ટ્રસ્ટ, ઇડરના શ્રી શંકરભાઈ વણકરે મહિલા સશક્તિકરણનાં ગીતો રજૂ કર્યાં હતાં.

### સત્ર-૧: ઉદ્‌ઘાટન

સ્થાનિક આદિવાસી ગીત અને મહિલા સશક્તિકરણ પરના ગીત સાથે સેશનનો પ્રારંભ થયો હતો. ‘ઉન્નતિ’નાં પ્રોગ્રામ કોઓર્ડિનેટર દીપા સોનપાલે વેલકમ એડ્રેસ કર્યું હતું. સહભાગીઓ તથા આમંત્રિત અતિથિઓનો આભાર માનતાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ કાર્યક્રમ જિલ્લા પંચાયત, ‘ઉન્નતિ’ અને ‘ઇયુ’ની સંયુક્ત પહેલ છે. જાતિગત (લિંગ આધારિત) સમસ્યાઓ પર સંગઠનની કામગીરી તથા તાલુકામાં જાહેર યોજનાઓ અંગેની માહિતીની પહોંચમાં સુધારો લાવવા સંગઠન દ્વારા ચાર વર્ષ પહેલાં શરૂ કરાયેલી કામગીરીની સંક્ષિપ્ત વિગતો રજૂ કરવામાં આવી હતી. ‘ઉન્નતિ’ સંગઠન હંમેશા જાતિગત સમાનતા પ્રત્યે કટિબદ્ધ રહ્યું છે અને તે બે દાયકા અગાઉ



રાજ્ય જાતિગત નીતિ (સ્ટેટ જેન્ડર પોલિસી - નારી ગૌરવ નીતિ) ઘડનારી સમિતિનું સભ્ય હતું. એક સંગઠન તરીકે 'ઉન્નતિ' સમાવેશકતા અને ખાસ કરીને વિકાસલક્ષી પ્રક્રિયામાં આદિવાસી, દલિત, લઘુમતી કોમની મહિલાઓ તથા વિકલાંગતા ધરાવતી મહિલાઓની સહભાગીતા બાબતે ચિંતિત રહ્યું છે. અનુભવો સૂચવે છે કે બીપીએલ પરિવારને તેની મૂળભૂત જરૂરિયાતો સંતોષવા માટે દર વર્ષે આશરે ફક્ત 70,000 રૂપિયાની જરૂર પડે છે. જો સરકારી યોજનાઓ સમયસર પ્રાપ્ત થઈ શકતી હોત, તો બીપીએલ પરિવારને દર વર્ષે રૂપિયા 3,00,000 સુધીનો લાભ મળી શક્યો હોત. લાભોની પ્રાપ્યતા આડે ઘણી અડચણો છે, જેને દૂર કરવી જરૂરી છે, પરંતુ સમુદાય દ્વારા માગ ઊભી કરીને આ યોજનાઓ સુધી પહોંચવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે, તો જ આ સમસ્યાનું નિવારણ લાવી શકાય તેમ છે.

અસરકારક રીતે સેવા પૂરી પાડવામાં આવે તે માટે સ્થાનિક સ્તરે ઉત્તરદાયિત્વ અને પારદર્શીતા સુનિશ્ચિત કરવામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકા અત્યંત મહત્વની બની રહે છે. ગુજરાતમાં તાજેતરના 'પેસા' (PESA) નિયમોએ ગ્રામ સભાને અઢળક સત્તા આપી છે, પરંતુઆ મંચમાં મહિલાઓની તદ્દન ઓછી સહભાગીતા જોવા મળે છે. જાહેર ક્ષેત્રે તથા નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની ઓછી સહભાગીતા પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. તે પૈકીનું એક કારણ મહિલાઓ પરનો ભારે કાર્યબોજ છે (મહિલાઓ 17 કલાક સુધી જ્યારે પુરુષો 6-8 કલાક કામ કરે છે).

વક્તાએ યુરોપમાં 18મી સદીમાં મહિલાઓએ નાગરિક તરીકે મતદાનના અધિકારની માગણી સાથે ઐતિહાસિક ચળવળ આદરી તેની સંક્ષિપ્ત વિગતો રજૂ કરી. તે જ સમય દરમિયાન અમેરિકામાં મહિલાઓએ બહેતર કાર્ય સ્થિતિની માગણી કરી. તો આ તરફ ભારતમાં આઝાદી પછી ભેદભાવ-વિરોધી કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા. જોકે, તમામ પગલાંઓ અને પ્રયાસો છતાં, જાતિગત (લિંગ આધારિત) સમાનતાનું લક્ષ્ય પાર પાડવા માટે હજી ઘણી લાંબી મજલ કાપવી બાકી છે. અધિકારીઓનું ઉષ્માભેર સ્વાગત કર્યા બાદ અને મહિલા આંદોલનના ઇતિહાસ અને મહિલા દિનની ઉજવણી પાછળના મહત્વનું સંક્ષિપ્ત વર્ણન કર્યા બાદ કાર્યક્રમની વિગતો ટૂંકમાં આપવામાં આવી હતી. દીપપ્રાગટ્ય કરીને કાર્યક્રમનો ઔપચારિક પ્રારંભ કરવામાં આવ્યો હતો અને ત્યાર બાદ મહિલા સશક્તિકરણનું ગીત ગાવામાં આવ્યું હતું.

## સત્ર–૨: સમુદાયની મહિલાઓના અનુભવોની રજૂઆત

સમુદાયનાં કેટલાંક સ્ત્રી-પુરુષોએ તેમના વિચારો ટૂંકમાં રજૂ કર્યા હતા. નાગરિક આગેવાન મોડાભાઈએ 'લોકાઈ ચારા' જેવી પ્રથાઓમાં સુધારો લાવવાની જરૂરિયાત પર તથા રાજકીય ફલક પર મહિલાઓ ભાગ લેતી થાય તે માટે પુરુષોએ તેમને મદદ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તો, ઊર્જા ઘરનાં સોનલબેને આદિવાસી મહિલાઓએ વેઠવાં પડતાં ચૂડેલ, ડાકણ જેવાં દૂષણો અને આત્મહત્યા જેવાં સામાજિક દબાણો વિશે વાત કરી હતી. તેમણે તાલુકામાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં સુધારો લાવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. સાથે જ તેમણે જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓ માટે 50 ટકા અનામતની જોગવાઈ છે, ત્યારે મહિલા આગેવાનોએ તેમના પતિ અને સસરા ઉપર આધાર ન રાખતાં તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓ જાતે પૂરી કરવી જોઈએ. વિકલાંગતા ધરાવતાં પિંકીબેને વિકલાંગતા માટેનું ઓળખ પત્ર અને બસનો પાસ કઢાવવામાં તેમને થયેલી મુશ્કેલીઓ વર્ણવી હતી. ઓળખ પત્ર અને બસ પાસ કઢાવવા માટે તેમણે હિંમતનગર ખાતે એક ટેબલ પરથી બીજા ટેબલ પર ધક્કા ખાવા પડ્યા હતા. તો, કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી પોશીનાની વિદ્યાર્થિની હંસાબેને સાબરકાંઠાના જિલ્લા કલેક્ટરને તેના ગામથી તાલુકામાં આવેલી કોલેજ સુધી પરિવહનની વ્યવસ્થાની માગણી કરતો પત્ર પાઠવ્યો હતો, કારણ કે કોલેજ જવા માટે તેણે રોજ ચાલીને લાંબી મજલ કાપવી પડતી હતી. આઇટીઆઇમાં ભણતી છાગનીબેને જણાવ્યું હતું કે તેના પિતા બેરોજગાર હોવા છતાં તેમણે પુત્રીને 12મા ધોરણ પછી શિક્ષણ ચાલુ રાખવામાં સહાય કરી હતી. ફક્ત શિક્ષણ જ જીવનની ગુણવત્તામાં સુધારો લાવવામાં મદદરૂપ બનશે. શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી આપણે અન્ય પર નિર્ભર રહેવાની જરૂર નથી પડતી. અવનીબેને તેમને આરએસબીવાય કાર્ડની જાણકારી કેવી રીતે મળી અને ત્યાર બાદ કેવી રીતે તેઓ તેમના પરિવારના આરોગ્યની કાળજી માટે તેના લાભ મેળવી શક્યા તે વિશે જણાવ્યું.

વિજયનગરનાં નાગરિક આગેવાન વિમળાબેને તેઓ કેવી રીતે સમુદાયમાં સરકારી યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવી રહ્યાં છે તેનું



વર્ણન કર્યું હતું. આ ઉપરાંત તેઓ લાભાર્થીઓને યોજનાના લાભો મેળવવા માટે સક્ષમ બનાવી રહ્યાં છે. વિજયનગરનાં અન્ય એક નાગરિક આગેવાન અન્નાબેને આરટીઆઇ હેઠળ અરજી કરવાનો તેમનો અનુભવ વર્ણવ્યો હતો અને જણાવ્યું હતું કે તેમને હજી સુધી તેમની અરજીનો જવાબ મળ્યો નથી. અન્નાબેને જણાવ્યું હતું કે ભારતની તમામ મહિલાઓ દેશની નાગરિક તરીકે આરટીઆઇ હેઠળ અરજી દાખલ કરી શકે છે અને આંગણવાડી, પીડીએસ, એમજીનરેગા અને ગ્રામ પંચાયતો જેવી સરકારી સેવા સંસ્થાઓને સમુદાય માટે ઉત્તરદાયી બનાવી શકે છે. તેમણે ફક્ત પોતાના માટે કે પોતાના પરિવાર માટે નહીં, બલ્કે ભાવિ પેઢીઓ માટે નિડરપણે કામગીરી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, કારણ કે આપણાં બાળકોનું યોગ્ય પોષણ થાય, તેઓ સુશિક્ષિત બને અને ગૌરવપ્રદ જીવન જીવે તે જરૂરી છે. પરિશ્રમ સેવા ટ્રસ્ટ, હિંમતનગરનાં સીએસઓ આગેવાન પક્તિાબેને નાગરિક આગેવાન તરીકે ઘરનો ઊમરો ઓળંગીને મહિલાઓને સહકારી સમાજની નોંધણી કરાવવા માટે સંગઠિત કરવાનો પોતાનો અનુભવ જણાવ્યો હતો. હાલમાં આ સહકારી સંગઠનમાં સમાજના તમામ વર્ગોની 250 મહિલાઓ સામેલ છે. આ સંગઠન કેવળ બચત કરવા પૂરતું સીમિત ન રહેતાં તેણે રોજગારીની તકો પણ ઊભી કરી છે, જેથી મહિલાઓ તેમના જીવન પર નિયંત્રણ મેળવી શકે અને તેમના પોતાના નિર્ણયો લઈ શકે. તેમણે જણાવ્યું હતું કે, "મહિલાઓ અપાર આંતરિક શક્તિ ધરાવે છે અને આ શક્તિનું નિદર્શન કરવું જરૂરી છે. ઘણી મહિલાઓ સંગઠિત થઈને તેમનો અવાજ ઊઠાવે, તો આપણે પર્વતને પણ ઝૂકાવી શકીએ છીએ". "વિજયનગરનાં ભૂતપૂર્વ મહિલા સરપંચ ગંગાબેને જાહેર ફલક પર કાર્ય કરવાનો તેમનો અનુભવ જણાવતાં કહ્યું કે, "જાહેર જીવનમાં પ્રથમ ડગલું માંડવું હંમેશા મુશ્કેલ હોય અને આ જ મુશ્કેલી મેં પણ અનુભવી હતી. બધું તો કોઈને નથી આવડતું હોતું, પણ આપણે શીખવાનો અને તેના પર અમલ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જલેટી જૂથ ગ્રામ પંચાયતમાં મેં સૌ જાણે મારાં સંતાનો હોય તેવી રીતે તેમની સાથે કામ કર્યું હતું. આમ, આપણે આપણાં કાર્યક્ષેત્રમાં શ્રેષ્ઠતમ દેખાવ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ".

## સત્ર-૩: પદાધિકારીઓ દ્વારા સંબોધન

અમદાવાદ સ્થિત સ્વૈચ્છિક સંસ્થા 'સફર'નાં ડિરેક્ટર, સોફિયા ખાને મહિલા દિન નિમિત્તે આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલાઓની સિદ્ધિઓને બિરદાવીને તથા અપૂર્ણ કે બાકી રહેલાં કાર્યોના આયોજન સાથે તેની ઊજવણી કરવાની સુસંગતતા વર્ણવીને તેમના વક્તવ્યની શરૂઆત કરી હતી. તેમણે વર્ષો અગાઉ પોશીના, શામળાજી અને અંબાજીની વર્ષો અગાઉ મુલાકાત લીધી હતી અને અગાઉની રજૂઆતમાં સોનલબેને જણાવેલા મહિલાને ચૂડેલ ગણીને તેના પર હિંસા આચરવાના દૂષણનો પુનરોચ્ચાર કર્યો હતો. આખરે, શામળાજી ખાતે આ દુષ્પ્રથા વિરૂદ્ધ પીઆઇએલ દાખલ કરવામાં આવી હતી. શા માટે મહિલાઓને ચૂડેલ ગણવામાં આવે છે? - આ પ્રશ્ન વિશે આપણે વિચારવું જરૂરી છે કે પછી સમુદાય તરીકે તેને પ્રતિબિંબિત કરવું જરૂરી છે. આદિવાસી પ્રદેશોમાં મહિલાઓને બદનામ કરવાનો હેતુ ધરાવતી આ પ્રકારની કુપ્રથાઓ સામે પ્રશ્નો ઊઠાવવા જરૂરી છે. એવી ગેરમાન્યતા પ્રચલિત છે કે આદિવાસી મહિલાઓએ શહેરી વિસ્તારોની મહિલા જેટલી સમસ્યાઓનો સામનો કરવો પડતો નથી. આ પરંપરાગત રિવાજો અને ગેરમાન્યતાઓ ફક્ત મહિલાઓ માટે જ હાનિકારક છે. ભૂતપ્રેત કે પ્રેતાત્મા અસ્તિત્વ ધરાવતા નથી. આથી, આ દેશમાં કાયદા વ્યવસ્થાનું શરણ લઈને જોખમી પ્રવૃત્તિઓને પડકારવી જરૂરી છે. આપણે આપણી માન્યતાને એ સવાલ પૂછવાની જરૂર છે કે, આ દેશમાં સેંકડો લોકોની હત્યા થાય છે, તો પછી શા માટે તે મૃતાત્માઓ અપરાધીઓ કે વકીલોનાં શરીર પર કબ્જો નથી જમાવતા? આપણે આપણા દિમાગમાં એ હકીકત ઊતારી લેવાની જરૂર છે કે પૃથ્વી પર ભૂત કે પ્રેતાત્મા જેવાં તત્વો અસ્તિત્વ ધરાવતાં નથી. આ સંમેલનનો હેતુ સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણને ઉજાગર કરવાનો છે. જો શાંતિ સ્થપાશે, તો જ વિકાસ અસરકારક બની રહેશે અને શાંતિ ત્યારે જ પ્રવર્તશે, જ્યારે ન્યાય સ્થપાશે અને જ્યાં સમાનતાનું વર્ચસ્વ હોય, ફક્ત ત્યાં જ ન્યાય શક્ય છે.

સમાનતાનો પ્રારંભ ઘરેથી પરિવારના સભ્યો વચ્ચેના સંબંધોથી થાય છે. જો પરિવારમાં જ શોષણ અને અસમાનતાપૂર્ણ વ્યવહાર થતો હોય, તો ઘરની બહાર અસમાનતા સામે કેવી રીતે વાંધો ઊઠાવી શકાય? પરિવર્તનની શરૂઆત સ્વયંથી થાય છે. આજે આપણે સૌ અહીં એકઠાં થયાં છીએ, તો ચાલો, આપણે શપથ લઈએ કે નાગરિક તરીકે સમાનતાના અધિકારની માગણી કરતાં પહેલાં આપણે આપણા પરિવારોમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે સમાન સંબંધો સુનિશ્ચિત કરીશું. આપણે કાનૂન વ્યવસ્થાની અંદર રહેલી અને ખાસ કરીને



પોલીસ ખાતાની માનસિકતામાં બદલાવ લાવીને તેમાં સકારાત્મકતા લાવવાની જરૂર છે કે, આદિવાસી, મુસ્લિમ, દલિત અને ગરીબ મહિલાઓએ વેઠવી પડતી મુશ્કેલીઓ વાસ્તવિક અને સાચી છે, તેનો ઉકેલ લાવવો જરૂરી છે. આથી, તમામ વિભાગોને તેમના અધિકારીઓ માટે સંવેદનશીલતાલક્ષી કાર્યક્રમો ચાલુ કરવાની ભારપૂર્વક વિનંતી કરવામાં આવે છે.

આ દેશના તમામ કાયદાઓ તમામ નાગરિકો સુધી સમાન ધોરણે પહોંચે તે જરૂરી છે. ભારતીય બંધારણ આપણા દેશનાં તમામ ગરીબો અને મહિલાઓને વિના મૂલ્યે તમામ કાનૂની સહાય પૂરી પાડવાની બાંહેધરી આપે છે. આ માટેનું અરજી ફોર્મ તાલુકા સ્તરની અદાલતમાંથી મળી રહે છે. એક વખત અરજી ભરીને સુપરત કરવામાં આવે, તેના આઠ દિવસની અંદર અરજીકર્તા કે ફરિયાદીને નિર્દિષ્ટ વકીલ સાથેનો પત્ર પાઠવવામાં આવે છે. ત્યાર બાદ અદાલતમાં કેસ દાખલ કરી શકાય છે. એક એવી ગેરસમજૂતી પ્રવર્તે છે કે નિશ્ચિત કાયદાઓ આદિવાસી મહિલાઓ માટે લાગુપાત્ર હોતા નથી. પરંતુ હું જણાવવા ઈચ્છું છું કે ઇન્ડિયન પીનલ કોડ (આઇપીસી) હેઠળ આ દેશના તમામ કાયદાઓ તમામ મહિલા નાગરિકોને લાગુ પડે છે અને આપણે સૌ એફઆઇઆર દાખલ કરી શકીએ છીએ. આઇપીસી 125 હેઠળ, કોઈ પુરુષની પ્રથમ પત્ની પોતાના માટે તથા પોતાનાં 18 વર્ષ કરતાં ઓછી વયનાં સંતાનો માટે પતિ વિરૂદ્ધ કેસ દાખલ કરીને ભરણ-પોષણની માગણી કરી શકે છે. આમ, આપણા દેશની સરકાર અને કાયદાઓ જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા માટે ઘડવામાં આવ્યા છે, તો પછી શા માટે તેમનો ઉપયોગ ન કરવો? મારૂં સૂચન છે કે આ પ્રદેશની મહિલાઓ તેમની પોતાની ક્ષમતા ઊભી કરે અને તેમનું પોતાનું ન્યાય પંચ રચે. આપણે સૌ ગૌરવપ્રદ જીવન જીવવા ઈચ્છીએ છીએ, જે માટે સૌપ્રથમ આપણે સંતોષપ્રદ જીવન જીવવાનું સ્વપ્ન સેવવાનું શરૂ કરવું જોઈએ. આપણે સૌએ પ્રગતિ/વિકાસ માટે સામૂહિક સ્તરે દબાણ ઊભું કરવાની જરૂર છે. આજે, જ્યારે આપણે ઘરની બહાર નીકળીને અહીં આ પ્રસંગ માટે એકત્રિત થયાં છીએ, ત્યારે હું તમામ મહિલાઓ અને છોકરીઓને આગળ વધવાનું, તાલુકા સુધી પહોંચવાનું, જિલ્લા સ્તરે હિંમતનગર પહોંચવાનું, તેનાથી આગળ વધીને રાજ્ય સ્તરે અમદાવાદ સુધી પહોંચવાનું અને પછી વિશ્વ સ્તરે પહોંચીને ન્યાયની માગણી કરવાનું અને પોતાનાં સ્વપ્નો સાકાર કરવાનું ઉત્તેજન આપું છું.

સાબરકાંઠા જિલ્લાના વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાસે વક્તવ્યનો પ્રારંભ કરતાં જણાવ્યું હતું કે, મહિલાઓ વ્યાપક સ્તરે એકઠી થતી હોય તેવા આ પ્રકારના કાર્યક્રમો આવા પછાત પ્રદેશોમાં મહિલાઓમાં જાગૃતિ ફેલાવવામાં મહત્વના બની રહે છે. તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ સરકારી વિભાગો દ્વારા ભજવાતી ભૂમિકાની પૂર્તિ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. જ્યાં સરકારી વિભાગની ભૂમિકા પૂરી થાય છે, ત્યાંથી સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા શરૂ થાય છે.

જિલ્લા વહીવટી તંત્રએ કુપોષણની સમસ્યાને દૂર કરવાની જવાબદારી પોતાના શિરે લીધી છે. બાળકની જરૂરિયાતો તથા તેના વિકાસ પર ધ્યાન આપવાની જવાબદારી તેને જન્મ આપનાર માતા તથા આંગણવાડી કાર્યકરોની છે. બાળક તથા ગર્ભવતી મહિલાઓના પોષણ સ્તરમાં સુધારો કરવાનો હેતુ ધરાવતી ઘણી યોજનાઓ મોજૂદ છે. તમામ ગર્ભવતી મહિલાઓ વિના મૂલ્યે સંસ્થાકીય પ્રસૂતિ કરાવવાનો તથા બાળકનો જન્મ થયા બાદ માતા રાખવામાં આવતી સંભાળ મેળવવાનો અધિકાર ધરાવે છે. તમામ સરકારી વિભાગો સમુદાયને તેમની સેવાઓ પૂરી પાડવા માટે આતુર છે. અહીં ઉપસ્થિત જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયત સ્તરના તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ખાસ વિનંતી કરવામાં આવે છે કે તેઓ આંગણવાડીની કામગીરીની નિયમિતતા સુનિશ્ચિત કરે. સમુદાય સ્તરે સેવા પૂરી પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવાની ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સમુદાયના સભ્યોની ફરજ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી અધિકારીઓ બહારની વ્યક્તિઓ છે અને તેઓ પ્રસંગોપાત તાલુકાની મુલાકાત લેતા હોવાથી તેમની ભૂમિકા મર્યાદિત હોય છે. જ્યારે, જાહેર યોજનાઓ તથા સેવાઓના લાભ વિશે જાણકારી મેળવવા માટે અને લાભ પ્રાપ્ત કરવા માટે સમુદાયનો સહકાર જરૂરી બની રહે છે. આંગણવાડીઓમાં આવતાં બાળકો આપણાં બાળકો છે. એક વાર કોઈ ગર્ભવતી મહિલાની આંગણવાડીમાં નોંધણી થાય, ત્યાર પછી તે મહિલા અને તેનું બાળક સેંકડો સરકારી યોજનાઓના લાભ મેળવવાના હકદાર બની જાય છે. આ લાભોને જો નાણાંકીય દ્રષ્ટિએ મૂલવવામાં આવે, તો તેનું મૂલ્ય કરોડો સુધી પહોંચે છે. આંગણવાડીના કાર્યકર સાથે સંબંધો કેળવવા વિશે ન વિચારો, તેને સ્થાને એવું વિચારો કે જો આંગણવાડી નિયમિતપણે નહીં ખૂલે અને બાળકોને સેવા પૂરી નહીં પાડે, તો આપણાં બાળકો વંચિત રહી જશે.



જો સેવા પૂરી પાડવા અંગે કોઈ ફરિયાદ હોય, તો વિભાગોનું તે તરફ ધ્યાન દોરવું. અમારા ઘણા અધિકારીઓ અવાર-નવાર તાલુકાની મુલાકાત લેતા હોય છે અને જો તમને વહીવટી તંત્ર પર વિશ્વાસ હોય, તો પછી ગેરરીતિ કે ગેરવ્યવસ્થા વિશે અમને ચોક્કસ જાણ કરવી જોઈએ. આ મુદ્દો સમજવામાં હું નિષ્ફળ ગયો છું. સમુદાય દ્વારા મળતી ફરિયાદોનું નિરાકરણ લાવતાં અમને આનંદ થશે.

સાબરકાંઠાના જિલ્લા કલેક્ટર, આઇએએસ શ્રી પી. સ્વરૂપે વક્તવ્યના પ્રારંભે જણાવ્યું હતું કે, પોશીનાને ત્રણ વર્ષ પહેલાં જ તાલુકાનો દરજ્જો મળ્યો હોવાથી તે માતા-પિતાના સૌથી નાના સંતાન જેવું છે. તે ઉછેર પામી રહેલા એવા બાળક જેવું છે કે જે કોઈપણ પ્રકારની માગણી નથી કતું કે કશું જ કહેતું નથી. સાંસ્કૃતિક રીતે, પોશીનાનાં લોકો ઓછું બોલે છે અને તેમની માગણીઓ કે ફરિયાદો રજૂ નથી કરતાં. અધિકારીએ આ તાલુકાની અનેક મુલાકાતો લીધી છે અને તેમના પ્રશ્નોની સમજૂતી મેળવીને તેનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન કર્યો છે. ડીડીઓ સાહેબે આંગણવાડીની નિયમિત કામગીરીનો પ્રશ્ન યોગ્ય જ ઊઠાવ્યો છે. જો આંગણવાડીઓ બપોરે 12 વાગ્યે ખૂલે અને એક વાગ્યે બંધ થઈ જાય, તો તેઓ સમુદાય પ્રત્યેની તેમની જવાબદારી કેવી રીતે નિભાવશે? વળી, સમુદાય તેની ફરિયાદો પણ જણાવવા ઈચ્છતા નથી, આથી, અમે પગલાં ભરવા માટે અસમર્થ છીએ. યાદ રાખો, રડતા બાળકને જ ચોકલેટ મળે છે! આથી, માગ ઊભી કરવી જરૂરી છે. વધુને વધુ માગણી કરશો, તો તમને અમુક ભાગ મળશે. આથી, હું તમને વિનંતી કરૂં છું કે તમારી ફરિયાદો મોકલો. તેનું નિવારણ લાવવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયત્નો કરીશું.

આ વિસ્તારમાં ઘણા સામાજિક રિવાજો પ્રચલિત છે. જેમ કે, કોઈના અવસાન સમયે, 'રૂમાલ પ્રથા' પાળવામાં આવે છે. સજા આપવા માટે 'ચધોરુ' નામનો સામાજિક રિવાજ છે, અને જ્યારે કોઈ વ્યક્તિ માંદી પડે, ત્યારે તેને 'ભૂવા' પાસે લઈ જવામાં આવે છે. તમે ભૂવા પાસે ભલે જાઓ, પણ મહેરબાની કરીને પહેલાં ડોક્ટર પાસે જાઓ. તમામ સરકારી વિભાગોએ બે બાબતો પર દેખરેખ રાખવી જરૂરી છે. પ્રથમ તો, કોઈ પણ માતાનું વજન 45 કિલો કરતાં ઓછું ન હોવું જોઈએ. આંગણવાડીઓ અને એફપીએસ પાસે વજન કરવાનાં મશીન ઉપલબ્ધ છે. જો ગર્ભવતી મહિલાનું સ્વાસ્થ્ય નબળું હશે, તો આવનારૂં બાળક અને તેની ભાવિ પેઢીઓ પણ નબળી રહેશે. બીજું, કે માતાનું હિમોગ્લોબિન સાત કરતાં ઓછું ન હોવું જોઈએ. અમે પ્રસૂતિ દરમિયાન જીવ ગુમાવવાનું ઊંચું જોખમ ધરાવતી 6000 માતાઓની યાદી તૈયાર કરી છે. ઓટોપ્સી કે માતાના મૃત્યુ પાછળનાં સૌથી સામાન્ય કારણોમાં 18 વર્ષ કરતાં નાની વયની ગર્ભવતી



માતાઓ, માતાનું વજન 45 કિલો કરતાં ઓછું હોવું અને હિમોગ્લોબિનનું પ્રમાણ 7 કરતાં ઓછું હોવાનાં કારણોનો સમાવેશ થાય છે. ઉપરોક્ત ત્રણેય કારણોને નિવારી શકાય છે અને આપણે આ ક્ષેત્રે કાર્ય કરી શકીએ છીએ. આપણે કુપોષિત છીએ આથી આપણે ગરીબ છીએ - આ ગેરમાન્યતા છે. આ માટે આંગણવાડીઓ દ્વારા આપવામાં આવતું પોષણયુક્ત ભોજન આરોગવું જોઈએ. બીજું કે, આપણે આપણા પ્રદેશમાં પરંપરાગત રીતે ઊગતાં ખાદ્યાન્નનું સેવન કરવું જોઈએ. 'યુનિસેફ'ના અભ્યાસ અનુસાર, ખોરાકના સેવનનું પ્રમાણ ઓછું હોવાથી કુપોષણની સમસ્યા સર્જાય છે. આપણે યોગ્ય પ્રમાણમાં ખોરાક લેવો જોઈએ - જો આપણે બે રોટલી ખાતાં હોઈએ, તો ત્રણ ખાવી જોઈએ અને ત્રણ ખાતાં હોઈએ તો ચાર ખાવી જોઈએ.

આદિવાસી તાલુકાઓમાં 'દૂધ સંજીવની'ની યોજના અમલી છે, જેના ભાગરૂપે આંગણવાડીઓમાં તથા શાળાઓમાં દૂધ આપવામાં આવે છે. વચ્ચે બે મહિના માટે આ યોજનાને સ્થગિત કરી દેવાઈ હતી. ન તો સરકારી વિભાગમાંથી કોઈ વ્યક્તિએ આ વિશે મને જાણ કરી કે ન તો કોઈ પણ આંગણવાડી કાર્યકર, એફએચડબલ્યુ, શાળા/શિક્ષણ વિભાગે મને આ વિશે જણાવ્યું. જ્યારે મેં સ્થાનિક સ્તરે આ પ્રકારના કાર્યક્રમમાં હાજરી આપી, ત્યારે આ બાબત તરફ મારૂં ધ્યાન દોરવામાં આવ્યું. ત્યાર બાદ, દસ દિવસની અંદર આ યોજના ફરી શરૂ કરવામાં આવી. આમ, ભંડોળ ઉપલબ્ધ છે અને ઈચ્છાશક્તિ પણ છે, પરંતુ કેટલીક અડચણોને કારણે અમલીકરણમાં ખામી સર્જાય છે. તાજેતરમાં જ મધ્યાહન ભોજનમાં ચણા પીરસવામાં આવતા નહોતા. આવી ખામીઓ વિશે અમને જાણ કરવી જરૂરી છે. પછાત તાલુકાઓમાં છેવાડા સુધીના જોડાણની સમસ્યા સર્જાય છે. પરંતુ, આ તમામ પ્રશ્નો અમારા ધ્યાન પર લાવવી જોઈએ. માગનું સર્જન કરવું જરૂરી છે. આ ઉપરાંત 'ઉજ્જ્વલા યોજના' નામની અન્ય એક યોજના છે. આ સ્થળે ગેસના સિલીન્ડરના ઉપયોગના નિદર્શન

માટેનો સ્ટોલ આવેલો છે. પોશીના આ જિલ્લાનો સૌથી નાનો અને છેલ્લો તાલુકો છે, પરંતુ તે લાભાર્થીઓની સૌથી વધુ સંખ્યા ધરાવે છે. આ યોજનાઓનો લાભ લેવા બાબતે ભારે ઉદાસીનતા પ્રવર્તે છે. હવે, જરૂરિયાત ન હોવાથી અમારે ભંડોળ પરત મોકલવું પડે છે. આ ઉપરાંત અમારે ઉપરી સત્તાધિશોને પણ જવાબ આપવાનો રહે છે. જો ગેસના સિલીન્ડરના ઉપયોગ બાબતે ગેરસમજૂતી કે ગેરમાન્યતાઓ પ્રવર્તતી હોય, તો અમે તે અંગે અહીં નિદર્શન કરી રહ્યાં છીએ. જે પરિવારોનાં નામ લાભાર્થીઓ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યાં છે, તે તમામ પરિવારોને ગેસ સિલીન્ડર સ્વીકારવાની વિનંતી કરવામાં આવે છે. આ માટે તદ્દન નજીવું યોગદાન આપવાનું છે.

કલેક્ટરે તેમના વક્તવ્યના અંતે મહિનાના છેલ્લા સપ્તાહે તાલુકામાં યોજનારા વિકલાંગતા શિબિરની જાહેરાત કરી હતી. સાથે જ તેમણે પરિવાર નિયોજન (ફેમિલી પ્લાનિંગ) વિશે પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સાબરકાંઠામાં જાતિ ગુણોત્તર 897:1000 જીવિત જન્મ (લાઇવ બર્થ) છે. જોકે, આ સમસ્યા પોશીનાને લાગુ પડતી નથી. દરેક પરિવારમાં ઘણાં બાળકો છે, પરંતુ જો આપણે પૂછીએ કે બાળક કયા ધોરણમાં ભણે છે, તો કોઈ જવાબ મળતો નથી. આપણી પાસે ઓછી જમીન છે, આજીવિકા અને આવકનો મર્યાદિત સ્રોત છે અને જો આપણી મિલકતો આપણાં બાળકોમાં વહેંચવામાં આવે, તો દરેક બાળકના ભાગે નજીવો હિસ્સો આવશે. આ ઉપરાંત આપણે દારૂના વ્યસનમાંથી મુક્તિ મેળવવાના કાર્ય પર પણ ધ્યાન આપવાનું છે.

હું કહેવા માંગું છું કે કલેક્ટર તરીકેના મારા કાર્યકાળ દરમિયાન પાંચ પુલના બાંધકામને મંજૂરી આપવામાં આવી છે અને પોશીના ખાતે આ પુલ બાંધવામાં આવી રહ્યા છે. ઇન્ટરનેટના જોડાણની સમસ્યા આગામી બે મહિનામાં દૂર થઈ જાય તેવી શક્યતા છે. આ ઉપરાંત અન્ય નવી મંજૂર કરાયેલી યોજનાઓમાં ડેરી ઉત્પાદન અને લિફ્ટ ઇરિગેશનનો સમાવેશ થાય છે. જ્યારે, શિક્ષણ માટે ચંદ્રાણા ખાતે આશ્રમ શાળાને મંજૂરી આપવામાં આવી છે. પીવાના પાણી માટે 136 કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી મળી છે અને તુલાકાનાં અડધાં ગામોને શહેરોની માફક પાઇપલાઇન વાટે પાણી મળશે અને આમ, હેન્ડ પમ્પ દ્વારા પાણી નહીં ખેંચવું પડે. આંગણવાડી નિયમિત ધોરણે ચાલવી જોઈએ. આંગણવાડીઓ ખાનગી મિલકત નથી, બલ્કે જાહેર સેવાનો ભાગ છે આથી, તે સૂચિત કર્યા પ્રમાણે નિયમિતપણે ચાલવી જોઈએ.

'વિકસત'ના ડેપ્યુટી ડિરેક્ટર શ્રી મહેશ પટેલે પોશીનામાં 'વિકસત'ની ભૂમિકા વિશે વાત કરી હતી. વિકસતનો ઉદ્દેશ્ય સમુદાયના પાણી, વન અને જમીનના અધિકારોનું રક્ષણ કરવાનો અને સમુદાયને તેમની આજીવિકામાં વૃદ્ધિ કરવા માટે સક્ષમ બનાવવાનો છે. તેના ભાગરૂપે, મહિલા જૂથોની બચત અને ધિરાણ સ્વરૂપની મંડળીઓ બનાવવામાં આવી છે અને તેમની આજીવિકાને સુદ્રઢ થાય તે માટે ઊપજનું વેચાણ કરવા એક કંપનીની નોંધણી કરવામાં આવી છે.

'ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ લિમિટેડ'નાં ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર કુ. જયાબેન વાઘેલાએ સમાપન સંબોધન કર્યું હતું અને તેમણે મહિલાઓને 'ઊઠો! જાગો!'નું આહવાન કર્યું હતું. સૂત્ર પોકારીને તેમણે સમૂહ તરીકે સંગઠિત થવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મહિલાઓને વર્ષના 365 દિવસમાંથી ફક્ત એક દિવસ આપવામાં આવ્યો છે. પણ, આપણે શા માટે તેની સામે અવાજ નથી ઊઠાવતાં? શા માટે અમને ફક્ત એક જ દિવસ આપવામાં આવ્યો છે? આજેઅગાઉનાં વક્તાઓએ પણ એ જ પ્રશ્ન પૂછ્યો હતો કે આપણે શા માટે અવાજ નથી ઊઠાવતાં? આપણે અવાજ ઊઠાવવાની, આપણી માગ રજૂ કરવાની જરૂર છે. આપણા માટે ઘણી સરકારી યોજનાઓ મોજૂદ છે, પણ આપણે તે યોજનાઓના અમલીકરણ માટે અવાજ નથી ઊઠાવતાં કે તેની માગણી નથી કરતાં. આપણે બેન્ક જવા માટે, વિવિધ સરકારી વિભાગો પાસેથી સેવાઓની માગણી કરવા માટે, આંગણવાડીની મુલાકાત લઈને આપણા અધિકારો માટે માગણી કરવા માટે સુમાહિતગાર હોઈએ, તે જરૂરી છે. માગણી કરવા સક્ષમ બનવા માટે સુમાહિતગાર અને સજાગ હોવું આવશ્યક છે. અહીં ઉપસ્થિત મોટા ભાગની સહભાગીઓ માતા છે. જો માતા તરીકે આપણે કુપોષિત હોઈશું, તો આપણાં બાળકો પણ કુપોષણનો શિકાર બની શકે છે. આદિવાસી સમાજના પછાતપણા પાછળનું એક કારણ તેમનું નબળું કે નાદુરસ્ત આરોગ્ય પણ છે. આદિવાસી સમાજ પ્રગતિ સાધે, તે માટે અહીં બેઠેલાં આપણે સૌએ સુમાહિતગાર થવા માટે અને માગણીઓ રજૂ કરવા માટે સજાગ અને સશક્ત થવું જરૂરી છે. આથી, હું સૌને આગળ વધીને વિકાસનો દોરીસંચાર આપણા હાથમાં લઈને આગેકૂચ કરવાની વિનંતી કરૂં છું.

અંતમાં તમામ પદાધિકારીઓ, સહભાગીઓ અને ગામની મહિલાઓ, વિવિધ સીએસઓ અને સરકારી વિભાગોનાં તમામ અતિથિઓ, સ્ટોલ્સ મૂકનાર સંસ્થાઓ/વ્યક્તિઓ, આયોજન સ્થળના વહીવટી તંત્ર અને આયોજન જૂથનો આભાર માનવામાં આવ્યો હતો. ■

## એનજીઓની બોર્ડ મિટિંગમાં ધ્યાનમાં રાખવાની બાબતો

એનજીઓ બોર્ડે ખંત અને ધૈર્યપૂર્વકની મહેનતને બિરદાવવાની સાથે-સાથે કાર્યદેખાવ અને માપદંડમાં સુધારો લાવવા માટે પણ સમય ફાળવવો જોઈએ. બોર્ડની બેઠક દરમિયાન બોર્ડ એક્ઝિક્યુટિવ/મેનેજમેન્ટ સાથે સંવાદ સાધવાની સાથે પ્રસંગોપાત ક્ષેત્ર મુલાકાત કરે છે, જે બોર્ડની બેઠકને અસરકારક બનાવવા માટે જરૂરી છે. દરેક બોર્ડ મિટિંગની કાર્યસૂચિમાં નીચેના મુદ્દાઓ નિયમિતપણે હોઈ શકે છે. એકેઆરએસપી-આઇના શ્રી અપૂર્વ ઓઝાએ બોર્ડ મિટિંગ હાથ ધરવા દરમિયાન નવ મુદ્દાઓ રજૂ કર્યા હતા, જે નીચે મુજબ છેઃ

1. તમામ કાયદાકીય પૂર્તતા અને તેમની સમય મર્યાદા અંગે વાર્ષિક અપડેટ
2. એચઆર/ઓડી અપડેટ, જે જાતિગત (લિંગ આધારિત) ગુણોત્તર અને નેતૃત્વ વિકાસ અંગેની માહિતીનું આદાન-પ્રદાન કરે છે.
3. સંગઠનની સાતત્યપૂર્ણતા માટેનું આયોજનઃ ભંડોળ અથા અસ્કયામતો અથવા આવકનાં સ્રોતો.
4. દાતાઓનો ખંતઃ એવી ઘણી કંપનીઓ અને ધર્માદા સંસ્થાઓ છે, જેઓ એનજીઓ માટે પ્રતિષ્ઠિત જોખમ ધરાવે છે. આદર્શ પ્રક્રિયા કે જે ભંડોળ મેળવવાની ઊતાવળ ખોટા ભાગીદારો પસંદ કરવાનું જોખમ ન ખેડે તે સુનિશ્ચિત કરવા માટે બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલી કે બોર્ડનો સમાવેશ કરતી આદર્શ પ્રક્રિયા.
5. સ્ટાફના સભ્યો દ્વારા વિષય/ભૂગોળ પર નિયમિત રજૂઆતો. તેનાથી બોર્ડ વૃદ્ધિ પામી રહેલા સંગઠનનાં વિવિધ પાસાંઓ સમજી શકે છે અને સાથે જ આ પ્રવૃત્તિ સ્ટાફની સજ્જતા માટે પણ આવકાર્ય છે.
6. વાર્ષિક હિસાબો દરમિયાન વૈધાનિક ઓડિટરોનો બોર્ડ સાથે રૂબરૂ સંવાદ, ખાસ કરીને ઓડિટ/નાણાં સમિતિ સાથે વાર્ષિક હિસાબોના અંતિમ સ્વરૂપ સમયે.
7. સ્ટાફની ફરિયાદના નિવારણ, કાર્ય સ્થળે જાતીય સતામણી, પૂર્વગ્રહને લગતા પ્રશ્નો, રાજકીય દબાણ/હસ્તક્ષેપ વગેરે સહિતના હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારના નોંધપાત્ર બનાવો અંગે અપડેટ કરવું.
8. પ્રોજેક્ટ/કાર્યક્રમોના તમામ આંતરિક/બાહ્ય આકારણી અહેવાલોનું આદાન-પ્રદાન કરવું.
9. વિવિધ ભૌગોલિક પ્રદેશોને આવરી લેતી ફરજિયાત વાર્ષિક ક્ષેત્ર મુલાકાત.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬

ફેક્સઃ ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલઃ sie@unnati.org વેબસાઈટઃ **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલયઃ ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૧૪, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલઃ jodhpur_unnati@unnati.org



આ બુલેટિનનાં લેખોમાં મંતવ્યો લેખકોના વ્યક્તિગત છે.



**દીપા સોનપાલ**, ઈ-મેલઃ sie@unnati.org, **રમેશ પટેલ**, ઈ-મેલઃ publication@unnati.org



મુદ્રણઃ પ્રિન્ટવિઝન, અમદાવાદ.

**ફક્ત અંગત વિતરણ માટે**



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે 'વિચાર'માં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.